રપાને સાદું જ્ઞાન.

મુલ્ય. રૂ. ૦-૪-૦

શાંત ને સાદું જીવન.

એટલે

જીવનમાં શાંતિ માટે સાદી ને ઉપયોગી સલાહ.

મધ્યમ સ્થિતિના જુવાન સ્ત્રી પુરૂષોના હિતાર્થે.

યોજક તથા પ્રકાશક—
ભગવાનદાસ ભુખણદાસ પટેલ.
(પ્રાઇમરી સ્કુલના પેન્શનર હેડ માસ્તર)
હાલ નિવાસ, સુરત—ગુર્જર ફળિયું.

સંવત ૧૯૭૧ ઈ. સ. ૧૯૧૫.

મુલ્ય રૂા. ૦-૪-૦

છપાવી પ્રસિદ્ધ કરનાર—
ભગવાનદાસ ભુખણદાસ પટેલ
સુરત-ગુર્જર ફળીઉ

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—
ગુર્જર ફળીઉ-સુરત

છાપનાર—ઠાકોરદાસ માનસીંગ
છાપવાનું ઠેકાણું—"જૈન વિજય પ્રિન્ટિંગ પ્રેસ"
ચૌટાના પુલ ઉપર-સુરત.

શાંત ને સાદું જીવન.

વિષયાનુક્રમ.

શુદ્ધિપત્રક.

પૃષ્ટ.	લીટી	અશુદ્ધ	શુદ્ધ
ગ્રહસમર્પણ.	૬	तवं	तव
,,	૯	बंधतात्	बधनात्
૨	૪	પૂજ	પૂજ્ય
૩	૭	પ્રાજાત્પ	પ્રાજાપત્ય
૪	૧૦	પુસ્તકોમાં	પુસ્તકો
૧૦	૪	પારમાાથક	પારમાર્થિક
૧૪	૧૬	સધ ધમાં	સબ ધમાં
૧૫	૧૨	પ્રાંત કાળે	પ્રાતઃકાળે
૨૨	૪	ગ દવાડથાં	ગ દવાડમાં
,,	,,	એ	એમા
૨૭ છેડેથી	૪	વતન	વર્તન
૩૪ આરભથી	૬	પુસ્તકોદ્ધારે	પુસ્તકોદ્ધારે
૩૬	૧૨	પરતુ	પર તુ
૫૪	૧૪	લાટ	લોટ
૫૮	૮	વીર્યતી	વીર્યથી
૬૩	૨	વધારે	વધારો
૬૯	૧૨	મારા	મારાં

૭૫	૧૦	ક્રીત્તિ	ક્રીત્ત
૭૬	૨	શ્રેયસ્કાર	શ્રેયસ્કર
૮૫	૧૩	લક્ષ્મ	લક્ષ્મી
૧૦૨	છેડેથી ૩	બ્રાહ્મ	બ્રહ્મ
૧૦૩	૧૨	નિર્મળ	મમતા રહિત
૧૦૪	૭	कहश्चि	कश्चिद
૧૦૯	૧	અનદર	અનાદર
૧૦૯	છેલ્લી	શાત	શાંતિ

ॐ

પ્રસ્તાવના.

હાલના વૈભવી ને ખરચાળ સમયમાં સાધારણ મનુષ્યને પોતાનો ગૃહસ્થાશ્રમ ચલાવવો બહુ મુશ્કેલ થઇ પડે છે એવા માણસને સાદાઇને જાત મેહેનતથી પોતાનું ઘર ચલાવવાની બહુ જરૂર છે. શાંત ને સાદી જીંદગી ગાળવાની ઉપયોગી સલાહ આ પુસ્તકમા દર્શાવી છે. જાગીરદાર, વતનદાર, શેઠ શાહુકારને મોટા અમલદારો વગેરે પોતાની સારી પેદાશને લીધે મોટા ખરચથી રહી શકે છે કારીગર તથા નોકર ચાકરો ને મજુર વર્ગ પોતાના રોજ તથા મજુરીના દર સમય પ્રમાણે વધારતા જાય છે ને મોજ ભોગવે છે વચલો એટલે મધ્યમ સ્થિતિના માણસોનો વર્ગ બહુ તગી ને વ્યાકુળતામાં ગુજારો કરે છે, એમના લાભાર્થે આ પ્રવૃત્તિ કરી છે. લેખક પોતે વચલા વર્ગનો હોવાથી તેને શ્રીમત સ્થિતિના ગૃહસ્થના વૈભવનો અનુભવ નથી. એક અનુભવી કવિ જણાવે છે કે,—

રાંક જાત તે રત્ન શું ઓળખે, આખર ચૈતન ચાકરનો,
ગરીબ તણે ઘેર પેટ ભરે તે, ઠાઠ શું જાણે ઠાકરનો;
મેરુ તણો મહિમા નવ દીઠો, કરે વખાણ તે કાંકરનો,
ખાખરની ખીલોડી અંગદ, સ્વાદ શું જાણે શાકરનો

વાહુવારે શામળ, તારા પછી બસે વર્ષે થનાર મારા જેવાને બરાબર લાગુ પડે એવુ આ કથન કરવા માટે તને ધન્ય છે. આવી સ્થિતિના સબબથી વચલા વર્ગના માણુસના હિત ઉપર દૃષ્ટિ રાખીને આ પુસ્તક લખાયુ છે. પરતુ શ્રીમંત વર્ગના માણુસોના હાથમાં આ પુસ્તક દૈવ યોગે આવી પડે અને એ વાંચવામાં થોડો સમય ગાળે તો તેમને પણુ ઉપયોગી થઇ પડે એવી સલાહ મળ્યા વિના રહેશે નહિ.

મનુષ્યની જીંદગીના ચાર આશ્રમો પૈકી ગૃહસ્થાશ્રમમાં પોતાના કર્તવ્ય તથા વ્યવહાર માટે દ્રવ્યની વિશેષ જરૂર પડે છે; માટે તે આશ્રમ સાહાઇથી ચલાવવા ઉપર વિસ્તારથી લખાયું છે ને બીજા આશ્રમો સંબધી માત્ર દિગ્દર્શન કરાવ્યું છે.

ગૃહસ્થાશ્રમમાં ધર્મસાર ને જ્ઞાનમાર્ગ વિષે લખવામાં આવ્યું છે, એ વિષયમાં પ્રાચીન કાળથી અદ્યાપિ પર્યંત મોટા મોટા જ્ઞાની ને વિદ્વાનો તરફથી લખાયું છે ને લખાય છે તોપણુ તેનો પૂર્ણ પ્રકાશ થયો નથી. તો પછી મારા જેવા નવા પ્રવેશકે એમાં ઉતરવું એ બાળકે આભને પોતાની બાથમાં લેવાની ઇચ્છા કરવા જેવું છે, પણ ગૃહસ્થાશ્રમીનું ધર્મ માર્ગ તરફ વલણુ થાય તો પછી પોતાની

રૂચિ પ્રમાણે તે સંબધી પુસ્તકોના વાંચનથી વિશેષ માહીતી મેળવે એવા હેતુથી એ વિષય લખાયો છે. આ ધર્મસારના પ્રકરણમાં શ્રીમદ્ ભગવદ્ગીતાના તથા મહાત્માના વચનો તેમની કૃપા પ્રસાદી રૂપે લઈને પ્રમાણ તરીકે આપવામાં આવ્યાં છે,

પ્રાણિ માત્રનો જીંદગીના આરંભથી તે અંત સુધી શાંતિને માટે પ્રયત્ન હોય છે. એ શાંતિ સેંકડો, હજારો, લાખો ને કરોડો રૂ. ખરચતાં પણ પ્રાપ્ત થતી નથી. જો ધનથી પ્રાપ્ત થતી હોત તો ધનવાન માણસો હંમેશાં શાંતિમાં રહેત. પરતુ ઘણીવાર જોવામાં આવે છે કે ધનવાન માણસો વિશેષ ચિંતાતુર ને વ્યાકુળતાવાળા જોવામાં આવે છે. ઇચ્છાનુસાર આહાર, ઉત્તમ વસ્ત્રાલંકાર, કીમતી વાહનો ને મોટા મેહેલ વગેરે બાહ્ય વૈભવને અવિવેકી મનુષ્યો શાંતિનું સાધન માને છે. પણ તે કેવળ ભ્રમણા છે. એ બાહ્ય વૈભવરૂપી ઉપાધિ જેમ અધિક તેમ શાંતિ ન્યૂન એમ બહુધા વિવેકીને સમજાય છે

શાંતિનુ મુખ્ય સાધન જ્ઞાન છે ને ગૌણ સાધન ચિત્ત સમાધાન તથા સાદાઇ છે આપણા ઋષિ મુનિઓએ જ્ઞાન ને સાદાઇથી કેવી શાંતિમાં જીદંગી ગુજારી હતી તે તેમની પ્રસાદી રૂપે આપણાને વારસામાં મળેલા અદ્ભુત જ્ઞાન ભંડારથી આપણા લક્ષમા આવે છે.

કોઇ મનુષ્ય સુખશાંતિમાં છે કે વ્યાકુળતાથી ચિંતાતુર છે તે સ્થુળ દૃષ્ટિથી જણાતું નથી. એ જાણવાને સૂક્ષ્મ દૃષ્ટિની જરૂર પડે છે તેના શરીરની સ્થિતિ, મુખાકૃતિ, નેત્ર દૃષ્ટિ, હૃદયનું ધૈર્ય, કંઠની વાણી ને વર્તનમાં ગંભીરતા એથી વિવેકી મનુષ્ય સમજી શકે છે. બાહ્ય વૈભવની સામગ્રી માટે અતિ તૃષ્ણા એ શાંતિની ઘાતક છે, માટે તે ઉપાધિ બને તેટલી ત્યજીને આપણી પ્રાચીન ને સાદી સ્થિતિ તરફ વૃત્તિ થાય એ શાંતિનો સરળ માર્ગ છે.

આ અમૂલ્ય શાંતિ માટે સાદાં સાધન અને ઉપયોગી સલાહ વિષે આ પુસ્તકમાં દર્શાવવામાં આવ્યું છે. માત્ર પુસ્તકના વાંચનમાં શાંતિ નથી પરંતુ વાંચીને જે પ્રમાણમા વર્તનમાં મુકાશે તે પ્રમાણમાં શાંતિનો લાભ મળશે માટે વર્તનમાં મુકવાને બને તેટલો પ્રયત્ન થવો જોઇએ.

इतिशिवम् ॥

સંવત્ ૧૯૭૧ નૃસિંહ જયંતિ તા ૨૭-૫-૧૫. } ભગવાનદાસ ભુખણદાસ. (વાનપ્રસ્થ)

સુરત—ગુર્જર ફળિયુ,

॥ ॐ ॥

બ્રહ્મસ્વરૂપમાં નમસ્કારસહિત સમર્પણ

परं ब्रह्म परं धाम, पवित्र परम भवान् ।
पुरुष शाश्वतं दिव्य मादि देव मज विभुम् ॥

असित गिरि सम स्यात् कज्जल सिंधु पात्रे,
सुरतरु वर शाखा लेखनी पत्र मुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्व कालम्,
तदपि तवं गुणाना मीश पारं न याति ॥
मूक करोति वाचालं पगु लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानद माधवम् ॥
यस्य स्मरण मात्रेण, जन्म संसार बधतान् ।
विमुच्यते नमस्तस्मै, विष्णवे प्रभ विष्णवे ॥
नमो नेदिष्ठाय प्रियदव दविष्ठायच नमो,
नम क्षोदिष्ठाय स्मर हर महिष्ठायच नमः ।
नमो वर्षिष्ठाय भवपते यविष्ठायच नमो,
नमः सर्वस्मैते तदिद मिति शर्वायच नम ॥
बहुल रजसे विश्वोत्पत्तौ भवाय नमो नमः

प्रबल तमसे तत्संहारे हराय नमो नमः ।
जनसुख कृते सत्वोद्रिक्तौ मृडाय नमो नमः
प्रमहसि पदे निस्त्रै गुण्ये शिवाय नमो नमः ॥
कृश परिणति चेतः क्लेश वश्य क्वचेदं,
क्व च तव गुण सीमोल्लंघिनी शश्व दृद्धिः ।
इति चकित ममंदी कृत्यमा भक्ति राधाद्,
वरद चरण योस्ते वाक्य पुष्पो पहारम् ॥

(स्तोत्र)

ભાવાર્થ—પરબ્રહ્મ, પરધામ, અને પરમપવિત્ર આપ છો, પુરુષ, નિત્ય, દિવ્ય, આદિદેવ, જન્મરહિત, અને સર્વવ્યાપક આપજ છો. જો કાળા પર્વત જેટલુ કાજળ સમુદ્ર જેવડા ખડિયામા ભરે, અને પૃથ્વીરૂપ કાગળમા કલ્પતરુની લેખણ કરમા લઇને શ્રી સરસ્વતી દેવી સાવધપણે સદા લખે, તો પણ હે ઇશ તમારા ગુણનો કદી પાર પામે નહિ.

જેની કૃપા મુગાને શ્રેષ્ટ વક્તા કરે છે, ને પાગળાને પર્વત ઓળગાવે છે, તે પરમ આનદરૂપ માધવને હુ નમુ છુ

જેના સ્મરણ માત્રથી જન્મરૂપ સસારના બધનથી છૂટાય છે તે મહાસમર્થ વિષ્ણુને નમસ્કાર હો

હે પ્રિય દેવ, આપના સમિપ સ્થિત તથા દૂર સ્થિત સ્વરૂપને નમસ્કાર, હે સ્મરહર, આપના અ'પમા અલ્પ અને મોટામા મોટા

સ્વરુપને નસસ્કાર, હે ભવપતિ, આપના વૃદ્ધમાં વૃદ્ધ અને યુવાનમાં યુવાન સ્વરુપને નમસ્કાર. આપના તે અને આ એ પ્રમાણે શિવ અને વિષ્ણુરુપને નમસ્કાર.

રજોગુણથી જગતની રચના કરનાર આપ બ્રહ્મારૂપને નમસ્કાર, સત્વગુણ યુક્ત થઇ જગતનું પાલન કરો છો તે વિષ્ણુરૂપને નમસ્કાર: તમો ગુણ વડે સહાર કરનાર હરરૂપ આપને નમસ્કાર, વાસ્તાવિકરીતે ત્રણ ગુણથી રહિત છતા ત્રણ ગુણની ઉપાધિવાળા એવા તેજ સ્વરૂપ શિવને નમસ્કાર

મારી અલ્પ શક્તિ છે ને બુદ્ધિ વિષય ભગેલી, ક્લિષ્ટ ને પામર છે, ને તુ ગુણાતીત, અપાર મહિમાયુક્ત, પૂર્ણ સમૃદ્ધિવાળો છે, હે વરદાન આપનાર, એ રીતે ચકિત બનેલા મને ભક્તિથી ઇ-નામ આપીને આપના ચરણુમા વાક્યોરૂપી પુષ્પની ભેટ મુકાવી એ અદ્ભુત શક્તિ છે

કોઈ મનુષ્ય સુખશાંતિમાં છે કે વ્યાકુળતાથી ચિંતાતુર છે તે સ્થુળ દૃષ્ટિથી જણાતું નથી એ જાણવાને સૂક્ષ્મ દૃષ્ટિની જરૂર પડે છે તેના શરીરની સ્થિતિ, મુખાકૃતિ, નેત્ર દૃષ્ટિ, હૃદયનું ધૈર્ય, કંઠની વાણી ને વર્તનમાં ગંભીરતા એથી વિવેકી મનુષ્ય સમજી શકે છે. બાહ્ય વૈભવની સામગ્રી માટે અતિ તૃષ્ણા એ શાંતિની ઘાતક છે, માટે તે ઉપાધિ બને તેટલી ત્યજીને આપણી પ્રાચીન ને સાદી સ્થિતિ તરફ વૃત્તિ થાય એ શાંતિનો સરળ માર્ગ છે

આ અમૂલ્ય શાંતિ માટે સાદાં સાધન અને ઉપયોગી સલાહ વિષે આ પુસ્તકમાં દર્શાવવામાં આવ્યું છે. માત્ર પુસ્તકના વાચનમાં શાંતિ નથી પરંતુ વાંચીને જે પ્રમાણમા વર્તનમાં મુકાશે તે પ્રમાણમાં શાંતિનો લાભ મળશે માટે વર્તનમાં મુકવાને બને તેટલો પ્રયત્ન થવો જોઇએ.

इतिशिवम् ॥

સંવત્ ૧૯૭૧ નૃસિંહ જયતિ તા ૨૭-૫-૧૫. } ભગવાનદાસ ભુખણદાસ. (વાનપ્રસ્થ)

સુરત—ગુર્જર ફળિયુ,

॥ ॐ ॥

બ્રહ્મસ્વરૂપમાં નમસ્કારસહિત સમર્પણ.

परं ब्रह्म परं धाम, पवित्र परम भवान् ।
पुरुष शाश्वतं दिव्य मादि देव मज विभुम् ॥

असित गिरि समं स्यात् कज्जल सिंधु पात्रे,
सुरतरु वर शाखा लेखनी पत्र मुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्व कालम्,
तदपि तवं गुणाना मीश पारं न याति ॥

मूक करोति वाचाल पगु लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानंद माधवम् ॥

यस्य स्मरण मात्रेण, जन्म संसार बधतान् ।
विमुच्यते नमस्तस्मै, विष्णवे प्रभ विष्णवे ॥

नमो नेदिष्ठाय प्रियदव दविष्ठायच नमो,
नम क्षोदिष्ठाय स्मर हर महिष्ठायच्च नम. ।
नमो वर्षिष्ठाय भवपते यविष्ठायच नमो,
नमः सर्वस्मैते तदिद मिति शर्वायच नम ॥

बहुल रजसे विश्वोत्पत्तौ भवाय नमो नम.

प्रबल तमसे तत्संहारे हराय नमो नमः ।
जनसुख कृते सत्वोद्रिक्तौ मृडाय नमो नमः
प्रमहसि पदे निस्त्रै गुण्ये शिवाय नमो नम. ॥
कृश परिणाति चेतः क्लेश वश्य क्वचेद,
क्वच तव गुण सीमोल्लंघिनी शश्व दृद्धि ।
इति चाकित ममदी कृत्यमा भक्ति राधाद्,
वरद चरण योस्ते वाक्य पुष्पो पहारम् ॥

(स्तोत्र)

ભાવાર્થ—પરબ્રહ્મ, પરંધામ, અને પરમપવિત્ર આપ છો, પુરુષ, નિત્ય, દિવ્ય, આદિદેવ, જન્મરહિત, અને સર્વવ્યાપક આપજ છો. જો કાળા પર્વત જેટલુ કાજળ સમુદ્ર જેવડા ખડિયામા ભરે, અને પૃથ્વીરૂપ કાગળમા કલ્પતરુની લેખણ કરમા લઇને શ્રી સરસ્વતી દેવી સાવધપણે સદા લખે, તો પણ હે ઇશ તમારા ગુણનો કદી પાર પામે નહિ

જેની કૃપા મુગાને શ્રેષ્ટ વક્તા કરે છે, ને પાગળાને પર્વત ઓળગાવે છે, તે પરમ આનદરૂપ માધવને હુ નમુ છુ

જેના સ્મરણ માત્રથી જન્મરૂપ સસારના બધનથી છૂટાય છે તે મહા સમર્થ વિષ્ણુને નમસ્કાર હો

હે પ્રિય દેવ, આપના સમિપ સ્થિત તથા દૂર સ્થિત સ્વરૂપને નમસ્કાર, હે સ્મરહર, આપના અલ્પમા અલ્પ અને મોટામા મોટા

સ્વરુપને નમસ્કાર, હે ભવપતિ, આપના વૃદ્ધમા વૃદ્ધ અને યુવાનમાં યુવાન સ્વરુપને નમસ્કાર. આપના તે અને આ એ પ્રમાણે શિવ અને વિષ્ણુરુપને નમસ્કાર.

રજોગુણથી જગતની રચના કરનાર આપ બ્રહ્મારૂપને નમસ્કાર, સત્વગુણ યુક્ત થઇ જગતનુ પાલન કરો છો તે વિષ્ણુરૂપને નમસ્કાર, તમો ગુણ વડે સહાર કરનાર હરરૂપ આપને નમસ્કાર, વાસ્તાવિકરીતે ત્રણ ગુણથી રહિત છતા ત્રણ ગુણની ઉપાધિવાળા એવા તેજ સ્વરૂપ શિવને નમસ્કાર

મારી અલ્પ શક્તિ છે ને બુદ્ધિ વિષય ભરેલી, ક્લિષ્ટ ને પામર છે, ને તુ ગુણાતીત, અપાર મહિમાયુક્ત, પૂર્ણ સમૃદ્ધિવાળો છે, હે વરદાન આપનાર, એ રીતે ચકિત બનેલા મને ભક્તિથી ઉત્સાહ આપીને આપના ચરણમા વાક્યોરૂપી પુષ્પની ભેટ મુકાવી એ અદ્ભુત શક્તિ છે

ॐ

श्रीसद्गुरवे नमः

શાંત ને સાદું જીવન.

પ્રારંભ.

સૃષ્ટિ રચનામા કુદરતે જડ તથા ચેતન એવા બે પ્રકારના પદાર્થો સર્જ્યા છે. સાધારણ ભાષામા તેને નિર્જીવ ને સજીવ કહેવામા આવે છે નિર્જીવ પદાર્થો કેવળ ભોજ્ય છે અને સજીવ તેના ભોક્તા છે. સજીવમા મનુષ્ય, બીજા પ્રાણી, ને વનસ્પતિ એવા ત્રણ વર્ગ છે, એ ત્રણે વર્ગો ન્યૂનાધિક અંશે ભોક્તા છે પચ મહાભૂત (પૃથ્વી, જળ, વાયુ, તેજ ને આકાશ) જે ઉપર સૌનુ સામાન્ય સ્વામીત્વ છે, તેના ઉપયોગથી માત્ર વનસ્પતિ શાત રહે છે બીજાનુ પડાવી લેવાની કે બીજાથી શ્રેષ્ઠ ગણાવાની સ્વાર્થવૃત્તિ વનસ્પતિમા નથી તેથી તે વિશેષ શાંતિ ભોગવે છે. મનુષ્ય સિવાયના બીજા પ્રાણી પોતાના વર્ગમા સત્તા કે શ્રેષ્ઠતા સંપાદન કરવાની વૃત્તિવાળા હોતા નથી, તથાપિ પોતાની નજીકની ખાનપાનાદિ વસ્તુનો પોતેજ ઉપયોગ કરવો ને બીજા તેમા હિસ્સો પડાવવા આવે તો તેને મારી કાઢવા, તે ઉપરાંત બીજા નિર્બળ પાસે ખાનપાનાદિની ચીજ હોય તો પોતાના બળ વડે તે નિર્બળને નસાડીને તેનો ઉપયોગ પોતે કરવાની સ્વાર્થવૃત્તિવાળાં હોવાથી તેની શાંતિ વનસ્પતિથી ન્યૂન હોય છે. સ્વાર્થવૃત્તિ ને શાંતિ એ બેઉ અસ્ત

પ્રમાણમા રહે છે, એટલે જેમ સ્વાર્થવૃત્તિ અધિક તેમ શાતિના લાભ ન્યૂન પ્રાપ્ત થાય છે મનુષ્યમા વિવિધ સ્વાર્થવૃત્તિ હોય છે અમને શ્રેષ્ઠ વૈભવ, સત્તા ને દ્રવ્ય પ્રાપ્ત થાઓ, સૌની દૃષ્ટિ અમારા તરફ આકર્ષાય, અમને સૌ માન આપીને નમે, અમારૂ કહેવુ પ્રજાભાવથી બધા સ્વીકારે, અમારા ઉપર ઇશ્વર પ્રસન્ન થાય, અમને ઇશ્વરના દર્શન થાય અમારાથી ઇશ્વિરરૂપ થવાય, તેમજ ઇશ્વરમા મળી જઇને તેની સાથે અભેદરૂપ થવાય, એવી અનેક સ્વાર્થવૃત્તિ મનુષ્યમા બીજરૂપે હોય છે ને પ્રસગ મળતા તે વૃદ્ધિ પામે છે અથવા દબાઇ જાય છે આ રીતે જોતા સૌ પ્રાણીમા મનુષ્યને વિશેષ સ્વામિત્વભાવ (પોતાની માલીકી)ને આ લોક પરલોકના સ્વાર્થની વૃત્તિ હોવાથી તે મહત્વાકાક્ષી છે મનુષ્યની નાની મોટી આકાક્ષા વિરામ પામે ને તેનુ જીવન સફળ થાય એવા ઉદ્દેશથી આ ભારત વર્ષના પ્રાચીન ઋષિ મુનિઓએ ઉત્તમ મનુષ્યના જીવનની બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ ને સન્યાસી એ ચાર સ્થીતિ અથવા આશ્રમ ઠરાવ્યા છે. એ આશ્રમના ધર્મ યથાર્થ પાળતા સ્વાર્થ વૃત્તિ ક્ષય થતી જાય છે ને પરાર્થવૃત્તિ વૃદ્ધિ પામતી જાય છે, ને છેવટ પરમશાતિની પાત્રતા પ્રાપ્ત થાય છે.

આ ચાર આશ્રમો પૈકી ગૃહસ્થાશ્રમ અગત્યનો છે, કેમકે બીજા ત્રણ આશ્રમોનો નિર્વાહ ચાલવાનો એના ઉપર રહેલો છે. એ આશ્રમમા સૌને આશ્રય આપીને પરોપકાર થઇ શકે છે માટે તેનુ વિશેષ વર્ણન કરીને બીજા આશ્રમોનુ માત્ર દિગ્દર્શન કરાવવામા આવશે

બ્રહ્મચર્યાશ્રમ.

જેમ ભવ્ય ઇમારતની સુદૃઢતાનો આધાર તેના પાયા ઉપર છે તેમ મનુષ્ય દેહની સુદૃઢતા ને સાર્થકતાનો આધાર બ્રહ્મચર્યાશ્રમ ઉપર છે.

ગૃહસ્થાશ્રમ સફળ થવા માટે બ્રહ્મચર્યરૂપ સુદૃઢ પાયાની જરૂર છે મકાનનુ મોહકપણુ તેના દેખાવ ઉપર છે પરંતુ તેનુ ટકાઉપણુ તેના પાયામા રહેલુ છે, તેમ ગૃહસ્થાશ્રમનુ સૌંદર્ય તેના દેખાવ ઉપર છે, પરંતુ તેની સુદૃઢતા તેના બ્રહ્મચર્યરૂપી પાયા ઉપર આધાર રાખે છે

પ્રાચીન કાળમા ઓછામા ઓછી ત્રણ રાત્રીથી તે વધારેમા વધારે આખી જીંદગી સુધીનુ બ્રહ્મચર્ય પાળવામા આવતુ હતુ, અને તેના ઓછા વત્તા કાળ પ્રમાણે તેમના ગાયત્ર, બ્રાહ્મ પ્રાજાપત્ય, ને બૃહન અથવા નૈષ્ઠિક એવા ચાર પ્રકાર હતા ઉપનયન સંસ્કાર થયા પછી બ્રહ્મચર્યાશ્રમની શરૂઆત ગણાતી હતી ગાયત્ર ત્રણ રાત્રી, બ્રાહ્મ ચોવીશ વર્ષ, પ્રાજાપત્ય અડતાલીશ વર્ષ, ને બૃહન અથવા નૈષ્ઠિક આખી જીંદગી સુધી બ્રહ્મચર્ય પાળી વેદાધ્યયન કરતા હતા હાલના વૈભવી ને પ્રવૃત્તિમય દેશ કાળમા આવા લાંબા સમયના બ્રહ્મચર્યની પ્રતિકૂળતા હોવાથી તેની આશા વ્યર્થ છે શ્રી શુક્રનુ વાક્ય છે કે **विद्यार्थं ब्रह्मचारी स्यात्** (વિદ્યા પ્રાપ્ત કરવા માટે બ્રહ્મચારી છે) હાલનો દેશકાળ જોતા વ્યાવહારિક વિદ્યાની શરૂઆતથી તે વીશ વર્ષની વય થતા સુધીનો સમય બ્રહ્મચર્યાશ્રમમા ગણી શકાય એ સ્થિતિને પ્રાચીન મતે બ્રહ્મચર્યાશ્રમ કહો કે હાલના મતે વિદ્યાર્થી અવસ્થા કહીશુ તો પણ હરકત નથી એ બ્રહ્મચર્યાશ્રમ અથવા વિદ્યાર્થી અવસ્થાના સામાન્ય ધર્મનુ દિગ્દર્શન અત્રે કરાવવામા આવે છે વર્તમાનમા વિદ્યાર્થીઓના વર્તનનુ અવલોકન થતા જે જે સૂચવવું યોગ્ય જણાયુ છે તેનો સમાસ કરવામા આવ્યો છે.

૧ વડીલોનુ માન રાખવુ, આજ્ઞા પાળવી, ને તેમની સેવા કરવી.

૨. વડીલોમા વિદ્યા કે જ્ઞાન ન્યૂન જોઇ તેમને વિષે અભાવ કે અનાદર કરવો નહિ.

૩ સવારમા તથા સાજે દરરોજ ઓછામા ઓછો અડધો કલાક શાત ચિત્તે ઇશ્વર સ્મરણ કરવુ.

૪. સત્ય તથા પ્રિય બોલવુ. અસત્ય કે અપ્રિય બોલવાનો પ્રસગ આવે ત્યારે મુગા રહેવુ એ ઉત્તમ છે.

૫ સાદા ને સ્વચ્છ વસ્ત્રો પહેરવા

૬. સવારમા સૂર્યોદય પહેલા વહેલુ ઉઠવુ

૭. ગુરૂ જનોમા પૂજ્ય ભાવ રાખવો.

૮ એકથી વધારે પુસ્તકોમા હોય તો માર્ગમા તેને હાથમા ઉઘાડા લઇને ચાલવુ નહિ. વસ્ત્રમા બાધીને લઇ જવા.

૯. અધિક અભ્યાસી તરફ માનની દૃષ્ટિ રાખવી, ઓછા અભ્યાસવાળાને અભ્યાસમા માગે તો આશ્રય આપવો.

૧૦. કોઇને તિરસ્કાર કરીને અથવા વિનોદથી હાસ્ય કરીને કે બીજી રીતે કોઇના મન કે શરીરને દુ:ખ આપવુ નહિ.

૧૧ બ્રહ્મચર્ય પાળવુ એટલે સ્ત્રીઓ સાથે હાસ્યવિનોદ તથા તેનો સમાગમ કરવો નહિ તેમના રૂપ કે સૌદર્યની વાતચીત કરવી કે સાભળવી નહિ.

૧૨. માર્ગમા વૃદ્ધજન, અશક્ત, બોજાવાળો, સ્ત્રી, ગુરૂજન, મહાત્મા, ને વાહન મળે તો માર્ગમાથી દૂર ખસીને તેમને માર્ગ આપવો

૧૩ જળાશયમા અપવિત્ર પદાર્થો નાખવા નહિ.

૧૪. કોઈ સાથે વાદવિવાદ કરવો નહિ

૧૫ આનદી ને સતોષી રહેવુ.

૧૬. કોઇના જ્ઞાનની પરીક્ષા કરવાને પ્રસ્ન પૂછવો નહિ.

૧૭. કોઇની નિંદા કરવી (પાછળ અવગુણગાવા) નહિ.

૧૮. ઉપકાર કરનાર તરફ આભારની વૃત્તિ રાખવી.

૧૯ નાટક કે નાચ જોવામા પ્રિતિ રાખવી નહિ.

૨૦. ધૈર્ય રાખીને વાણી, મન, નેત્ર વગેરે ઇંદ્રિઓ તથા શરીરને વશ રાખી પવિત્ર રાખવા, ને તેનો જરૂર જેટલો ઉપયોગ કરવો

૨૧. ક્રોધ તથા લોભની વૃત્તિને દબાવવી.

૨૨. કોઇની માલીકીની કઇ ચીજ હોય તે તેના માલીકની સમતિ વિના લેવી નહિ.

૨૩ કેફી વસ્તુથી અતિ દૂર રહેવુ, ન્હાનુ નિત્ય સેવન કરી તેને વશ થઈ જવુ નહિ

૨૪ બીડી પીવી નહિ, તેમજ તમાકુનો કોઇપણ રીતે ઉપયોગ કરવો નહિ

૨૫ વાસી કે બિગાડ ઉપર આવેલી વસ્તુ ખાવી નહિ

૨૬ ભૂખ કરતા કઇક ઓછુ ખાવાની હમેશા ટેવ રાખવી.

૨૭ જેમા તેલ મરચા વિશેષ હોય તેવા ખોરાકમાં પ્રિતિ રાખવી નહિ

ઉપરના નિયમ તથા વ્રતને વિદ્યાર્થીઓ બરાબર પાળે તેને માટે વડીલ તથા શિક્ષાગુરૂએ લક્ષ આપવાનુ કર્તવ્ય છે.



गृहस्थाश्रम.

सानंद सदन सुताश्च सुधियः कांता न दुर्भाषिणी ॥
सन्मित्र सधनं स्वयोषितिरति श्चाज्ञापराः सेवका ॥
आतिथ्य शिव पूजन प्रतिदिन मिष्टान्न पान गृहे ॥
साधोः सगमुपासते हि सतत धन्यो गृहस्थाश्रम ॥

પરણેલા સ્ત્રી પુરૂષે સાથે રહીને ઘર ચલાવવુ તે ગૃહસ્થાશ્રમ કહેવાય છે પ્રાચીન મતે તેમજ હાલનો દેશકાલ જોતા ચારે આશ્રમમા ગૃહસ્થાશ્રમ અગત્યનો છે બીજા ત્રણે આશ્રમનો આધાર ગૃહસ્થાશ્રમ ઉપર રહે છે બીજા આશ્રમમા પોતાના નિર્વાહનો બોજો પરાયા ઉપર રાખવાની જરૂર પડે છે ને ગૃહસ્થાશ્રમવાળા સ્વાશ્રયથી પોતાનો નિર્વાહ ચલાવીને બીજાને પણ આશ્રય આપી શકે છે વળી એ આશ્રમમા રહીને ધર્મ, અર્થ, કામ, ને મોક્ષ એ ચારે પુરૂષાર્થ સપાદન કરી શકાય એમ હોવાથી એને શ્રેષ્ઠ કહી શકાય. ગૃહસ્થાશ્રમ સફળ ને આનદયુક્ત થવો એ પુરૂષ પ્રયત્ન અને ઈશ્વર કૃપા ઉપર આધાર રાખે છે દુર્દૈવે કટાળો ઉપજાવનારો ગૃહસ્થાશ્રમ ઘણે સ્થળે જોવામા આવે છે આ ઉપરથી ગૃહસ્થાશ્રમના ધિક્ તથા ધન્ય એવા બે સ્વરૂપ ગણાય છે. જે ગૃહસ્થાશ્રમના દર્શનથી અને સમાગમથી આનદ થાય તે ધન્ય ગૃહસ્થાશ્રમ છે, ને જે ગૃહસ્થાશ્રમના દર્શનને સમાગમથી કટાળો ઉપજે તે ધિક્ ગૃહસ્થાશ્રમ છે. એ બેઉનુ સ્વરૂપ નીચે દર્શાવવામા આવે છે.

ધિક્ ગૃહસ્થાશ્રમનુ સ્વરૂપ.

૧	નિરૂદ્યમીપણુ	૭	કુસગ.
૨	કકાસણી સ્ત્રી	૮	બાળ વિધવા પુત્રી
૩	કુપાત્ર સતતિ	૯	સબધી જનમા કુસપ
૪	રોગી શરીર	૧૦	નાસ્તિકતા
૫	દુર્વ્યસન	૧૧	કરજ.
૬	અવિદ્યા	૧૨	અતિ તૃષ્ણાતુર.

ધન્ય ગૃહસ્થાશ્રમનુ સ્વરૂપ.

૧	સ્વાશ્રયી સ્વભાવ	૯	સત સમાગમ
૨	વિદ્યાપર પ્રીતિ	૧૦	આવનારનો આદર સત્કાર.
૩	દ્રવ્ય. (ઉપયોગી પદાર્થો)	૧૧	આસ્તિકતા
૪	અત કરણથી મીઠુ ભાષણ કરનારી ભાર્યા	૧૨	આનદ યુક્ત ઘર.
		૧૩	સબધી જનોમા સપ
૫	આરોગ્યતા	૧૪	સ્વસ્ત્રીના વિલાસસા સતોષ
૬	સારી બુદ્ધિવાળા પુત્રો.	૧૫	સ્વગૃહમા મિષ્ટ અન્નપાન
૭	સતોષી ચિત્ત.	૧૬	આજ્ઞા પાલક સેવક
૮	સન્મિત્ર		

શ્રી ગીતાજીમા ભગવાન વ્યાસે દૈવી સપત્તિ સપાદન કરવાને તથા આસુરી સપત્તિ ત્યજવાને સારૂ તે બેઉના સ્વરૂપ દર્શાવ્યા છે તેવાજ ઉદ્દેશથી અત્રે ધન્ય તથા ધિક્કૂ ગૃહસ્થાશ્રમના સ્વરૂપ દર્શાવ્યા છે.

પુરૂષ.

ગૃહસ્થાશ્રમમા ઘરમા રહેનારા માણુસોમા પુરૂપ એ મુખ્ય અગ છે. ઘરમા રહેનારા માણસોનુ અને બીજા અતિથિ તરીકે આવનારનુ પોષણુ કરવુ એ તેનુ અગત્યનુ કર્તવ્ય છે. આ કર્તવ્ય બજાવવાને તેને ઉદ્યોગ કરવાની ખાસ જરૂર છે. બાપદાદાનુ વતન, જાગીર, કે પુજી હોય તો પણુ તેણે અવસ્ય ઉદ્યોગ કરવો જોઇએ સ્વાશ્રયથી ઘર ચલાવવામાજ પુરૂપનુ પુરૂષાર્થ મનાય છે તેથી આપ કમાણી ઉત્તમ ગણાય છે. વળી ઉદ્યોગથી શરીર તથા મન બેઉ જાગૃત રહે છે માટે શારીરિક અથવા માનસિક શક્તિ કસાઇને પ્રબળ થાય એવા ઉદ્યોગમાં જોડાવુ જોઇએ જે ઉદ્યોગમા જોડાવુ તેમા ઠરીને એટલે શરીર તથા મનની સ્થિરતાથી પ્રવૃત્ત રહેવુ જોઇએ અસ્થિરતા કે વધારે પૈસા મેળવવાને અથવા વિશેપ માન પામવાના હેતુથી વારવાર ધધો કે નોકરી બદલવી નહિ. અમુક ધધા કે નોકરીમા સ્થિર પ્રવૃત્તિથી રહેવાથી તેનો સારો અનુભવ થાય છે એવો અનુભવ મળ્યા પછી માદગી અથવા બીજી અશક્તિથી ધધા ઉપર ઓછુ ધ્યાન અપાય તોપણુ તેની પેદાશમા ખલેલ પડતી નથી. નોકરીમા પણુ એકજ શેઠના સબધમા કે એક ખાતામા જોડાઇ રહેવાથી તેના સબધમા રહેમીયત કે ઉદારતાથી વર્તાય છે. એમ છતા જરૂર લાગે તો પૂરતો વિચાર કર્યા બાદ ધધાની ફેરફારી કરવી પરતુ એવી ફેરફારી વારવાર થાય તો તે લાભકારક નીવડતી નથી વળી જે ધધામા જોડાવુ તે ધધો ઉત્સાહ, ખતને પ્રમાણિકપણાથી કરવો જોઇએ.

ગૃહસ્થાશ્રમમા પુરૂપ ઘરનો રાજા છે ને સ્ત્રી તેનો પ્રધાન છે. ઘરરૂપી રાજ્ય યોગ્ય વ્યવસ્થાપૂર્વક ચલાવવાને અને સતતિ ઉત્પન

કરવાને વિધિપૂર્વક લગ્ન થયા હોય એવી ભાર્યા હોવી જોઇએ.

વડીલ તરફથી લગ્ન કરવામાં આવેલું હોય તો તે માન્ય રાખવુ. તેમ ન હોય તો પોતાને અનુકુળ પડવાનો સંભવ લાગે એવી કન્યા સાથે બની શકે તો લગ્ન કરવુ. પત્ની ઘેર આવ્યા પછી તેને પોતાના વર્તનને અનુસરે તથા અનુકૂળ વિચારની થાય તેવી રીતે કેળવવી. સ્ત્રી પ્રત્યે યોગ્ય માન તથા માયા વડે વર્તવુ, અને તેને તથા સતતિને સરક્ષિત રાખવી. સ્વસ્ત્રીના પ્રેમમા સતોષ રાખવો એ ગૃહસ્થાશ્રમમા શાંતિનુ બીજ છે. મન, ઇંદ્રિયો ને શરીરને નિયમમા રાખી તે પવિત્ર રાખવા; સ્વપત્નીને તથા સ્વસંતતિને તેમનું કર્તવ્ય યથાર્થ સમજાવવું, ગુરૂજનો વિષે પૂજ્યભાવ રાખવો, અને અતિથિનો સત્કાર કરવો એ ગૃહસ્થનું ભૂષણ ને ગૃહસ્થાશ્રમનુ સાર્થક છે.

કર્તવ્ય.

કર્તવ્ય વિષયનો લેખ આ લેખક તરફનો માહે મે સને ૧૯૧૪ના શાળા પત્રમા પ્રગટ થએલો છે તેજ અત્રે દર્શાવવામા આવે છે.

જડ તેમજ ચેતન સર્વને સૃષ્ટિમા કઇને કઇ કર્તવ્ય હોય છે સૃષ્ટિ રચનાને વશ રહીને જડનુ કર્તવ્ય થાય છે. મનુષ્ય સિવાયનાં બીજા પ્રાણી પોતાના અગ્ગ્નાનથી કર્તવ્યને આધીન રહે છે. મનુષ્યને વિચાર શક્તિરૂપ ઉમદા બક્ષીશ કૃપાળુ પ્રભુએ આપેલી હોવાથી તેને સ્વતત્રતાનો લાભ મળે છે; પરતુ તેની સાથે તેને કર્તવ્યનો ભાર વિશેષ છે. મનુષ્યને પરલોકના ને આ લોકનાં એવા બે પ્રકારના કર્તવ્ય છે, પરલોક સંબધી કર્તવ્ય શ્રદ્ધાને ઉત્સાહ પૂર્વક થાય તો મોક્ષ લાભ પ્રાપ્ત થાય છે. ને આ લોક સબધી કર્તવ્ય યથાર્થ

થાય તો શાતિનો લાભ મળે છે. મોક્ષનો સહેલથી સમજાય એવો અર્થ "પરમશાતિ" છે. આ ઉપરથી જણાશે કે આ લોક સબધી કર્તવ્ય પણ યથાર્થ થાય તો તે પણ શાતિપ્રદ હોવાથી મોક્ષનો માર્ગ બતાવે છે. પારમાાથક એટલે પરલોક સબધી કર્તવ્ય કરનાર તો પોતાનુ કાર્ય શ્રદ્ધા. ઉત્સાહ, ને સાવધાનતાથી યથાર્થ કરે એવો સભવ છે, તેથી તે વિષે અત્રે વિચાર દર્શાવવાનો અવકાશ નથી. પરતુ વ્યાવહારિક એટલે આ લોક સબધી કર્તવ્ય તો દ્રવ્ય, કીર્તિ, સત્તા વગેરે અનેક ક્ષુદ્ર સ્વાર્થને વશ થઇને કરાય છે એટલે તેમાં પ્રમાદ થવાનો સભવ છે. એ વ્યાવહારિક કર્તવ્યમા સુદ્રઢ રહેવાય તેને માટે કેટલાક અગત્યના સૂત્રો સ્મરણમા રાખવા યોગ્ય છે.

૧ સ્વીકારેલા કાર્યમા શ્રદ્ધા, ઉત્સાહ, અને સાવધાનતાથી મન જોડવુ

૨ સારૂ દેખાડવુ અથવા સારૂ કહેવડાવવુ તેમા, અને વાસ્તવિક રીતે સારૂ કરવુ, એ બેમા અત્યત અતર છે તે સદા ધ્યાનમાં રાખવુ.

૩. સબધમા રહેનારા કે આવનારાં મનુષ્યના હિતનુ ચિતન રાખવું.

૪. સસાર ચક્રની ગતિના ધક્કા સામે દ્રઢતાથી અડગ ખડા રહેવું.

૫. અનુકૂળ પ્રાણિ પદાર્થના વિયોગ પ્રસગે ને પ્રતિકૂળ પ્રાણિ પદાર્થના સયોગ પ્રસગે ધીરજથી સમભાવ રાખવો.

૬. કોઇના સન્મુખમા ખોટા કે ખરા તેના ગુણ ગાવા તે ખુશામત છે, અને ખુશામત એ પોતાના ઉપાસકને કર્તવ્યથી ચલિત કરી ધક્કો પાડનારી છે

૭. આત્મસ્તુતિનુ કથન તથા શ્રવણ કરવું અથવા કથન-શ્રવણની ઇચ્છા તે કર્તવ્યથી ભ્રષ્ટ કરનાર છે.

૮ જે કાર્યનો ભાર વહન કરવાને આપણે નિર્માણ થયા હોઇએ, તે કાર્યમા પૂર્વે જે જે જોડાયા હોય તેમનાથી શ્રેષ્ટ રીતે કરવાની પ્રબળ ઇચ્છા રાખવી.

૯. આપણા કાર્યનો ભાર વહન કરવામા આપણા પછી જે જોડાય, તેની અનુકૂળતામા બને તેટલો વધારો કરી આપવો

૧૦. **परद्रव्याणि लोष्ठवत्** આ સૂત્ર સદા લક્ષમા રાખવું. (ઉપભોગ કે વૈભવના પદાર્થોનો પણ દ્રવ્યમા સમાસ થાય છે)

૧૧. દુર્વ્યસનને દુરાચાર એ કર્તવ્યનું વિસ્મરણ કરાવનાર છે, માટે તેથી અત્યત દૂર રહેવુ *

કર્તવ્યમા પ્રમાદ ઉપજાવનારા નીચે જણાવેલા સૂત્રોથી સાવધ રહેવાની જરૂર છે.

૧. કેવળ દ્રવ્ય, વૈભવ, સત્તા કે કીર્તિનુ લક્ષ રાખવુ નહિ.

૨ આપણને અમુક લાભ પ્રાપ્ત થવાનો સભવ હોય, તે લાભ બીજાને પ્રાપ્ત થાય ત્યારે બળાપો ન કરવો. (જેને લાભ પ્રાપ્ત થયો હોય તેના સદ્ગુણને યોગ્યતાનો વિચાર કરીને મનનુ સમાધાન કરવું)

૩. અનુકૂળ પ્રાણિ પદાર્થનો સયોગ મેળવવા માટે ને પ્રતિકૂળ

---

* હાલ બીડીના ઉપયોગે કટાળો ઉપજાવનારૂ સ્વરૂપ ધારણ કર્યું છે, માટે ભવિષ્યની પ્રજા માટે જેને નમુનારૂપ થવાની ફરજ છે તેમણે એથી દૂર રહેવુ. કમનસીબે જેઓ એમા સપડાયલા હોય તેમણે ક્રમેક્રમે ઓછુ કરીને એ વ્યસન ત્યજવુ.

પ્રાણિ પદાર્થનો વિયોગ થવા માટે ચિંતાતુર રહેવું નહિ. (સૃષ્ટિમાં કોઇપણ સ્થળે સઘળી અનુકૂળતા હોય એમ સભવતુ નથી; માટે પ્રતિકૂળતામાં કર્તવ્યનિષ્ટ રહે તેજ ધન્યવાદને પાત્ર છે.

૪ જે કાર્યનો ભાર વહન કરવાને આપણે નિર્માણ થયા હોઇએ તે કાર્યમાં "પૂર્વે જોડાયલા પુરૂષો નિર્માલ્ય હતા, ને હુ તેમનાથી શ્રેષ્ટ છુ" એવો ભાવ કદી મનમા લાવવો નહિ.

૫ આશ્રિતોની ઇચ્છા ઘણું ખરૂ એવી હોય છે કે પોતાના નિયંતાને સત્ય તથા કર્તવ્યથી ડગાવીને શિથિલ કરવા, ને પછી પોતે કર્તવ્ય તથા સત્યની સીમાનુ ઉલ્લઘન કરવાની છૂટનો લાભ લેવો. (માટે તેઓ ફસાવી નહિ શકે તેને માટે સાવધાન રહેવુ)

૬ દ્વેષી લોકો, ખુશામતીઆ સહવાસી, ને સ્વાર્થી આશ્રિતો સત્યને છૂપાવીને તેના ઉલટા સ્વરૂપને દેખાડે તેથી ભોળવાવુ નહિ.

૭ સદા સ્વાર્થનુ ચિતન કરી તેને વશ થઇ રહેવુ નહિ.

કર્તવ્યમાં મદદ કરનાર વિચારો.

૧ આત્મનિષ્ટા એ કર્તવ્યમાં સર્વોત્તમ સહાયભૂત સાધન છે

૨ તિતિક્ષાથી (સહન શક્તિથી) પ્રતિકૂળતા આપો આપ દૂર થઇ જાય છે, અથવા નહિ જેવી જણાય છે.

૩ શરીરની અસ્વસ્થતાને પ્રસગે કર્તવ્યમા શિથિલતા આવે, પરતુ જે શ્રદ્ધાને ઉત્સાહથી કર્તવ્યમાં આનદ પામનાર છે, તેને શરીરની અસ્વસ્થતાનો પ્રસગ કવચિતજ આવે છે તે અનુભવ સિદ્ધ છે.

૪. કોઇની ગેરવર્તણુક અથવા ભૂલ માટે તેની પાછળ બડબડાટરૂપે વર્ણન કરવુ એ નિદારૂપી નીચ કર્મ છે. હિમત હોય તો

તેને સુધારવાના હેતુથી તેની સન્મુખ કહેવું, અને તેવી હિમત ન હોય તો ચુપ રહેવુ એ સારૂ છે.

૫. લોકોમા હોહા કર્યા વિના શાંતપણે કામ કરવુ.

પ્રાથમિક શાળામા લાંબી નોકરી કરી નિવૃત્ત થતા ખાતાના સંબંધી બંધુઓથી છૂટા પડતાં તેમને કર્તવ્યમા સહાયક વિચારોનું સ્મરણ કરાવ્યું છે. હાલ વક્તા તથા લેખક અનેક છે, તેમજ શ્રોતા ને વાંચનાર પણ જોઇએ તેટલા છે, પરંતુ સાંભળેલું કે વાંચેલું ગ્રહણ કરીને તેને અનુસરનારા બહુ દુર્લભ છે. માટે ખાતાના સબંધી બંધુઓ ધ્યાનથી વાંચી સ્મરણમા રાખી કર્તવ્યનિષ્ટ થશે, તો આ શાળાપત્રના અમૂલ્ય પૃષ્ઠો રોકેલા સફળ થશે.

ઉપર પ્રમાણે નોકરીમાથી નિવૃત્ત થતા લખાયુ હતું. હવે હાલ સંસારથી નિવૃત્ત થતા મનુષ્ય બંધુઓના હિતાર્થે કરેલો આ અલ્પશ્રમ સફળ કરવા વાચનાર બંધુને વિનતિ છે

સ્ત્રી.

ગૃહવ્યવસ્થામા અને ગૃહરાજ્ય ચલાવવામા અંતરની લાગણીવાળા સલાહકાર રૂપે રહી પુરૂષને સુખશાંતિ આપવી, તથા પ્રજાના ઉત્પન્નથી પુરૂષની વંશવૃદ્ધિ કરવી એ ગૃહસ્થાશ્રમમા સ્ત્રીનો મુખ્ય ઉદ્દેશ છે. પતિ તન, મન, ને ધનના વિષયમા ગમે તેવો નિર્બળ હોય તો પણ તેને સઘળી બાબતમા પોતાથી શ્રેષ્ટ ગણવો, એટલુજ નહિ પણ તેને ઇશ્વર તુલ્ય માનવામાજ સ્ત્રીનુ સર્વ વાતે કલ્યાણ છે એમ માનવુ. દેવ, પિતર, આચાર્ય, ગુરૂ ને બીજા સર્વ પૂજ્યથી પતિ અધિક

પૂજ્ય છે એમ અતરમા શ્રદ્ધા રાખવી. વળી ઘર ચલાવવામા પોતાની ચતુરાઇ હોય તોપણ તે ચતુરાઇ આગળ ન પાડતાં પોતે સલાહકાર રૂપે રહી પતિથી ગૃહરાજ્ય ચાલે છે એમ દર્શાવવામાજ સ્ત્રીની શ્રેષ્ટતા છે. જ્યા સ્ત્રી ગૃહરાજ્યના પ્રધાન તરીકે નહિ પણ રાજા તરીકે આગળ પડે છે તે આશ્રમ નિસ્તેજ તથા ઝગઝાટ વિનાનો દેખાય છે અને માનપાત્ર ગણાતો નથી પુરૂષ ઘરરાજ્યનો રાજા છે માટે તેને નામે સઘળો ઘરનો વ્યવહાર થવો જોઇએ. તેની બુદ્ધિ તથા નીતિ ઉપર ઘરના મહત્વ ને સુખનો આધાર છે, માટે સ્ત્રીએ પુરૂષની ઇચ્છાને અનુસરીને ઘરની વ્યવસ્થા, વ્યવહાર, ને પ્રજા ઉછેરવાનુ કામ પોતે કરવું.

સ્ત્રીનો આધાર પુરૂષ છે. સ્ત્રીનુ આ લોકમા મોટામા મોટુ સુખ તેનુ સૌભાગ્ય છે વહાલા વડીલો અને પૂજ્ય જનો તરફથી ચડતામા ચડતો આશીર્વાદ 'અખડ હેવાતન' એટલે તેનો સ્વામી જીવતો રહે એવો હોય છે. પતિની અપ્રીતિ કે અભાવમા તેનું સુખ નાશ પામે છે, અને પતિની પ્રસનતામા તેનુ સર્વ સુખ તથા કલ્યાણ રહેલુ છે પુરૂષ પોતાની સ્ત્રીના સબધમા જે કર્તવ્ય કરે છે તે તેનુ રક્ષણ કર્યું એમ કહેવાય છે, અને સ્ત્રી પોતાના પતિ સબધમાં જે કર્તવ્ય કરે છે તે તેની સેવા કરી કહેવાય છે, માટે બેઉનો સેવ્ય સેવક ભાવનો સબધ છે. આથી સિદ્ધ થાય છે કે સ્ત્રી પોતાની શ્રેષ્ટતા આગળ પાડે અથવા સમાનતાથી વર્તે તો તે દોષયુક્ત છે

ઇગ્રેજી ભાષાની મારફતે યુરોપી વિચારને આચારનુ અનુકરણ થાય છે, ને સ્ત્રીઓને પુરુષ જેવા સમાનતાના હક ને જાહેર કામમા બહાર પડવાની છૂટ અપાય તે આ દેશના ગૃહસ્થાશ્રમને પ્રતિકૂળ

થઇ પડે છે. સભામા ગવરનર સાહેબ, કમીશનર, કે કલેકટરને માન આપવામા દેશી સ્ત્રીઓ તેમને હાર પહેરાવે કે હસ્ત મેળાપ (શેકહેન્ડ) કરે તે આર્ય સ્ત્રીઓના ધર્મ તથા નીતિથી વિરૂદ્ધ છે આર્ય સ્ત્રી પોતાના પતિ સિવાય બીજા પુરૂષના કંઠમાં પુષ્પમાળ પહેરાવી શકે નહિ

સ્ત્રીની કન્યા, ભાર્યા, ને માતા એવી ત્રણ સ્થિતિ છે. પહેલી સ્થિતિમા માતા પિતાની આજ્ઞા પાળવી, ભાર્યાની સ્થિતિમા પતિની આજ્ઞા ને તેની હૃદયગત ઇચ્છાને આધિન રહેવુ, અને પતિ ન હોય તથા પુત્ર પુખ્ત વયનો હોય ત્યારે તેની સલ્લાહ સમતિથી ઘર ચલાવવુ એ ભૂષણ રૂપ છે.

પોતાના તન, મન ને ધનની શક્તિમા વૃદ્ધિ થવાને માટે સ્ત્રીએ નિત્યે પ્રાત કાળે વહેલા ઉઠવું શરીરની સુખાકારી હોય તેવા પ્રસગમા પતિને જમાડીને જમવું, તેના શયન કરતા પહેલાં સુવું નહિ, અને પ્રાતઃકાળે પતિના ઉઠયા પછી સુઇ રહેવું નહિ સ્વાર્થી કે એકલપેટા પણુ એ સ્ત્રીનું મોટુ દૂષણુ છે સ્વાર્થ ત્યાગીને સામાને સુખ આપવુ એ તેના સ્વભાવની કુદરતી રચના છે. તે રચનાને અનુસરતા નીચેના સદગુણ હોય તોજ તેનુ ગૃહિણી તરીકેનુ જીવન સફળ થાય છે

૧ પતિની આ લોકમા ઉન્નતિ ને પરલોકમા કલ્યાણ થાય એવી ઇચ્છા સદા રાખવી

૨. પતિવ્રત દૃઢતાપૂર્વક પાળવુ

૩. રોષવાળુ મુખ પતિને દેખાડવુ નહિ.

૪. ઘરની વાત ઉઘાડી પાડવી નહિ.

૫ વડીલોની મર્યાદા પાળવી

૬. પરોણુાનો આદર સત્કાર કરવો.
૭ પતિના ઉદ્યોગમા બની શકે તેની સહાયતા આપવી.
૮. પતિના સગા તથા સ્નેહી ઉપર ભાવ રાખવો

સ્વતત્રતા ને સાંકડુ મન એ બે સ્ત્રીનાં મોટા દૂષણુ છે. પતિને વશ કરી લઇને ઘરમાં સ્વતત્ર વર્તવાની ઇચ્છા તથા "પોતે છોકરા ને ધણી એ ઉદારતા સૌથી ઘણી" એવુ સાકડુ મન એ બે દુર્ગુણુથી તે ભાર્યા પદને માટે અયોગ્ય ઠરે છે.

સ્ત્રીઓ પોતાના સ્ત્રી વર્ગને બોધ આપવાને, તેમને સુધારવાને તેમને આશ્રય આપવાને કે તેમ । એવાજ બીજા કલ્યાણાર્થે મેળાવડા કરી સભા ભરે તો તે તેગનુ કર્તવ્ય છે. પરતુ પુરૂષની પેઠે રાજદ્વારી કામકાજ માટે, માન પાન આપવાને, ખુશાલી દીલગીરી દર્શાવવાને, અને રાજ પ્રત્યે વફાદારી બતાવવા વગેરે પુરૂષના કામની દરેકમાં નકલ કરીને જુદી જુદી સભા ભરે એ યુરોપી રૂઢીની નકલ છે ને તે કેવળ અનિષ્ટ છે. દરેક બાબતમા પુરૂષ જે કરે છે તેમા સ્ત્રીના અતરની લાગણીનો સમાસ થઇ જાય છે, માટે તેણે જુદા પડીને જુદી લાગણી દર્શાવવાની અગત્ય નથી. સ્ત્રીઓ તરફના જુદા જુદા ફંડ ઉભાં થાય છે ને તેમાં તેમનાં નામથી જુદી જુદી રકમો ભરાય છે તે બોજો તેમજ તેવી સભા સબધી ખરચ આખરે પુરૂષના શીર ઉપરજ પડવાનો છે તો પછી એવી જુદાઇ દેખાડવાની ને પુરૂષને વધારે બોજામા પાડવાની જરૂર નથી. જાહેર કામમાં પુરૂષો આગળ પડે તેવા કામમા સ્ત્રીઓએ જુદા પડીને તેમના જેટલુજ આગળ પડવુ જોઇએ એ સમજ ખોટી છે.

સ્ત્રીઓ જેમ અને તેમ પોતાનુ ઘર છોડીને બહાર ખાસ જરૂરનો પ્રસગ હોય તોજ થોડો વખત જાય એજ ભૂષણરૂપ છે. પોતાના ગૃહરૂપી રાજ્યની સભાળ લેવામાં અને તે સબધી વિચાર કરવામાંજ તેની શોભા છે ઘરનુ કામ એવુ છે કે જેટલું શોધી શોધીને કામ કાઢીએ તેટલું નીકળે છે. બહાર ફરતા રહેવાથી તે કામ ખૂણે પડી રહે છે ને તે તરફની અડચણ વેઠી લેવી પડે છે ઘરકામની વ્યવસ્થામા નિયમ હોય તો વધારે સારૂ. કામથી પરવાર્યા પછી સારાં પુસ્તકો વાચવા, કે વચાવીને સાભળવા એ લાભકારક છે. પિયર પક્ષની વિશેષ લાગણી સ્ત્રીઓએ રાખવી તે હિતકર નથી. ઘરકામ પતાવી દઇને પિયરનાં કે બીજા સગા પાસે જઇને રોજ નિરૂપયોગી વાતોના સપાટા ચલાવવા એ મોટું દૂષણ છે.

સૌભાગ્યવતી સ્ત્રીઓને ધર્માચરણમા પતિ સેવા મુખ્ય છે. ઘર, પતિ, ને બાળકોની દરકાર છોડી દઇને સ્ત્રીઓ સવારસાજ કે વખત બે વખત દેવદર્શનને નામે બહાર દોડયા કરે તે ધિક્કાર પાત્ર છે. કોઇપણ વ્રત કે નિયમ પતિની પ્રથમ સમતિ લીધા વિના આચરવુ તે દોષયુક્ત છે પતિના નામનુ સ્મરણ કે તેના સ્વરૂપનુ ધ્યાન કરવુ ને તેની આજ્ઞા પાળવી એજ સ્ત્રીનો મુખ્ય ધર્મ છે. પતિના ઇષ્ટ દેવતા કે સદ્‌ગુરૂ હોય તેમનુ ધ્યાન કે સ્મરણ ઘેર બેઠા થાય તો તે પણ શ્રેષ્ટ છે. પતિએ ધર્માચરણમા પતિને અનુસરતા રહેવાનુ છે મૈત્રેયી જેવી વિદુષી સ્ત્રી પણ પોતાના પતિના ધર્મ મતને અનુસરીને રહેતી હતી

ગૃહવ્યવસ્થા.

અને તેટલા ઓછા ખરચમા ઘરની વ્યવસ્થા સુદર રીતે થાય તેમાંજ સ્ત્રીની ચતુરાઇ છે. ઘરની સ્વચ્છતા, ઘર માંહેની વસ્તુઓની યોગ્ય ગોઠવણ અને સતતિની સ્વચ્છતા ઉપરથી સ્ત્રીની કસોટી જણાઇ આવે છે. ઘરનો ખરચ સગાંવહાલાં, સંબધીજનો, ન્યાતીલા, કે આડોશી પાડોશીને અનુસરીને રાખવાનો નથી, પણ પોતાના પતિની પેદાશને અનુસરીને કરવાનો છે તે સદા લક્ષમા રહેવુ જોઇએ. બીજી સ્ત્રીઓના અને તેમના છોકરાના વિવિધ વસ્ત્રાલકાર જોઇને તેવા પોતાને અને પોતાની સતતિ માટે મેળવવાને પતિને દુખ કે સતાવણી કદી કરવી નહિ ઘરના કામકાજમા ચાકરનો ઉપયોગ જેમ થોડો થાય તેમ લાભકારક છે એથી સ્ત્રીઓનાં શરીર કસાય છે ને આરોગ્ય તથા સુદ્દઢ રહે છે. વળી એથી વારવાર માંદગી ભોગવવી તથા તેના ઓસડવેડના ખરચમાંથી મુક્ત થવાય છે. ચાકરનુ કામ ચોકસ ને જોઇએ તેવુ અનુકુળ ન હોવાથી વારવાર તેને ટોકવુ પડે છે ને તેની અસર તેને ન થવાથી મન દીલગીર રહે છે આપણા વૃધ્ધોની અનુભવી કહેવત છે કે "હૈયુ દુખવવા કરતા હાથ દુખવવા" એ સારૂ છે.

પતિના અગત કામકાજ તો પત્નીએ જાતેજ કરવાં જોઇએ, કેમકે પતિની પ્રકૃતિને અનુસરતી સઘળી અનુકુળતા તેના વધારે સહવાસમા રહેનાર તેની પ્રિયા જાણે એટલો અનુભવ બીજાને હોયજ નહિ. હાલના સ્વાર્થી ને લોભી ચાકરો પદર દહાડે કે મહીને નવા નવા શેઠ કરે છે. એવા બદલાતા નવાનવા ચાકરને ઘરના કામકાજની માહીતી આપવાનો વારવારશ્રમ લેવો તેના કરતાં ચાકર વિના ચલાવી લેવુ

એ બહુ સુલભ ને શાંતિવાળુ છે. એમ છતાં ચાકરની જરૂર હોય ને રાખવાની સવડતા હોય તોપણ જેમ બને તેમ ચાકરનો ઉપયોગ ઓછો થાય તે ઘણી વાતે લાભકારક છે. ઘરમા બે ચાકરની જરૂર હોય તો એકથી ચલાવી લેવુ એ સારૂ છે. જાતે કામ કરનારના મનને જેવી શાંતિ છે તેવી બીજાના કામ ઉપર દેખરેખ રાખનારને શાંતિ રહેતી નથી. ચાકર મોડા આવે અથવા નહિ આવે ત્યારે પણ ગભરાટ ને ઉચ્ચાટ થાય છે તેઓ રીસાઇ નહિ જાય તેને માટે તેમને સતોષિત રાખવાની હમેશ કાળજી રાખવી પડે છે, ને તેનુ મન દુખાય નહિ તેની ફીકર રાખવી પડે છે. આવા પ્રસંગમાં તે નામનો ચાકર અને વાસ્તવિક શેઠરૂપ છે શેઠના કામની તે જેટલી ફીકર રાખે છે તે કરતા શેઠને ચાકરનુ મન રાજી રાખવાની વધારે ફીકર રાખવી પડે છે. એથી આ જમાનામાં સાધારણ રીતે ચાકર રાખવો એટલે પોતાની સ્વતંત્રતા ખોઇને તેના ચાકરરૂપે થવુ એવો પ્રસંગ આવે છે ચાકર પાસે મગાવેલા સોદામાં તેની કીંમત વધારે હોવા ઉપરાંત સારો ને સ્વચ્છ તથા અનુકુળ માલ ઘણીવાર આવતો નથી એટલે વધારે પૈસા ખરચીને જેવો માલ આવે તેવો ચલાવી લેવો પડે છે માટે સાધારણ સ્થિતિના માણસોએ માત્ર મોટાઇને ખાતર ઘરકામ વાસ્ને ચાકર રાખવો નહિ. ચાકરને તેડવા માટે તેને ત્યાં ફેરા ખાવા અથવા તેની વાટ જોઇને ઉચાટમાં રહેવુ તેના કરતા તે કામ જાતે કરી લેવુ એ શાતિરૂપ છે.

ધનવાનના ઘરમાં પુરતા ચાકર હોય તોપણ તે ઘરની સ્ત્રીઓને માથેથી ઘરવ્યવસ્થાની જોખમદારી ઉતરતી નથી. ચાકરોને બરાબર કામની માહીતી આપી કેળવીને કામ લેવુ એ તેમની મોટી

ફરજ છે. ઘરના ખૂણાં ખાચા, દીવાલો, ઘર માહેલો ઉપરનો ભાગ તથા નહિ વપરાતી જગ્યામાં ધૂળ, કચરો, ને જાળાં રહેવાં નહિ જોઇએ. પેટી, ટેબલ, પલગ, ચોપાળો ને બીજે લક્કડ સામાન વસ્ત્રના કકડાથી ઝાપટીને સ્વચ્છ રખાય તેને માટે સંભાળ રાખવી. આવાં કામ દશ પંદર દિવસે અગર અમુક હદને થાય એવો નિયમ રાખવાથી સ્વચ્છતા સારી રીતે રહે છે ચાકરની ભૂલથી ઘરની વ્યવસ્થામા ખોડ ખામી હોય તો પણુ તે ઘરની સ્ત્રીઓને દૂષણરૂપ છે. કેટલીક સ્ત્રીઓના સ્વભાવમા ગર્વ, તોછડાઇ ને નિર્દયતા હોય છે તેથી તેમની પાસે કોઇ ચાકર ટકતો નથી, અને પોતે ચાકરના દોષોનુ વારવાર વર્ણન કરીને પોતાના પતિને કટાળો આપે છે. આવા પ્રસગમાં તો પુરૂષે અવશ્ય ચાકર વિના ચલાવી લેવાની જરૂર છે.

ઘર આગળ આવનારનું સન્માન થાય, ઘેર ઉતરનારની તેમની યોગ્યતા અને આપણી શક્તિ મુજબ મરભરા થય, અને સુપાત્રને યથાશક્તિ દાન અપાય એ ઘરની ઉત્તમ વ્યવસ્થાનુ ભૂષણુ છે.

અનાજ ને મરી મસાલા ગમે તે વખતે ખરીદવા કરતા દરેકની મોસમ વખતે ખરીદવુ એ ફાયદાકારક છે. વળી છૂટક છૂટક ખપ પ્રમાણે ખરીદવા કરતા વરસમા એક કે બે હપ્તે ખરીદવામા લાભ છે એક સ્થળે કાયમનો વાસ હોય ને અનાજ ભરવાના સાધન હોય તો બાર માસનું સામટુ લેવુ એ સારૂ છે, પણુ ધધાને અર્થે બહાર રહેવાનુ હોય કે ભરવાનાં યોગ્ય સાધનો ન હોય તો વરસમા માગશર તથા વૈશાખ માસ એ બે હપ્તે અનાજ સગ્રહવાનુ રાખવુ. વળી ભરવાની અનુકુળતા હોય તો પણુ મરી મસાલા બાર માસના સામટા ભરવા નહિ એવી ચીજો થોડા માસ રહે છે એટલે તેના

સ્વાદ તથા ગુણમાં ફેરફાર થઈ જાય છે. મસાલા વગેરે ચોમાસાની હવાથી બગડે છે માટે એ વરસમાં ત્રણ ચાર હપ્તે નવાનવા તૈયાર કરીને ભરી રાખવા. ચોમાસામા વરસાદની હેલીના વખતમા કઠોળની દાળ, અથાણાં, પાપડ વગેરે હવાથી જલદી બગડી જાય છે માટે તેવા વખતમા દશ પંદર દિવસે સ્ત્રીઓએ જાતે ખાસ તેની તપાસ લેવી જોઇએ. ખોરાકની જે વસ્તુઓ રોજ વપરાની ન હોય તેની પણ પંદર વીશ દિવસે ખાસ સભાળ લેવી કે જેથી બગડવા પામે નહિ.

સગાંવહાલા, સ્નેહીસબધી, અને પાડોશીપાડોશી સાથે આપ લેનો સઘળો વ્યવહાર ચોખ્ખો રાખવો એ ઘરવ્યવસ્થાનુ મુખ્ય ભૂષણ છે. એવા વ્યવહારમા ચોખવટ ન રહેવાથી ઘણાને મહોમાહે વાધા પડી જાય છે ને પછી સદા તેમના મન જુદા પડી સ્નેહી મટી વિરોધી થઇ રહે છે

સંતાન કેળવણી.

પુત્ર પુત્રીને નાનપણથી સ્વચ્છ ને સાદા રાખવા કે જેથી એ ટેવ ઉપર તેની વૃત્તિ રહે તેમનામાં ચીડીયાપણુ, રીસાળપણું, કે કજીયાખોર સ્વભાવ પ્રવેશ કરે નહિ તેની કાળજી રાખવી. બનતા સુધી બાળકને રડવાનો પ્રસગ ન આવે એમ કરવુ ચાકર વગેરે બીજા માણસોના પ્રસગમા બાળક સોપવા તે તેમના સ્વભાવની કસોટી જોઇને સોપવાં. હસમુખા ને આનદી સ્વભાવવાળાં મનુષ્યના સહવાસમાં બાળક રહેવાથી ઘણો લાભ થાય છે નાના બાળક અદભૂત રીતે નકલ કરીને બીજાને અનુસરનારાં હોય છે માટે ગમે તેવા સ્વભાવના નોકર કે બીજાં મનુષ્યના સહવાસથી બહુ ગેર

લાભ થશે તેમને નાનપણથી વહેમી, મોજીલા, ને શોખીલા કરી નાખવાથી તેઓ પોચા, બીકણ, ને કાયર સ્વભાવના થઇ જાય છે સાદાઇથી તેમનુ શરીર કસાઇને સુદૃઢ થાય છે ને સ્વભાવે હીંમત વાન થાય છે. દિવાડા રહેવુ ને ગદવાડથા હાથ ઘાલવો એ બે ા નાનપણથી અભાવ થાય એમ કરવુ તેમનાં શરીરને ઘરેણાથી શણ-ગારવા ઉપર વિશેષ લક્ષ આપવુ નહિ. વસ્ત્રો પહેરાવવામાં શોભા કરતા શરીરના સરક્ષણનો વિચાર ખાસ લક્ષમાં રાખવો.

હાલ છોકરાઓ શરીરે બહુ કોમળ ને નાજુક પ્રકૃતિના હોય છે પચાશ વર્ષ ઉપર પદર વર્ષની વયવાળાનુ જેવુ કદ દેખાતું હતું તેવુ હાલ વીશ વર્ષની વય વાળાનુ કદ પણ દેખાતું નથી આમ થવાના કારણો અનેક હશે, પરતુ તેમને નિશાળના ભણતરની ચિતા-મા વહેલા નાખવામા આવે છે, અને પછી વહેલા વહેલા ભણીને પાસ થવાની વડીલોની ઇચ્છા તથા ડોક એ મુખ્ય કારણ છે. માટે છ કે સાત વર્ષની વય થયા પછી નિશાળનુ ભણતર શરૂ થવાની જરૂર છે વળી ભણતર શરૂ કર્યા પછી તે વાસ્તવિક શું ભણ્યો ને કેટલુ શાખ્યો તે નહિ જોતા હરેક રીતે પુત્ર પાસ થાય અથવા ઉપલા વર્ગમા ચઢે એજ વડીલની મુખ્ય ચિતા હોય છે છોકરાને જોઇએ તેવુ અક્ષર કે શબ્દનુ ભાન નહિ થયું હોય તે છતા તેને પહેલી ચોપડીમાથી બીજીમા ચડાવવામાં બહુ આતુર રહે છે ભણ-તરના આરભથી તે અંત સુધી તેમનુ નિશાન પાસ થાય કે ઉપર ચઢે એજ હોય છે. અમુક વિષયમાં તે શુ જાણે છે કે કેટલુ જ્ઞાન મેળવ્યુ છે તેની જરા પણ દરકાર હોતી નથી. વળી શરૂઆતમાં આરભનો પાયો પાકો હોય તો આગળ ઠીક પડે એ પણ વડીલો

ભૂલી જઇને લૂલા લગડાની પેઠે લથડતા લથડતા આગળ લઇ જાય છે ને પછી ગળીયા બળદની પેઠે ઠે થઇને બેસવાનો પ્રસગ આવે છે ત્યારે વડીલો પસ્તાય છે. આનું પરિણામ એ થાય છે કે છોકરાને ભણતર ઉપર કંટાળો તથા શાળાને માટે છેક અભાવ ઉત્પંન થાય છે. જે પરીક્ષામા પાસ થવાથી નોકરી કે ધધામાં જોડાઇ શકાય છે તેવી છેવટની પરીક્ષામા પાસ થવાની ઈંતેજારી રાખવામાં આવે તો તે ઠીક છે, પરંતુ ભણતરના આરંભથી વાસ્તવિક જ્ઞાન મેળવવાનો હેતુ ઉચો મુકી જલદી જલદી અભ્યાસ ક્રમ પસાર કરાવી દેવો એટલીજ નેમ રહે, એ મૂર્ખાઇ ભરેલુ હોવાની સાથે ભણનારનો સ્વાર્થ ધુળ કરવા જેવું છે. ગમે તેવો અભ્યાસ કાચો કે અપૂર્ણ હોય તોપણુ તે પાકો કરવાને બીજુ વરસ ગાળવુ પડે તો તે નકામુ વરસ પડે એવા હેતુથી ખાનગી શિક્ષક રાખીને પણુ આગળ ચલાવવાની કોશીશ કરે છે ખાનગી શિક્ષણુથી બાળકના તનમન ઉપર ઘણી નબળી અસર થાય છે હરેક કામ પોતાના બુદ્ધિબળથી કરવાની ટેવ તથા શક્તિ ઘટે છે ને બીજા ઉપર આધાર રાખવાની ટેવ પડી જાય છે આધળા માણુસને દોરવાની જરૂર પડે છે પરંતુ દેખતા માણુસને દોરવાથી તે છતી શક્તિએ બીજા ઉપર આધાર રાખે છે. ઘણાં વડીલો ચાલાક ને બુદ્ધિશાળી પુત્રને મટે દેખાદેખી અથવા મોટાઇને ખાતર ખાનગી શિક્ષક રાખી તેના તાબામા સોંપીને છોકરાંને મદ ને સંકુચિત બુદ્ધિના બનાવી નાખે છે. પ્રાથમિક શાળાના ઉપશિક્ષકોમાં સ્વાર્થબુદ્ધિનું બળ વિશેષ ને નીતિનુ બળ બહુ ન્યૂન હોય છે. પ્રાથમિક શાળામાં ભણનારા માટે તેવી સ્કુલના એસીસ્ટટો ખાનગી શિક્ષણુ આપવાનું કામ કરનારા હોય છે.

એક શિક્ષક અનેક જગ્યાએ ખાનગી શિક્ષણ આપે છે. શિક્ષણના અનુકૂળ વખત વિષે વિચાર નહિ કરતા માત્ર પોતાના સ્વાર્થને અનુકૂળ પડે તેવો વખત રાખીને એકાદ કલાકની કડાકૂટ કરી જાય છે. છોકરા નિશાળેથી છૂટે તે પછી તેને એક બે કલાક આરામ કે છૂટા ફરવાની જરૂર છે તેની દરકાર નહિ કરતા કેટલાક તો નિશાળ છૂટતાજ ત્યાં ચારપાંચ છોકરાને ભેગા કરી ભણાવવા (ભરડાવવા) મડી જાય છે. વિદ્યાર્થીને ઘેર ભણાવવા જવાનુ હોય છે તો બીજે ફેરો ખાવાને દુખે તેની પાછળ જઇને તરત ભણાવવા માડે છે એવા શિક્ષકો છોકરાના મન, મગજ, તથા શરીર વિષે કઇ પણ વિચાર કર્યા વિના તેને આવતા દિવસનુ લેસન ગોખી તૈયાર કરવાને તેના ઉપર સખ્તાઇ કરે છે છોકરો શુ ભણ્યો અને કેટલુ આવડયુ તે વડીલો જોતા નથી. ઉપર નંબર રહે, ઉપર નામ આવે, કે ઉપલા વર્ગમા ચઢે એટલે ખાનગી શિક્ષકે ખાધેલો પગાર સાર્થક મનાય છે શિક્ષક પણ એવી અધમ વૃતિના હોય છે કે પરીક્ષામાં પરીક્ષકને ગમે તેમ થાપ ખવડાવીને જે છોકરાને ખાનગી શિક્ષણ આપ્યુ હોય તેને પાસ અથવા ઉપર ચઢાવવા યોગ્ય કરાવી આપે છે ને તેના વડીલના મનને સતોષ પમાડે છે. કેટલાક ખાનગી શિક્ષણ આપનારા એવા પણ સ્વાર્થી હોય છે કે પોતે લખવાનુ કે બીજુ કામ કર્યા કરે ને પોતાની પાસે શીખવા બેઠેલા વિદ્યાર્થી તેની મેળે વાચ્યા કરે. આ કેટલુ સ્વાર્થી પણું છે તે કહી શકાતુ નથી. સરકાર પ્રાથમિક શિક્ષણ સુધારવાના હેતુથી લાખો રૂપિઆની ગ્રાટ આપીને સારા કેળવાયલા શિક્ષકો બાળવિદ્યાર્થીઓ માટે રાખવાની તજવીજ કરે છે, ત્યારે વડીલો તેના બાળક માટે રૂપિઆ કે

આઠ આનામાં અણુઘડ શિક્ષક શોધીને તેનાથી પ્રાથમીક શાળાના અભ્યાસ ક્રમનુ શિક્ષણુ ખાનગી રીતે ચલાવે છે. એવા મામલામા સરકારનો હેતુ પાર પડવો કેટલો મુસ્કેલ છે. તે વિચારમા લેવા જેવુ છે. સારાંશ એ છે કે ખાનગી શિક્ષણુથી છોકરાના તન, મન, ને નીતિ ઉપર હાનિકારક અસર થાય છે માટે તે બધ કરવુ. ખાસ જરૂર હોય તો સારા કેળવાયલા શિક્ષકને એ કામ સોંપવુ. સરકાર કેળવણીનું કામ વધારે મહત્વનું સમજીને એમા બેબે હજાર રૂપિઆ સુધીના પગારવાળા માણુસોને રોકે છે, ત્યારે લોકો એ કામ છેક હલકામા હલકુ સમજીને દરરોજ બેકે એક પૈસામા કરાવે છે. આ અતર શી રીતે ભાગશે ને કેળવણીનુ કામ સુધારાપર આવશે તે સમજાસકાતુ નથી

પુત્રને નોકરી કરવા માટેજ ભણાવવાનો છે એ વિચાર ભણુતરના આરભથી રાખવો નહિ, પણ જ્ઞાન મેળવવા માટે અને દુનિઆના વ્યવહાર માટે લાયકથાય એવી બુદ્ધિ ખીલે તેટલા માટે ભણાવવાની જરૂર છે તે લક્ષમા રાખી તે તરફ દૃષ્ટિ રાખવી. ગુજરાતી અભ્યાસ કાચો રાખીને ઉતાવળ કરી ઇંગ્રેજી અભ્યાસ શરૂ કરાવવો નહિ; તેમ થવાથી બેઉ બગડે છે. વળી તેર ચૌદ વર્ષની વય થાય એટલે ભણવાની સાથે વડીલના ધધામાં થોડો સમય રોકાઇને તેની માહીતી મેળવવી જોઇએ કે જેથી કેવળ નોકરીની આશા ઉપર રહેવુ પડે નહિ ઘણીવાર એમ બને છે કે વડીલનો સારો ધધો રોજગાર હોય છે તે છતાં તેમના પુત્ર તે ધંધા ઉપર લક્ષ નહિ આપતા ઓછી પેદાશની નોકરીમા જોડાય છે આ પસંદ કરવા જેવુ નથી. વિદ્યાભ્યાસની સાથે યોગ્ય વયે વડી-

સના ધંધામા થોડી માહીતી મેળાવાની શરૂ કરવાથી તે ભવિષ્યમાં લાભકારક થઇ પડે છે.

છોકરાઓને કુમગતમા ફરવા દેવા નહિ ને નાટક ચેટક તરફ વિશેષ વલણ રહે તો તે તરત અટકાવવુ. કોઇ જાતનુ દુર્વ્યસન વળગવા દેવુ નહિ, તેમજ એવા દુર્વ્યસનીનો સહવાસ થવા દેવો નહિ આજકાલ બીડીનો દિગ્વિજય થતો જોવામાં આવે છે, ને દશ બાર વર્ષની વયથી તેમા ફસાતા જોવામા આવે છે મોટી વયના માણસ કરતા કુમળી વયના ઉછરતા છોકરાઓને બીડી વધારે હાનિકારક છે, તેમ. એનો અટકાવ નાનપણથીજ થઇ શકે છે નાનપણમા વળગાડ થઇ ગયો તો પછી એ દૂષણ દૂર થવુ મુશ્કેલ છે.

સત્યતા, સદાચાર, દયા, પરોપકાર, ને ઇશ્વરશ્રદ્ધા એ સદ્ગુણોનો પાયો નાનપણથી નાખવાનુ લક્ષમા રાખવુ.

સત્તર વર્ષની વય થતા પહેલાં પુત્રનુ લગ્ન કરવુ નહિ, વિવાહ સબધ જોડવામા પુત્ર કરતા પાચ વર્ષે નાની કન્યા ખાસ કરીને જોવાનુ લક્ષમા રાખવુ. જયા કન્યા આપી હોય ને તે કન્યા હયાત હોય તો તેજ ઘરમાથી બનતા સુધી લાવવી નહિ. પુત્રની વીશ વર્ષની વય પહેલા અને વહુની પંદર વર્ષની વય થયા પહેલા તેમનો એકાંત સમાગમ રાખવો નહિ આથી તેમની શરીરની આરોગ્યતા ને સુદઢતા સચવાશે અને સતતિ પણ સારા થશે.

બ્રહ્મચર્યા શ્રમમા વિદ્યાર્થીઓને ઉપયોગી એવી ૨૭ સૂચના જણાવવામા આવી છે તે પળાવવામાં વડીલોએ બહુ લક્ષ આપવા નુ કર્તવ્ય છે.

કન્યા કેળવણી

છોકરીઓને યોગ્ય વયે ઘરમા વડીલ તરફથી વાચવા લખવા નુ શીખવવાનુ શરૂ થાય તો વધારે સારૂ કન્યાશાળામા સ્ત્રી શિક્ષકો હોય છે પણ ત્યાંથી ગંભીરતા, સાદાઇ, ને સદાચરણનુ અનુકરણ કરવાનુ મળવામાં નિષ્ફળ થવુ પડે છે. આઠ નવ વર્ષની વય થાય એટલે ઘર કામની કેળવણીની પણ શરૂઆત કરી થોડુ થોડુ હલકુ કામ શીખવવુ. ભવિષ્યમાં ગરીબ સ્થિતિનો પતિ મળશે એમ ધારી ગરીબ સ્થિતિને અનુકૂળ સ્વભાવ કેળવવો. ઘરકામની કેળવણી બહુ અગત્યની છે. જેને જાતે કામ કરવાનું નહિ હોય તેને પણ એ જાણવાની જરૂર છે કેમકે કામનું અનુભવી માણુસ હોય તે નોકર પાસે જેવું કામ લઇ શકે તેવું અજાણ માણુસથી લઇ શકાતુ નથી. છોકરીઓ ભાતભાતના રગબેરગી વસ્ત્રો ને નવા નવા અલકારોમાં મન રાખે તથા રાત દિવસ તેનુજ રટણ કરે એવી ટેવ પડવા દેવી નહિ. એથી પતિને કટાળારૂપ થઇ ભવિષ્યનુ ખરૂ સુખ ગુમાવવાનો પ્રસગ આવે છે. તેને યોગ્ય વય થતા એવી દૃઢ સમજણ આવવી જોઇએ કે સ્ત્રીનું સઘળુ સુખ, શાતિ, ને સૌભાગ્ય તેના પતિની પ્રસન્નતામા છે.

સારી વાચનશક્તિ પ્રાપ્ત થયા પછી ને સમજી શકે એવી વય થતાં તેને સીતા, દ્રૌપદી, સાવિત્રી, દમયતી, શકુતલાદિ સતી સ્ત્રીઓનાં આખ્યાનો વચાવી તેમના વતનની મનમા છાપ પડે એમ કરવુ. વિદ્યાનો વધારે શોખ ને અનુકુળતા હોય તો સસ્કૃત ભાષાનો અભ્યાસ કરાવવો. એથી પ્રાચીન જ્ઞાન ભંડારની કુચી હાથ આવશે ને તેમાંથી ઇચ્છાનુસાર આ લોક પરલોક સબંધી જ્ઞાન મળશે.

કન્યાઓને ઇંગ્રેજી ભાષાના શિક્ષણની જરૂર નથી. આર્ય ગૃહિણિ બનાવવામાં તે પ્રતિકૂલ છે. ઇંગ્રેજી ભાષા દોષિત નથી, પરંતુ એ ભાષાને માર્ગે જે યુરોપી આચાર વિચાર પ્રવેશ કરે છે તે આપણા ગૃહસ્થાશ્રમને બહુ પ્રતિકૂલ છે. પુરૂષને કરવાનાં કામ સ્ત્રીએ કરવા માટે તેને ભણાવવાની નથી તેમજ મોટી વયે હકને માટે લડત ચલાવનારી યુરોપની સફરેજીસ્ટો જેવી બનાવવાનો હેતુ નથી. પરતુ સીતા, દમયતી, ને સાવિત્રી જેવી પતિ પરાયણ બનાવવી છે તે ખાસ લક્ષમાં રહેવાની જરૂર છે

કન્યાઓને ઘરમાં વાળીને તથા જાળા ઝાપટીને સાફ રાખવાનુ, વાસણમાંજીને સ્વચ્છ રાખવાનુ, સ્વાદિષ્ટ રસોઇ બનાવવાનુ, ને લુગડા ધોવાનુ ખાસ કરીને શીખવવુ, ને તે કરવાનો મહાવરો પાડવો યોગ્ય વય થતા અથાણાં–પાપડ બનાવવા તથા તેને સરક્ષિત રાખવાની કેળવણી પણ આપવી જુદી જુદી જાતના અનાજ કેવી રીતે સઘરી રાખવાથી તે સડી જતા નથી (કોઇને દીવેલ ચોપડે છે, રાખમા કે ધુળમા દબાવે છે, કે બીજી રીતે રાખે છે) તે પણ જાણવાની જરૂર છે. કન્યાઓને બહાર નકામુ કોઇને ત્યા ફરવા કે ભટકવા જવાની ટેવ પડવા દેવી નહિ અવકાશના વખતમા સ્ત્રીને ઉપયોગી એવા પુસ્તકો વાચે તથા વડીલ સ્ત્રીઓ સાથે તે વિષે વાતચીત કે ચર્ચા ચલાવે તો તે લાભકારક છે સાધવુ, શીવવુ, ભરવુ, ને ગુથવુ એ કામ પણ કન્યાઓને શીખેલુ બહુ ઉપયોગી છે; પરતુ સાધારણ સ્થિતિના પતિને જે ઘરકામની વિશેષ જરૂર છે તેની બેદરકારી કરીને વાચવા કે ભરવા ગુથવામા મન રાખે એવુ હાલ જોવામા આવે છે તે અણઘટતુ થાય છે.

કન્યાને તેના સાસરામાંથી ગમે તેવાં લાડ લડાવી કોડ પૂરે તે વાસ્તવિક છે પરતુ માબાપ તરફના લાડકોડ ભવિષ્યમાં તેને તેમજ તેના સંબધી જનોને દુઃખદ થઇ પડે છે. એ સંબધમાં ગામડાની કહેવત એવી છે કે "હલાવી ખીચડી, ને લાડલડાવી દીકરી" એ પસ્તાવા રૂપ થાય છે.

કન્યાની તેર વર્ષની વય થતાં પહેલા લગ્ન કરવુ નહિ. લગ્ન કરવામા કોઇ પણ જાતનો પોતાનો સ્વાર્થ જોયા સિવાય વડીલોએ કન્યાદાન આપવાનુ છે. પોતાને માટે પૈસા લેવા કે પોતાના પુત્ર માટે વહુ મેળવવી કે બીજો કોઇ સ્વાર્થ રાખવો નહિ. કન્યા કરતા ઓછામા ઓછો પાચ વર્ષે મોટો હોય તેમજ શરીરે દેખાવડો અને સારો કેળવાયલો જમાઇ મળે એવી બનતી તજવીજ કરવી. કેટલાક માત્ર નજીકમા પુત્રી રહે ને દૂર જવુ પડે નહિ એટલીજ ઇચ્છા રાખે છે ને નજીકમા જેવો વર મળી આવે તેવો પસદ કરી લે છે એ યોગ્ય નથી. આ સમય જોતા ચાલીશ વર્ષની વય ઉપરાતનાને કન્યા આપવી નહિ. ગમે તેવા સબબથી વૃદ્ધ સાથે લગ્ન કરવુ નહિ. બની શકે તો જે ઘરમાથી કન્યા લાવ્યા હોય તે હયાત હોય તો તેજ ઘરમા નહિ અપાય તો સારૂ. રજોદર્શન થતા પૂર્વે અથવા ૧૬ વર્ષની વય પહેલા તેના સ્વામીનો એકાત સમાગમ નહિ થવો જોઇએ

વિધવા સ્ત્રી.

ગૃહસ્થના ઘરમા માતા કે કાકી સ્વરૂપે, ફોઇ કે બેહેન રૂપે, પુત્રી કે ભત્રીજી, ભોજાઇ કે પુત્રવધુ રૂપે વિધવા સ્ત્રી હોવાનો સંભવ છે,

માટે તેના સંબંધમા અગત્યના વિચાર જણાવવાની જરૂર છે. વિધવા સ્ત્રીએ વિવિધ રંગના કે ભપકાદાર લૂગડાં પહેરવા નહિ, તેમજ સોના કે મોતીના અલંકાર ધારણ કરવાં નહિ માથે વાળ હોય તો તે ચોળીને સાફ રાખવા પણ તેમા સુગંધીદાર તેલ નાખવુ નહિ. પાન ખાવુ નહિ ઘરમા રસોઇનુ કામ સ્વચ્છતાથી કરવાનુ પોતાને હસ્તક રાખવુ ઘર-માંના બાળકોની સંભાળ રાખીને બરદાશ લેવી તથા માંદા માણસને આશ્રય આપીને ઉપયોગી થઇ પડવુ જોઇએ ઔષધ ઉપચારની પણ થોડી માહીતી મેળવવી અને ઘરમા તેમજ આડોશપાડોશમા કે પોતાના મહોલ્લામા વસનાર માણસોને પરોપકાર તરીકે ઉપયોગી થવુ વિશેષે કરીને બાળકોના સંબંધમા તેણે ખાસ આશ્રયદાતા થવાની જરૂર છે. પુરૂષના સબંધમા તેમની અને પોતાની વય, સ્થિતિ, સબંધ વગેરેનો વિચાર કરીને સહવાસમા આવવુ પ્રાતઃકાળે વહેલા ઉઠીને સ્નાન કરી દેવપૂજન કરી લેવુ બપોર પછી પરવારીને કોઈ દેવના સ્તોત્ર કે ભારત, ભાગવત્, ને રામાયણાદિ કથા વાચવી. વાચતા ન આવડે તો કોઇ પાસે વચાવીને સાભળવી વાચતા નહિ આવડતુ હોય ને બની શકે તો ગુજરાતી તેમજ બાળબોધ વાચતા શીખવાનો પ્રયત્ન કરવો. અવ-કાશના વખતમા કોઇ સગા કે બીજાને ત્યા જઇ કોઇની નિંદા અથવા સારી માઠી વાતો કરવામા મન ઘાલવુ નહિ બીજા પાસે જઈ રોજ વાતોના તડાકા મારવામા વખત રોકવાથી પોતાનુ તેમજ સામાનું એ નુ કામ બિગડે છે

વિધવા સ્ત્રીએ કોઇ નજીકના સગાના આશ્રયમા રહેવુ એ સારૂ છે. બનતા સુધી એકલા ને એકાંત ઘરમા રાતે રહેવુ નહિ જો કોઇનો

આશ્રય કે પોષણનું સાધન ન હોય તો શીવવા ભરવાનું, ગુંથવાનું કે બીજુ ઘેર બેઠાં થઇ શકે તેવુ કોઇનું કામ કરવામાં હરકત નથી. તેવુ કામ ન મળે તો લાચારીએ રસોઇ કે બીજુ કામ સારા ગૃહસ્થના ઘરનુ મળે તો કરવુ.

માદા માણસની માવજત લેવાનુ કામ હાલના જમાનાને અનુસરતી રીતે શીખેલી હોય તો નર્સ તરીકે, સ્ત્રીઓની પ્રસુતિમા ડાકટર તરીકે, અને કન્યાશાળમા શિક્ષક તરીકેની લાયકાત મેળવી તે કામો પણ કરી શકાય એવા છે. સ્ત્રીઓને આવા કામના પ્રસંગમા બહાર પડીને જાહેરમા અનેક પ્રકૃતિના પુરૂષોના સહવાસમા આવવુ પડે છે ને ત્યારે પોતાનો વિધવા ધર્મ સચવાવો મુસ્કેલ થઇ પડે છે માટે પોષણનુ કંઇપણ સાધન કે આશ્રય નહોય ત્યારે એવા કામમા જોડાવાનુ ઠીક છે. ડાકટર કે નર્સના કામ માટે લાયક થવામા જરૂર પડે તો કામ જેટલો ઇગ્રેજી ભાષાનો અભ્યાસ કરવામા હરકત નથી

જે ઘરમા વિધવા સ્ત્રી હોય તે ઘરના વડીલોની ફરજ છે કે વિધવાનું મન સચવાય એમ કરવુ. નાના મોટા કોઇ તેનું અપમાન કરી તેના મનને ઓછુ આવવાનો પ્રસગ આણે નહિ. તેને હરેક કામમા મહત્તા આપી તેના મનને સતોષ આપવો. તેના વડીલોએ વિરાગ વૃત્તિ રાખવી, સારા વસ્ત્રાલકાર તથા સસારના ભોગ વિલાસનો ત્યાગ કરવો કેટલીક ન્યાતોમા વિધવા સ્ત્રીઓને ન્યાતિ ભોજનમા જવાનુ હોતું નથી. તેવા પ્રસગમા ઘરની સઘળી સ્ત્રીઓ ન્યાતમા જમવા જાય ને વિધવા સ્ત્રી ઘેર રહીને રાત્રે એકલી બેસીને ખાય એ તેના મનને બહુ મુઝાવા જેવુ થઇ પડે છે એવી વખતે

ઉદાર દીલથી ઘરમાંની એકાદ વડીલ સ્ત્રી (માતા, સાસુ, કે જેઠાણી) જમવાનુ છોડી દઇને તેની સોબતમા રહી સાથે બેશીને વાળુ કરે એમ કરવામા વિવેક રહેલો છે

વિધવાના ધર્મ લગભગ સન્યાસી જેવા છે. બહારથી વિધવાનો વેશ રાખીને અહર્નિશ ભોગ વિલાસમાં મન પ્રવૃત્ત રહે તે વિધવાવસ્થા આ લોક તથા પરલોક બેઉને વણસાડનારી છે.

પરાર્થભાવ.

આપણુ ઘર, ઘરમાની વસ્તુઓ, તથા આપણો દેહ એ સર્વ આખી સૃષ્ટિના હિતાર્થે છે એમ માનવુ તે પરાર્થભાવ અથવા હૃદયની વિશાળતા છે. એથી ઉલટુ પોતાના ઘરમાનુ અને આખી સૃષ્ટિ જે કઇ છે તે માત્ર પોતાને અને પોતાના પરિવારને સુખદાતા થાય એવી ઇચ્છા તે સ્વાર્થવૃત્તિ અને સાકડુ મન છે. એવા સાકડા મનના માણસોનુ એવુ સૂત્ર હોય છે કે "હુ, મારાં છોકરા, ને વહુ, તેમા આવી ગયુ સહુ" આ વર્તન સ્વાર્થ વૃત્તિની પરિસીમાનુ છે મનુષ્યમા જેમ જેમ સ્વાર્થ વૃત્તિ વિશેષ તેમ તેમ તેનામા શાંતિ ન્યૂન હોય છે

પરાર્થવૃત્તિ એજ મનુષ્યાવતારનુ ભુષણ છે સ્વાર્થ વૃત્તિવાળાને સ્વાર્થમા નિષ્ફળ થતા બહુ બળાપો થાય છે. સાકડા મનના માણસને પોતાનુ ને બહુ તો પોતાના ઘરનુ ચીતન રહે છે, ને જેનુ હૃદય

વિશાળ છે તે આખી પૃથ્વીને પોતાનું ઘર અને પૃથ્વી ઉપરના મનુષ્યોને પોતાનુ કુટુંબ ગણે છે. મહાત્માનુ વચન છે કે " **उदार चरितानां तु वसुधैव कुटुम्बकं.** "

જ્યા સુધી માણુસ બીજા ઉપર ઉપકાર કરી શકે છે ત્યા સુધીનુ જીવન સફળ છે, ને તે પછી દુનિઆમાનું જીવન વ્યર્થ છે. સત્ પુરુષોનુ જીવન તથા વિભૂતિઓ પારકાને માટેજ હોય છે તેને માટે કહ્યું છે કે.—

पिबति नद्यः स्वयमेव नोदकं, स्वयं न खादंति फलानि वृक्षा ।
धारा धरो वर्षति नात्म हेतवे, परोपकाराय सता विभूतयः ॥

નદીઓ પોતે પોતાના જળને પીતી નથી, વૃક્ષો પોતે પોતાના ફળો ખાતા નથી, ને વર્ષાદ પોતાને માટે વર્ષતો નથી, તેથી જણાય છે કે સત્પુરુષોનુ જીવન તથા તેમની વિભૂતિઓ પરોપકારને માટેજ છે.

પરાર્થ વૃત્તિથીજ વાસ્તવિક શાતિનો લાભ મળે છે વળી બીજા પ્રાણિના હિતની કાળજી રાખવામાજ મનુષ્યનુ જીવન સફળ ગણાય છે પોતાના દેહ તથા પરિવારનુ પોષણ ને રક્ષણ કરવામા એવો ઉદ્દેશ છે કે મારા દેહનો નિભાવ થાય ને તે આરોગ્ય રહે તો હુ કોઇને પણ આશ્રય આપી શકુ. મારો પરિવાર હુ ઉછેરીને તથા કેળવીને લાયક કરૂ તો તે ભવિષ્યની દુનિયાને સહાયકારક ને ઉપયોગી થશે. મારી પુત્રીને ઉછેરીને તથા કેળવીને બીજાના હિતાર્થે દાનરૂપે આપવી એ મારૂ કર્તવ્ય છે એવો ભાવ રાખવો. પુત્રને ઉછેરી લાયક કરી ભવિષ્યની દુનિયાના માણસોને ઉપયોગી થાય એવો ઉદ્દેશ રાખવાનો છે.

વૃક્ષો, નદીઓ, ને વરસાદ કોઇ પણ જાતના પોતાના સ્વાર્થ વિના સૃષ્ટિમા સૌને ઉપયોગી થઇ પડે છે, તે લક્ષમા લઇ મનુષ્ય જેવું ઉત્તમ જીવન બીજાના હિતમાં ગાળવુ. શરીર સપત્તિવાળાએ પોતાના શારીરિક બળથી અને ધનવાને પોતાના ધનથી બીજાનું હિત કરવુ જોઇએ. જ્ઞાની, મહાત્મા, ને વિદ્વાનોએ પોતાના જ્ઞાન ને અનુભવનો લાભ બીજાને ભાષણ કે પુસ્તકોદ્વારે આપીને તેમને સુમાર્ગે ચઢાવવા એ શ્રેષ્ટ પરાર્થભાવ છે. સર્વ વાતે અશક્ત હોય તો બેસીને અથવા સુતાસુતા મનથી સર્વનુ કલ્યાણ ચાહીને, વાણી વડે અત કરણપૂર્વક પ્રભુ પ્રત્યે સૌના ભલા માટે પ્રાર્થના કરવી એ પણ પરાર્થભાવ છે સાધારણ સ્થિતિના માણસો, નિરાધાર ને અશક્ત માણસોને અન્નવસ્ત્રનુ દાન આપવાનો પરાર્થભાવ રાખી શકે અતિસ્વાર્થી એવા હોય છે કે તેના ઘરમાનુ કઇપણ બીજાના ઉપયોગમા જાય તો તેનો જીવ બળી જાય છે રાધેલુ વધે તો સાજે ખાય, પણ કોઇને આપવાનો જીવ ચાલે નહિ શક્તિમાન છતા વસ્ત્ર ગમે તેવા જીર્ણ થાય તોપણ સાંધીસાંધીને તેનો ઉપયોગ કરે પરતુ પોતાનુ હોય તે પોતાના કમજન્માથી મરણ પર્યત બીજાના ઉપયોગમાં જવા દેવુ નહિ એવી તેમની દઢ પ્રતિજ્ઞા જણાય છે. એવા માણસે વિચારવુ જોઇએ કે આપણે જન્મ્યા ત્યારથી રહેવાનુ ઘર, અન્ન, વસ્ત્રાદિ સઘળુ દુનિયાના માણસો તરફથી મળેલુ છે, તે મનુષ્ય ઋણથી મુક્ત થવાને આપણે બીજાના હિતની કાળજી રાખવી જોઇએ આપણે કોઇની પુત્રી લઇને ગૃહસ્થાશ્રમ માડયો છે માટે તે ઋણમાથી છૂટવાને બીજાને આપણી કન્યાનું દાન કરવુ જોઇએ.

આપણા શાસ્ત્રમા એવુ છે કે પુત્ર વિના મુક્તિ થતી નથી તે પરાર્થભાવનેજ હેતુ છે મુક્તિ એટલે ઋણરૂપી બધનમાથી છૂટા થવુ મનુષ્ય સસારમા જન્મીને બીજા મનુષ્યના આશ્રયથી, રહેવાનુ ઘર અન્ન, વસ્ત્રો તથા બીજા ઉપયોગી પદાર્થોને વાપરી પોતાનુ જીવન નિભાવે છે તેથી તે સસારનો ઋણી થાય છે એ ઋણમાથી મુક્ત થવાને ભવિષ્યની પ્રજાને ઉપયોગી થાય તેવા હેતુથી સતતિ ઉત્પન્ન કરી તેને ઉછેરીને લાયક કરવી જોઇએ આથી ઋણમાથી છૂટાય છે, ને એમ બધનમાંથી છૂટવુ તેનુજ નામ મુક્તિ છે

આહાર-વિહાર.

શરીરનુ પોષણ થાય ને તે સુદ્દઢ રહે તેને સારૂ ખોરાકની જરૂર છે ભૂખ રૂપી રોગ દૂર કરવાને ઔષધરૂપ ખોરાક છે ઔષધ જેમ મોજશોખને માટે નહિ લેતા જરૂર પ્રમાણેજ લેવામા આવે છે તેમ ખોરાક પણ ભૂખ ભાગવાને અને જીવન ટકાવવાને જરૂર જેટલો લેવાનો છે જીવવાને માટે ખાવાની જરૂર છે પણ ખાવાને માટે જીવવાનુ નથી એ સૂત્ર લક્ષમા રહેવુ જોઇએ વળી ભૂખ કરતા ઓછુ ખાવુ જોઇએ પરતુ ઘર આગળ સ્વાદિષ્ટ કે ભારે વસ્તુ હોય ત્યારે એ વાત લક્ષમા રહેતી નથી. એમજ બહાર ન્યાતિમા કે બીજે સ્થળે જમવાનુ હોય છે ત્યારે પણ એ નિયમનુ ઉલ્લઘન થાય છે ને તેની સજાને તાબે થવુ પડે છે.

ખોરાક સાત્વિક અને પૌષ્ટિક હોવો જોઇએ. ઘી અને દૂધનું પોતાની પાચન શક્તિ મુજબ સેવન કરવાથી શરીરમા બળ આવે છે ને આરોગ્ય સચવાય છે આહારમા કેવળ સ્વાદેંદ્રિયને વશ થઇ તેને તૃપ્ત કરવાનો મોહ રાખવો નહિ શહેરોમાં વસનારા અને તેમના સસર્ગમા વિશેષ આવનારા લોકો તેલ મરચાના બહુ શ્રદ્ધા પૂર્વક ઉપાસક થઈ ગએલા જણાય છે, અને તેલ મરચાના પરિવાર ભજીયા, પાતરાં, મુઠીયા, ઢોકળા, ખાણુમી, ને કચોરી વગેરેનુ અતિ સ્નેહથી સેવન કરે છે. ખોરાકમા આ વસ્તુ તનદુરસ્તીમા હાનિકારક છે. એથી અનેક વ્યાધિ લાગુ થઇને નિર્બળતા પ્રાપ્ત થાય છે. પુરૂષ કરતા સ્ત્રી વર્ગ એના વધારે શોખી રહે છે ને પુરૂષને તેનો મોહ લગાડે છે આથી ઘરમા નિર્બળતા, વ્યાધિ ને વૈદ્ય ડાકટરનો પ્રવેશ થાય છે ઘી ને દૂધ વગર ચાલી શકે પરતુ તેલને લીલા મરચા વિના એક પણ દિવસ ચાલે નહિ એવી તેમા સજ્જડ પ્રીતિ ચોટેલી હોય છે. અગીઆર રૂપિએ મણનુ તેલ હોય તોપણ તે મોઘુ લાગતુ નથી, ને વાચીને માથે મહાલતો તેલનો દશશેરીયો ઘરમા દાખલ થાય છે, પરતુ બાવીશ રૂપિએ મણનુ ઘી હોય ત્યારે પાચ શેર ઘી ખરીદી લાવતા બહુ મોઘુ લાગે છે. એમજ લીલા મરચાની અછત હોય છે ત્યારે ત્રણ આને શેરના મોઘા ભાવથી લાવીને ખાય છે, પરતુ દોઢ આને શેરનુ દૂધ લાવીને વાપરતા જીવ ચાલતો નથી જીવનને આધાર આપનાર વસ્તુઓનો ખરચ ભારે લાગે છે, ને દેહને વ્યાધિ લાગુ પાડી નિર્બળ કરનારી વસ્તુઓ અતિ અગત્યની ગણીને હોસથી વપરાય છે એ કેવુ ઉલટુ છે. સુરત જેવા શહેરમા તો ખરચ-વરાની ન્યાતોમા જેટલા રૂા નુ ઘી વપરાય છે તેથી લગભગ

નીમે કીંમતનો તેલનો આકડો થતા જાય છે આથી ઘણા લોકને ઘી દૂધ પચાવવાનુ બળ પણ રહેલુ નથી. કોઇ કહે છે કે મને દૂધથી ઝાડા થાય છે ને કેટલાક કહે છે કે ઘીવાળો ભારે ખોરાક મને હઝમ થઈ શકતો નથી. લોકોમા શરીર બળ વાપરીને કામકાજ કરવાનુ દિનપર દિન કમી થતુ જાય છે એટલે પૌષ્ટિક ખોરાક પચાવવાનુ બળ કમી થાય એ સ્વાભાવિક છે. પચાશ વર્ષ ઉપર સ્ત્રીઓ પ્રસૂતિ સમયમા દોઢ માસમા એક મણ સુધી ઘી ખોરાકમા લેતી હતી, હાલ ભાગ્યે દશશેર સુધી વપરાતુ હશે વળી દાક્તરો પણ એમ જણાવે છે કે ઘી વાળો ખોરાક સુવાવડીને ભારે પડે છે માટે તે આપવો નહિ હાલ ગામડામા જ્યા ડાક્ટરોની સલાહ કે મદદ સુવાવડમા લેવાની જરૂર પડતી નથી ત્યા ઘી ઠીક વપરાય છે. શેહેરવાસીના સેહવાસમા વિશેષ આવનાર લોકોમા તેલની પેણી ચુલે ચઢ્યા વિના બે ત્રણ દિવસ ખાલી જાય તો તેમની જીભને સળવળાટ થઇ આવે છે જ્ઞાતિ ભોજનની જમણવારમા ભજ્યા તો હોવાજ જોઇએ, અને દરેક શાકમ પાણીની પેઠે ઉપર તેલ તરતુ રાખવામા આવે છે આવા ખોરાકથી શરીરમા વ્યાધિ ને નિર્બળતા દાખલ થાય એમા કઇ નવાઈ જેવુ નથી

ઉપલા વર્ગના લોકો બહુ સફાઇદાર ને દેખાવમા ઉજળો ખોરાક પસદ કરે છે, ઘઉનો મેદો જે બહુજ બારિકને સફેદ હોય છે તે ખોરાકમાં વાપરે છે. એ મેદો ઘણા દિવસ ઉપર દળાયલો હોય છે, એવો વાસી આટો બહુ અવગુણકારક છે. વળી જેમ બારિક મેદો હોય તેમ પચવામા બહુ ભારે પડે છે. જે આટામા રવો, શુલ્લુ કે છાલાનો થોડો ભાગ હોવાથી તે રતાશ પડતો જણાય તે લોટ પચ-

વામા સુગમ છે. પરંતુ શોખી લોકો પૂરી વગેરેમા સ્વાદ દેખાય તે પસદ કરતા નથી લગ્નના હડીથરા, ખાજાં, ઘેબર, ને બીજુ પકવાન તથા મેદાની પૂરી ઘણા દહાડા થયા પછી ખાવાથી શરીરને અવગુણ કરે છે, માટે એવો સગો અથવા બીજો વાસી ખોરાક હોય તે ખાવો નહિ.

વિહાર

भोगे रोगमयं એવુ ભર્તૃહરિનુ વચન છે. કેટલીક બીન જરૂરી વસ્તુઓ વાપરીને શરીરને તેની ટેવ પાડવામા આવે છે આ દેશના રહેવાસીઓને ચા, આઇસક્રીમ વગેરે ગુણકારી નથી એટલુજ નહિ પણ પ્રતિકૂળ પડે છે. એમ છતા ચાને પોતાની માતા ને બીડીને બાયડી સમાન વહાલી ગણવામા આવે છે. કેટલાકતો એવા ચાને વશ થઇ ગયા હોય છે કે તે વિના તેમને કઈ કામ સૂઝ પડે નહિ કોઇ તો બે કે ત્રણવાર સેવન કરનારા હોય છે, અને તે ઉપરાત રેલવે સ્ટેશને, હોટલમા, કે મિત્રોના સમાગમમા પણ લેવા ચૂકતા નથી. આવી રીતે ચાના અતિ સેવનથી જઠરાગ્નિ મદ થઇ પાચન શક્તિ નિર્બળ થઇ જાય છે. શરીરને કસવાને તથા ભોગ વિલાસની વૃત્તિ ઉપર અકુશ રાખવા માટે એવો નિયમ પાળવો કે જેમ બને તેમ ઓછી વસ્તુઓના ઉપયોગથી ને ઓછા માણસની સહાયતાથી શરીરનો નિર્વાહ કરીને ગૃહસ્થાશ્રમ ચલાવવો.

યુરોપી બનાવટની નવી મોહક વસ્તુઓ જોવી કે પૂરતો વિચાર કર્યા વિના ખરીદવી એવો હડકવા જ્યા ત્યા જોવામા આવે છે. પછી થોડા દિવસમાં મોહ નાશ પામી તે પર અભાવ થાય છે યુરોપી ઘણી ખરી શોધો ને બનાવટો એકલક્ષી હોય છે, તેમા એકજ બાબતનો ફાયદો હોય છે પણ અનેક રીતનુ નુકશાન પાછળથી અનુભવમાં આવે છે આ દેશમા દીવેલના દીવા હજારો વર્ષથી થાય છે તે દીવેલનો ઉપયોગ સસ્તો ને આખને ફાયદાકારક છે, તેના દોષ વિષે એક પણ શબ્દ કોઇથી કહી શકાતો નથી પરતુ કેરોસીન તેલ, ગ્યાસ લાઇટ, કિટસન લેમ્પ, ને વીજળી વગેરેની બીજી લાઇટના અતિ પ્રકાશથી આંખોને બહુ ઇજા થઇ નબળાઇ પ્રાપ્ત થાય છે અને ખર્ચ વધારે થાય છે. કેરોસીન તેલનો પ્રકાશ અને ગધ પાસે બેસનારને કટાળો આપે છે, વળી એથી આગનો સભવ વધારે છે પુસ્તકોમા ઝીણા અક્ષરોના ટાઇપ વાપરવાથી પુસ્તક નાનુ ને સસ્તુ થાય, પરતુ તે વાપરવાથી આખ ઉપર કેવી અસર થાય છે તેનો વિચાર પાછળથી ઘણે અનુભવે બીજા માણસોને સઝયો છે પહેલા પચાશ વર્ષની વયના માણસોને પણ ચસ્માની ભાગ્યેજ જરૂર પડતી, અને હાલ બારતેર વર્ષની વયના છોકરાને ચસ્માની જરૂર પડે છે તે હાલની જુદી જુદી નવીને અતિ પ્રકાશવાળી લાઇટ અને ઝીણા ટાઇપ્સના પુસ્તકોને આભારી છે

એમજ બાઇસીકલ, મોટારકાર ને વિશેષ વેગવાળી રેલવે ટ્રેનોની મુસાફરી શોખથી કરવામા આવે છે ને અમુક મિનિટમાં આટલા મેલ દૂર જઇ આવ્યાની બડાઇના તગાકા મારવામા આવે

છે, પરતુ એથી છાતી તથા ફેફસાં ઉપર જે અસર થાય છે તે હાલ લક્ષમા આવતી નથી. એમા .અમૂક સ્થળે જલદી પહોચાય એટલો એકલક્ષી લાભ માત્ર છે. વાતાવરણમાથી ખૂબ જેસમા પમાર થતા તેને ખસેડતાં વાતાવરણના ધક્કા ને આચકાથી છાતી તથા ફેફસાંને કેટુ નુકસાન થાય છે તે ભવિષ્યમા અનુભવમા આવશે. જ્યારે એ વસ્તુઓનો ઉપયોગ બરાબર જડ ઘાલીને સજ્જડ દાખલ થશે ત્યારે પછી એનો ઉપયોગ નહિ કરવાને તેના ગેરલાભ વિષે બૂમાબૂમ થશે ને પછી કહેવાની અસર થવી બહુ મુસ્કેલ થઇ પડશે. પહેલા કાશી અથવા અમુક સ્થળે જનાર પ્રવાસી વચમાના પ્રદેશો તેની ભૂમિ, વનસ્પતિ, મનુષ્યના આચાર વિચાર, પાક, વ્યાપાર વગેરે અનેક બાબતોની માહિતી મેળવતા હાલ જ્યા જવુ હોય ત્યા તે સ્થળનુ લક્ષ રાખી જેમ બને તેમ ત્વરાથી ત્યા જઇને પાછુ આ-વવુ એટલુજ ચિતન હોય છે, પણ તેની સાથે બીજો લાભ લેવા ઉપર લક્ષ હોતુ નથી. પહેલા જીલ્લાના અમલદારો ડીસ્ટ્રીક્ટમા તબુ નાખીને એકાદ અઠવાડીઉ રહીને ખેતી તથા લોક સ્થિતિનુ અવ-લોકન કરતા હતા, હવે ઘણીવાર મોટારકાર્ટમા કે બાઇસિકલ ઉપર બેસીને ઘણે દૂર સુધી જઇ ત્યા બે ત્રણ કલાક રોકાઇને કામ કરી સાજે પાછા સદર સ્ટેશને જઇ પહોચે છે. આવા મોજશોખના સા-ધનોથી ટુકા વખતમા કામ બરાબર જોવામા આવે નહિ એ સ્વા-ભાવિક છે.

હાલના મોજશોખના ઘણાખરા મોહક પદાર્થોથી લાભ કરતા પરિણામે હાનિ વધારે જણાય છે. માટે આહાર તેમજ વિહારમાં

નવું ગ્રહણ કરતાં પહેલાં જુનામા શુ શુ ગેરલાભ છે તેનો ફરીને વિચાર કર્યા બાદ તેને ગ્રહણ કરવુ. નવુ દીઠું કે તરત મોહ પામીને લેવુ એથી શરીરની નિર્બળતા વોહોરી લઇ પસ્તાવાનો પ્રસગ આવે છે.

વસ્ત્રાલંકાર

શરીરતું રક્ષણુ થાય, મર્યાદા જળવાય, ને શરીર શોભે એ વસ્ત્ર પહેરવાના મુખ્ય ઉદ્દેશ છે. હાલ ઘણુ ખરૂં ત્રીજા ઉદ્દેશ ઉપર માત્ર ધ્યાન અપાય છે. બહુજ બારીકને શરીર દેખાય એવા વસ્ત્રોની પસંદગી થાય છે, તેથી મર્યાદા ને શરીર સરક્ષણનો હેતુ સચવાતો નથી. પુરૂપ કરતાં સ્ત્રીઓના પોશાકમાં બહુ ગેર રીત ચાલે છે. લગ્ન પ્રસંગમા પહેલાની પેઠે હાલ રેશમી કે કસબી જેવાં કીમતી ને ટકાઉ વસ્ત્રોની પસંદગી થતી નથી. વિલાયતી ઝીણા પોતની તકલીદી સાડીઓ કે જે પાચ દશવાર પહેરી કે ઝાંખી ને પુંજા જેવી થઇ જાય છે, અને તેનો ચળકાટ ને ભમકો જતો રહે છે, એટલે બીજા રંગની નવી સાડી ખરીદવાનો પ્રસગ આવે છે. વળી સ્ત્રીઓની ચોળી ખભાથી માત્ર ચારેક આંગળ નીચે રહે છે તેથી હાથની કોહોણી ઉપરનો મોટા ભાગ ઉઘાડો રહે છે તે ઠીક લાગતુ નથી તે ઉઘાડા ભાગનુ ટાઢ કે તાપથી રક્ષણ થતું નથી, એટલે વધારે ખરચમાં પડીને શરીરતું રક્ષણ ગુમાવવાની મૂર્ખાઇ થતી જોવામાં આવે છે. સ્ત્રીઓએ વસ્ત્રની નીચે (ચરણ—પગ ઉપર) ચરણીઓ

પહેરવાથી રક્ષણને મર્યાદા બેઉ હેતુ સચવાય છે. કેટલીક સ્ત્રીઓ ફેસનની એવી શોખીન ને હોંસીલી હોય છે કે ચોળીના કપડાની કીંમત કરતાં તેની શીવડામણી વધી જાય એવી ફેસનેબલ શીવણ પસંદ કરે છે. સ્ત્રીઓ પોતાની સતતિ માટે તેમના સરક્ષણની ચિંતા નહિ રાખતા કેવળ શોભા ઉપર નજર રાખીને ભભકાદાર ને દેખાવડાં વસ્ત્રો પસદ કરે છે. તેના ટકાઉપણાનો બીલકુલ વિચાર કરવામાં આવતો નથી આથી ખરચના ભારે બે.જામા ઉતરવુ પડે છે ને પછી બૂમ મારે છે કે મોઘવારી બહુ મારી પાડે છે. ખરૂ જોતાં મોઘવારી કરતાં આપણી ભૂલજ આપણને મારી પાડે છે. પચાશ વર્ષ ઉપર રેશમી કે કસબી કીમતી વસ્ત્રો પસદ કરવામા આવતાં, તે એવાં ટકાઉ હતાં કે એક માણસ પોતાની જીદગી સુધી વાપરે ને વળી પાછળ બીજાને પણ ઉપયોગમા આવી શકે વળી તે જીર્ણ થાય ત્યારે પણ રૂપીએ એક બે આની જેટલુ વળતર થતુ. હાલની સાડીઓ ને બીજા વસ્ત્રો એવા તકલીદી હોય છે કે બે ત્રણ વર્ષમાંજ તે પહેરવા યોગ્ય રહેતાં નથી. જેને માટે લીધી હોય તેનેજ બીજી વસાવવાનો પ્રસગ આવે છે તો પછી પાછળ બીજાના ઉપયોગની તો વાતજ શી કરવી. વળી તે જીર્ણ કે નિરૂપયોગી થતા તેમાં કશુ વળતર થતુ નથી. તેની સાથે એવા ઝીણા હોય છે કે શરીરના અવયવો દેખાય છે ને મર્યાદા સચવાતી નથી એટલે શરીરના રક્ષણનો મુખ્ય ઉદ્દેશ દૂર થઇ માત્ર શોભાનો હેતુ સચવાય એવા વસ્ત્રો પસદ કરાય છે. આવી ભૂલ નહિ થાય તેને માટે સભાળ રાખવી જોઇએ.

અલંકાર.

આ દેશની રૂઢીને અનુસરીને અલંકારની જરૂર પડે છે, પરંતુ તેમાં બહુ વિવેક રાખવાનો છે. અલંકારમાં મોતીનો વાપર જેમ બને તેમ કમી થાય તેમ કરવુ. "મોતીની મા રોતી' એવી કહેવત છે તે વાસ્તવિક છે. મોતીની કીંમતમા સ્થિરતા હોતી નથી ને વારંવાર ભાવમા વધઘટ થયા કરે છે. વળી સોનાના દાગીનાના જેવી સુગમતાથી પૈસા થાય છે તેવી રીતે મોતીના થઇ શકતા નથી. પચાશ વર્ષ ઉપર રૂપાનાં ઘરેણાંનો વાપર બહુ હતો, હવે તે બાદ થઇને સોના તથા મોતીના દાગીના વપરાય છે. સોનાના દાગીનામાં જેમાં સોનીની મજુરી બહુ થતી હોય તેવા ઘાટ પસદ કરવા નહિ. સોનાની કીંમત શીલક તરીકે દાગીનારૂપે રહે છે, પરંતુ મજુરીનો મોટો ખરચ થાય તે નકામો જાય છે લાખ ભરેલા પોલા, ઝાળણુ કે રહેવણવાળા, ઝીણી કોતરણીવાળા નકશીદાગ, ને મશીનપાલેસથી કરેલા ચળકાટવાળા દાગીનામા મજુરી સાથે ½ થી ¾ સુધીના ભાગની ખોટ ખમવી પડે છે. વળી વારવાર ઘાટ ફેરવીને નવી ફેસનના દાગીના ઘડાવવાથી દરેક પ્રસંગે મોટુ નુકસાન ખમવું પડે છે માટે મજુરીના ખરચનો ને બીજા નુકશાનનો પુરતો વિચાર કરીને, અમુક ઘાટ પસદ કરીને શુદ્ધ સોનાના વધારે મુદત પહેરી શકાય એવા દાગીના ખાસ જરૂર પ્રમાણે ઘડાવવા.

વસ્ત્રાલંકારનો ખરચ આડોશીપાડોશી, સગાવહાલાં ને ન્યાતીલાઓને જોઇને તેમને અનુસરીને કરવાનો નથી પુરૂષની પેદાશ તથા ઘરના પરિવારનો ખરચ જોઇને શક્તિ પ્રમાણે શોખ કરવાનો છે.

એવા કામમાં દેખાદેખી દુઃખ વેઠીને કે કરજ કરીને કોઈની બરાબરી કરવી એ મોટી મૂરખાઈ છે.

માત્ર વસ્ત્રાલંકારથીજ ખુબસુરતી ને દેખાવડાપણું આવે છે એ સમજ ખોટી છે. આનંદી સ્વભાવ ને લોહીયાળ ગુલાબી ચેહેરાથી વાસ્તવિક ખુબસુરતી દેખાય છે. બળેલા સ્વભાવથી નિરંતર ઉદાસ રહેનાર, લોહી વિનાના શ્યામતા કે ફીકાશવાળા ચહેરા, ડાચામાં ખાડા પડેલા ને આંખો ઉંડી પેસી ગએલી એવી સ્થિતિના માણુસ ખુબસુરતી માટે ગમે તેવા વસ્ત્રાલંકાર પહેરે તોપણ તે જોનારને અણુગમતા ને બાવળીયા જેવા દેખાય છે. એથી ઉલટું આરોગ્યને આનંદી હોવાથી લોહી ભરેલા ચહેરાવાળા મનુષ્ય અલંકાર વિના માત્ર સાદો પોશાક પહેરે છે તોપણ તે પોતાના તરફ બીજાની દૃષ્ટિ આકર્ષે છે ચિંતામાં પીડાવાથી જેનો ચહેરો નિસ્તેજ થઇ ગયો છે એવા એક રાજાની કીમતી વસ્ત્રાલંકારયુક્ત છબી હોય, અને તેનીજ પાસે એક સદાનંદી ભવ્ય ચહેરાવાળા યોગી માત્ર શ્વેતવસ્ત્રયુક્તની બીજી છબી હોય તો પેલા વસ્ત્રાલંકારયુક્ત રાજાની છબી કરતાં જોનાર પેલી આનંદ મૂર્ત્તિના દર્શનથી સંતોષ પામી ત્યાંજ દૃષ્ટિને ઠેરવશે. એજ પ્રમાણે બળેલા સ્વભાવથી ચિંતાતુર રહેનારી નિસ્તેજ ને સુકા ચેહેરાવાળી સ્ત્રી ગમે તેવા કીમતી વસ્ત્રાલંકાર ધારણ કરે, તેના કરતાં આનંદી સ્વભાવથી શાંતિમા રહેનાર ભરાવ ને રતાશ પડતા ચહેરાવાળી સ્ત્રી માત્ર સાદા વસ્ત્રોથી મોહક થઇ પડે છે. માટે ટાપટીપની કૃત્રિમ ખુબસુરતી કરતા વાસ્તવિક ખુબસુરતી શેમા છે તે સદા લક્ષમાં રાખવુ.

પાત્રો ને પદાર્થો.

પાત્રો તથા બીજા પદાર્થો ખરીદતી વખતે તેનું ટકાઉપણું જોવું જોઇએ. ભભકો તથા ઓછી કીંમતથી મોહ પામી તકલીદી વસ્તુઓ ખરીદવી નહિ. આપણા ઘરમાં જોઇશુ તો બે ચાર વાસણ કે બીજી વસ્તુઓ આપણા બાપ કે દાદાના વખતમાં વસાવેલાં મળી આવશે અને તે આપણી પાછળ આપણા વંશજ વાપરી શકે એવી સ્થિતિમાં હોય છે. પરંતુ આપણે વાસણ અને વસ્તુઓ એવી વસાવીએ છીએ કે આપણી હયાતીમાંજ તે ત્રણ ચાર વખત ફરી વસાવવાની જરૂર પડે છે તો પછી વંશજના ઉપયોગની તો આશાજ શી રાખવી. તકલીદી વસ્તુઓ સસ્તી મળે પણ તે થોડાજ વખતમાં ફરી ખરીદવાનો પ્રસંગ આવે એટલે પરિણામે તે મોંઘી પડે છે. અને ટકાઉ વસ્તુ ખરીદતાં તે મોંઘી લાગે છે પરંતુ પરિણામે તેજ સસ્તી થઇ પડે છે. આથી અનુભવીઓની કહેવત છે કે "સોંઘું તેજ મોંઘુ" તેના ખરાપણાની ખાતરી થાય છે. હાલ લોઢાનાં, જર્મનનાં ને એલ્યુમીનમ વગેરે ધાતુનાં વાસણનો વાપર વધતો જાય છે. લોઢાના વાસણો સસ્તાં પડે છે પરંતુ જલદી કાણા થઇ નકામાં પડે છે એવીજ રીતે એલ્યુમીનમ તથા જર્મનનાં વાસણો પણ તાંબા પીત્તળના જેવા ટકાઉ નીવડતાં નથી જર્મનના વાસણોમાં ખાવું પીવુ દુરસ્ત નથી રાંધેલી વસ્તુ બે ત્રણ કલાક રહે તો સ્વાદ ફેર થઇ જાય છે ને ખટાશવાળી વસ્તુઓ જલદી કટાઇ જાય છે. પ્રાચીનકાળથી લોઢાનાં વાસણોનો નિષેધ ગણાયલો છે તે બહુ દીર્ઘદ્રષ્ટિથી ઠરાવેલુ છે. જર્મન તથા એલ્યુમીનમ વગેરે ધાતુઓ હાલ થોડા વર્ષથી આ દેશમાં નવી દાખલ થઇ છે તેથી તેના ઉપયોગ વિષે પ્રાચીન મત મળશે નહિ, પરંતુ

અનુભવથી સિદ્ધ થાય છે કે એ ધાતુઓના પાત્રો વાપરવામાં બહુ ગેરલાભ છે. તાંબા પીત્તળનાં વાસણો કાણાં થાય તો સુધારી શકાય છે, ને ભાંગી જાય તો તેની નીમે કીંમત ઉપજે છે, પરંતુ લોઢાનાં, જર્મનનાં ને અલ્યુમીનમનાં વાસણો કાણું થતાં નકામાં પડે છે, ને ભાગી જતાં તેની કીંમત નહિ જેવી ઉપજે છે. વસ્તુ ખરીદવામાં તેનું ટકાઉપણું, વાપરવામાં અનુકૂળતા, તથા તેની કીંમત એ ત્રણનો વિચાર મુખ્ય કરવાનો છે.

વસ્તુ દેશી છે કે પરદેશી છે એવો મિથ્યા આગ્રહ રાખવાની જરૂર નથી. દેશી હોય ને પ્રતિકૂળ હોય તો ખોટા અભિમાનથી તે લેવાની અગત્ય નથી. અયોગ્યને ઉત્તેજન આપવામાં કશો લાભ નથી. દેશી વસ્તુને બહાને ઘણી ઠગાઇ ચાલે છે. અનુકૂળ ને સસ્તુ મળે તે છોડી અણગમતું કે મોઘું ખરીદવામાં આવે તે કુદરતી રીતે નહિ બની શકે એવુ છે. કેટલાક સ્વાર્થી તો દેશીને ઉત્તેજન આપો એમ જણાવી મૂર્ખાઇ ભરેલી જાહેરખબરો બહાર પાડે છે. એક દવા વેચનારે જાહેરખબરને મથાળે લખ્યુ કે "દેશી દવાને ઉત્તેજન આપો" હવે એ વૈદ્યરાજની અક્કલ ભરેલી ભલાગણુ ઉપરથી એવો પ્રશ્ન નીકળે છે કે શી રીતે ઉત્તેજન આપવું? માંદા પડયા સિવાય ઉત્તેજન આપવાને ખાતર દવા ખાવી? અથવા માંદગીમાં એની દવાના ઉપયોગથી ફાયદો ન માલમ પડે તોપણ તે લેવાની ચાલુ રાખવી? જો માંદવાડમાં તે દવા લેવાથી ફાયદો થતો હશે તો પછી તે દવા દેશી હોય કે પરદેશી હોય તોપણ લોકો આપોઆપ કોઇની ભલામણ સિવાય લેવા આવશેજ. માટે વસ્તુના ગુણથી તેનું પોષણ થાય છે એ યાદ રાખવું. કોઇ રાજમાં, કંપનીમાં કે મોટા વેપારીને દીવાન,

મેનેજર કે મુનીમની જરૂર હોય તે જગ્યા માટે લાયકાતવાળા બહારના માણસને પડતો મૂકીને પોતાના દેશી, સગા, કે જ્ઞાતીલાને લાયકાત વિના ઉત્તેજન તરીકે પસંદ કરવામાં આવે તો તેથી પરિણામે હાનિ થયા વિના રહેશે નહિ.

પ્રાચીનકાળથી આ દેશ ખેતીની કુદરતી પેદાશ ઉપર જીવન ચલાવનારો છે. યુરોપની મોહક ને તકલીદી કારીગરીની નકલ કરીને ગુજરાન ચલાવે એ કુદરતથી ઉલટું છે. હાલમાં ખેતી કરનારની સંખ્યા દિનપરદિન બહુ કમી થતી જાય છે. ખેતીના કામ માટે મજુર મળી શકતાં નથી. ઘણી મુશીબતે ખેતીના કામ માટે માણસો મળે છે તો તે એટલો બધો મજુરીનો દર માગે છે કે ખેતીની ઉપજ કરતાં મજુરીની રકમ વધારે થઇ જાય છે. આવા વખતમાં કારીગરીને ઉત્તેજન આપી તેને દેશમાં વધારવી ને જમીનને ખેડાણ કર્યા સિવાય પડતર રાખવી તે ગાયને દૂર કરી બકરી લાવીને તેનાથી પોષણ મેળવવાની ઇચ્છા કરવા જેવું છે. યુરોપ ને અમેરિકાના જેવી કારીગરી અત્રે દાખલ થાય અને ત્યાંનાં જેટલાં માણુસો અહીં કારીગરોમાં જોડાય તો મજુરીનો દર એટલો વધી જાય કે તે દર ખેડૂતોને પાલવે નહિ; અને આ દેશની રસાળ ભૂમિ ખેડાયા વગર પડતર રહેવાનો પ્રસંગ આવે માટે દેશી ચીજ ગણી અયોગ્ય રીતે ઉત્તેજન આપવુ તે કુદરત વિરૂદ્ધ છે ને તેથી કશો લાભ નથી. દુકાળના વખતમાં કોઇ પ્રસંગે જીલ્લાના સત્તાધિકારી બહાર અનાજ ચડાવવાની મના કરે છે, ત્યારે વેપારીઓ પોતાનો માલ વેચવા સારૂ બહાર નહિ કાઢતાં સંઘરી મૂકે છે; એટલે અનાજની વધારે અછત રહે છે તેથી કરેલી મનાઇનું કશું લાભદાયક ફળ થતું નથી. જ્યારે બહારગામ

મોકલવાની છૂટ થાય છે, ત્યારેજ વેપારી માલ વેચવા કાઢે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ક્રયવિક્રયમાં અયોગ્ય બંધન સિવાય સ્વાભાવિક રીતે કુદરતને અનુસરવું તેજ લાભકારક છે.

યુરોપી વા એવો વાય છે કે કોઇપણ પદાર્થને એક સ્થિતિમાં ઠર રહેવા દેવો નહિ તેના સ્વરૂપમાં સારો કે માઠો પણ ફેરફાર કર્યા કરવો. એથી કોઇ વસ્તુ નવી બનેલી આવી હોય તેવીજ એ ચાર વર્ષ પછી શોધવા જઇશું તો તે મળશે નહિ; પરતુ તેમાં થોડો કે ઘણો ફેરફાર થએલો જોવામા આવશે. એવો ફેરફાર જોઇને લોક મોહ પામીને ખરીદે છે. આથી આપણા દેશના લોકોની ગંભીરતા જતી રહીને યુરોપી મોહક ચચળતા દાખલ થઇ ગઇ છે, તેનો ત્યાગ કરીને વસ્તુ ખરીદવામાં આપણી ઠરેલ ગભીરતા ગ્રહણ કરવી.

પોતાની બડાઇનાં બાકાં ફુંકનારી, લોકોને લલચાવીને ઠગનારી ને આડબર ભરેલી અનેક જાહેરખબરો તથા હેડબિલો લુચ્ચા ને આપસ્વાર્થી માણસો તરફથી બહાર પડે છે તેથી ખૂબ સાવધ રહેવુ, ને તે ઉપર ભરોસો રાખી કંઇપણ ખરીદવુ નહિ. અજાણુ માણસોને ફસાવવાને મોટામોટાં ઇનામની લાલચો બતાવવામા આવે છે તે સઘળું પોગળ સમજીને તેથી દૂર રહેવું. વળી ઓષધોપચારમાં યાદ રાખવુ કે આ ગરમ દેશના મનુષ્યોને વનસ્પતિની દવા વધારે માફક ને લાભકારક છે. ધાતુની તેમજ બીજા ખનીજ પદાર્થની દવા ધાસ્તી ભરેલી છે. ઘણી ખરી વિલાયતી દવાઓ ખનીજ પદાર્થની બનેલી હોય છે તે તાત્કાલિક ગુણ બતાવીને પરિણામે હાનિ કરે છે મકાનનાં છાપરામા લોઢાનાં પતરાંનો ઉપયોગ દિનપરદિન આપણા દેશમા વિશેષ થતો જાય છે. આ નવીન રીતના છાપરાથી ખરચમાં કીફાયત

થાય, પરંતુ આપણા ગરમ દેશમાં લોઢાનાં પતરાંનાં છાપરાં બહુ પ્રતિકૂળ થઇ પડે છે ઉનાળાની ગરમીમાં પતરાં અતિશય તપીને ગરમ થાય છે, તેની અસર મગજ તથા નેત્રને વિશેષ થવાથી શરીરમાં નિર્બળતા દાખલ થાય છે. ઠંડા દેશમાં પતરાંનો ઉપયોગ છાપરામાં કરવામાં હરકત નથી પરંતુ આપણા ગરમ દેશમાં પ્રતિકૂળ છે.

સાધનનો સદ્ ઉપયોગ.

અનુકૂળ સાધનોનો સદઉપયોગ કરવાથી મનુષ્યની, તેના કુટુંબની, અને દેશની ઉન્નતિ થાય છે, પરંતુ તેનો દુરુપયોગ કરવાથી તેજ સાધનો તેની અવનતિનું કારણ થઇ પડે છે કોઇને બાપદાદા તરફથી કે બીજા સગા તરફથી ધનસંપત્તિનો વારસો મળ્યો હોય તેથી આળસુ, વ્યસની, કે દુરાચારી થઇ જાય તો તે સાધન તેને દુખઃદાતા થઇ પડે છે, ને તે આખા ઘરની અવદશા કરે છે.

સુરતથી વીશ માઇલ ઉપર એક કસ્બો છે તેને પહેલાં રેલવેનું સાધન નહોતુ. ત્યાંથી માલ તથા માણસોની પગ રસ્તે આવ જા થતી હતી. ઘણા અનુભવી વેપારી અને બીજા સત્તાવાળા અમલદારોના ધ્યાનમાં આવ્યુ કે એ તરફ રેલવે થવાથી વેપારની વૃદ્ધિ ને આબાદી થશે આ વિષે પચીશેક વર્ષ સુધી ઘણી માગણી ને કોશીશ થતાં એ તરફ પંદરેક વર્ષ થયા રેલવેનુ સાધન થયુ છે. પણ એ રેલવેનો તે કસ્બાના લોકોએ ઉત્પાદક કાર્યમાં ઉપયોગ કર્યો નહિ. તેઓ એવા શોખીન ને કોમળ થઇ ગયા કે પોતાના ગામથી મા માઇલ ઉપર સ્ટેશને જવાને પણ ગાડી શોધે, અને સુરત આવે

ત્યારે ત્યાંના સ્ટેશનથી શેહેરમાં આવતાં પણ ગાડી વિના ચાલે નહિ. સંસારી લગ્ન પ્રસંગમાં આવવા જવાનું ઘણું વધી ગયું. પહેલાં ત્યાં ગ્નાતિમાં સાદું જમણ થતું હતું; હાલ રેલવે થવાથી તે માર્ગે સુરતથી ખરફી ઘારી વગેરે મીઠાઇ મંગાવીને ઉત્તમ ને ખરચાળ ભોજન થવા માંડયાં છે. ઉછરતા જુવાનોએ અઠવાડીઆમાં એક બે વખત નાટકો જોવાને આવવા માંડયું. શેહેરનો સહવાસ વધવાથી કસ્બામાં ચાની દુકાનો, હારમોનિયમ, ને બાઇસીકલનો શોખ દાખલ થયો ને લોકો ઘણા ખરચાળ થઇ ગયા. એ રેલવેનો બહારના વેપારીઓએ લાભ લીધો પરંતુ કસ્બાવાસીએ તો એમજ માની લીધું કે માત્ર મોજ શોખમાં ઉપયોગ કરવાનેજ રેલવેનું સાધન થયું છે. એ કસ્બામાં બે ત્રણેક કંપની ઉભી થઇને જુદાં જુદાં કારખાનાં નીકળ્યાં. પરિણામે પંદરેક વર્ષના પ્રસંગમાં ત્રણ ચારેક દેવાળાં નીકળ્યાં. અગાઉ એ કસ્બામાં સારી સ્થિતિના શાહુકારો હતા ને કોઇ દેવાળાની વાત જાણતુ નહોતું. હાલ પૈસો ટકો ઘણો ઓછો થઇ ગયો છે, પરંતુ બહારનો દેખાવ ને ભભકો અજાણ્યા માણસને ભૂલાવી નાંખે એવો ડોળ દાખલ થયો છે. મતલબ કે અનુકૂળ સાધનનો સદુપયોગ નહિ કરવાથી જે ઉન્નતિનું સાધન હોય તેજ અવનતિ કરનારૂ થઇ પડે છે.

ઘડીઆળ એ વખત જાણવાનું ઉદ્યોગી માણસને ઉપયોગી સાધન છે. હરેક કામ નિયમિત રીતે કરવું, પોતાનો સમય નકામો જવા દેવો નહિ, સુવું, ઊઠવું, ખાવું પીવું, ને બીજું કામ સમયસર કરનારને તે બહુ અગત્યનું છે; પરંતુ મોટાઇને ખાતર કે શોભા માટે માત્ર અલંકાર તરીકે બીજાની દૃષ્ટિનું આકર્ષણ કરવાને રાખનારને એ નકામો ખરચ ને સાધનનો ગેર ઉપયોગ છે.

ઉનનું કાપડ ટાઢની મોસમમાં ઉપયોગી છે; પરંતુ યુરોપની પેઠે આ ગરમ દેશમાં બારે માસ એની જરૂર પડતી નથી. તે છતાં ઉનાળાની તાપની મોસમમાં પણ ઉનનાં મોજાં ને ગરમ કપડાંનો ઉપયોગ કરી વધારે ખરચમાં પડી લાભને બદલે હાનિ મેળવે છે. આપણા પ્રાંતમાં સંચાની મદદ સિવાય કપાસને પીલી, કાંતી, તથા વણીને દોટી (ખાદી) નું જાડું કાપડ બનાવતા હતા તે ઉનના જેવું ગરમ થતું હતું. સંચાની મદદથી હરેક વસ્તુ સહેલથી ને શોભિતી થાય છે ખરી, પરંતુ તેનું સત્ત્વ ઓછુ થાય છે. હાલ રૂ ને સૂતર સંચાની સહાયતાથી તૈયાર થાય છે તો પણ એની હાથે વણેલી ખાદી ઉનના મોઘા વસ્ત્રને બદલે વાપરવી એ સાધારણ સ્થિતિના માણસને ફાયદાકારક છે. પ્રાઇમસના ચૂલા ઉપર તૈયાર થએલી ચા અને બીજો ખોરાક અગ્નિથી પકાવેલા જેવો ગુણકારક થતો નથી. એમજ મિલના ચોખા ને લોટના ઉપયોગથી પણ અનુભવમાં આવે છે કે ખાવા પીવાની ચીજોમાં યંત્રોનો ઉપયોગ કરવો તે સલાહ ભરેલું નથી.

હાલ તાર, પોષ્ટ, ને રેલવેનાં સાધનોની સગવડ વિશેષ થઇ છે, પરંતુ ખાસ જરૂર વગર નજીવા ને અનુત્પાદક કામમાં તેનો ઉપયોગ કરી ખરચ વધારવો ને સમય ગુમાવવો એ પણ સાધનનો ગેરઉપ-યોગ કરવા જેવુ છે.

સઘળાં ઉપયોગી સાધનોનો સદ્ઉપયોગ નહિ થતાં તેને માત્ર મોજશોખનાંજ સાધન કરી નાંખવાથી તે હાનિકારક થઇ પડે છે.

કસરત

શરીરની સુદૃઢતા ને આરોગ્ય માટે કસરતની જરૂર છે. હાલ ખુલ્લી હવામાં સ્ત્રી પુરૂષોએ ફરવા જવુ અને ક્રિકેટ, ટેનિસ, ફુટબોલ વગેરે યુરોપી ઢબની રમતગમત કરવી એ મુખ્ય કસરત મનાય છે. વિદ્યાર્થીઓ માટે શાળામા પણ કસરતના ખાસ સાધનો એ ત્રણ કાયદાથી દાખલ થયા છે, પરંતુ લોકોની શારીરિક સ્થિતિ જોતા એવી કસરતથી કંઇ વાસ્તવિક લાભ થએલો જણાતો નથી. યુરોપી ઢબની કસરતનાં સાધનો વધારે ખરચાળ અને સાધારણ સ્થિતિનાં માણસોને પ્રતિકૂળ પડે એવાં છે, તો પછી શા માટે તેજ ઢબની કસરતને સૌએ વળગી રહેવુ જોઇએ ? ખરેખરી લાભકારક ને વાસ્તવિક કસરત તો પોતાના ઘરના કામકાજથી થાય છે. ઘરના કામ માટે ચાકર રાખીને ઘરનો ખરચ વધારી શરીરે નિર્બળ થવુ અને પછી બળ કે તાકાત મેળવવાને ઘર બહાર ફરવા જવુ એ નકામાં ફાંફાં છે. ઘર કામ છોડી બેસી રહેવુ ને પછી ખાધેલુ પચતું નથી એવી બુમો પાડીને વૈદ્ય કે ડાકટર પાસે દુ:ખ રડયા કરવુ તે રોગ તથા અશક્તિને પોતે આમંત્રણ કરી બોલાવવા જેવુ છે. આખો દહાડો કામ કરીને થાક નાર શાંતિ માટે ખુલ્લી હવામાં સાંજે ફરવા જાય તે વાસ્તવિક છે. પરંતુ આખો દહાડો ઘરમાં બેશી રહેનાર સ્ત્રી કે પુરૂષ કસરત સારૂ ફરવા નીકળે તેમાં કસરતનો ખરે ખરો લાભ મળતો નથી. વૃદ્ધ, અશક્ત, કે રોગી મનુષ્ય માટે આ કહેવામાં આવતું નથી, પણ જુવાન ને તનદુરસ્ત માણસ માટે તો શરીરને શ્રમ પડે એવુ ધંધાનુ કે ઘર સબંધી કામકાજ કરવું એજ ખરી કસરત છે. દિનપર દિન જેમાં બળનુ કામ હોય તેવાં કામમાં લોકોની અપ્રીતિ થતી જાય છે ને શેઠાઈ તથા મોજ

શોખ ઉપર પ્રવૃતિ વધતી જાય છે તેથી માણુસોમાં નિર્બળતા વધતી જાય છે. પાંચ સાત શેર ભાર પોતાથી ઉંચકાય એમ હોય તો પણુ તેમાં શરમ માનીને મજુર પાસે ઉંચકાવે છે. સ્ટેશનથી ઘેર આવતાં ચાલી શકાય એવુ હોય તો પણુ માન કે મોટાઇને ખાતર ગાડી ભાડે કરીને આવે છે ને પછી કસરત તરીકે ફરવા નીકળે એ સાધારણુ સ્થિતિના માણુસોને તન તેમજ ધનની નિર્બળતા વોહોરી લેવા જેવુ છે. જ્યારે રેલવેની હાલની પેઠે આટલી બધી શાખાઓ ન હતી ત્યારે શેહેરથી પંદર વીશ માઇલ દૂરના કસ્બા કે ગામના લોકો શેહેરમાં કામે કાજે પગે ચાલીને આવતા તેમજ ચાલીને પાછા જતા હતા. હવે કસ્બા તથા ગામ શાખા રેલવેથી જોડાવાથી લોકો તે રેલવેનો લાભ લેતા એવા નિર્બળને મોજીલા થઇ ગયા છે કે સ્ટેશનથી અડધા કે પોણુા માઇલનું અંતર હોય તેટલું પણુ ચાલવાનુ છોડી દઇને ગાડી કરે છે. આવા મામલામા માણુસો નિર્બળ થાય તેમાં નવાઇ નથી. પંદર કે સત્તર વર્ષના છોકરાને બજારમાંથી શાક કે દૂધ લાવવાના કામ માટે ફેરો ખાવાનું હલકુ ને અણુગમતું લાગે તેમને કૃત્રિમ કસરતની જરૂર પડેજ જેમ નાનાં બાળક આમ તેમ ગબડીને અને મોટાં હોય તો ફરી હરીને કે કૂદી દોડીને સ્વાભાવિક રીતે અણુધારી કસરત કરીને ખોરાક પચાવી શરીરની શક્તિ સંપાદન કરે છે, તેમ મોટી ઉમરનાએ પોતાના ધંધાના અથવા ઘર સબંધી કામ કાજથી સ્વાભાવિક કસરતનો લાભ મેળવવાનો છે. જાતે કરેલાં કામ કાળજીથી ધ્યાન આપીને કરાય છે તેથી તે ચોકસ, સારૂ, ને સસ્તું થાય છે. ચાકર કે બીજાનો આશ્રય લેવાથી તે કામ અપૂર્ણુ,

અણુગમતું, ને ખરચાળ થઇ પડે છે. તેર ચૌદ વર્ષના છોકરા પોતાના ઘર કામમાં મદદ આપે અથવા વડીલના ધંધામાં એકાદ કલાક જોડાય એ ઉત્તમ કસરત છે.

પચાશ વર્ષ ઉપર સ્ત્રીઓ શરીરે સુદૃઢ ને કસાયલી હતી તેથી તેમની સતતિ પણ આરોગ્ય ને બળવાન ઉત્પન થતી હતી. હાલ સ્ત્રી વર્ગ કોમળ, નબળો, ને રોગી જણાય છે તેનું કારણ પહેલાંના જેવી તેમને ઘર કામની કસરત હોતી નથી. પહેલાં રસોઇના કામ ઉપરાંત દળવુ, ખાંડવુ, વાસણ માંજવાં, પાણી ભરવું, ને કપડાં ધોવાનું ઘર કામ સ્ત્રીઓ જાતે કરતી હતી. હજુ પણ જ્યાં એવુ કામ સ્ત્રીઓ કરે છે તે શરીરે મજબુત ને આરોગ્ય છે. તેમને એશઆરામી માણસોના જેવી કૃત્રિમ કસરતની કે વૈદ્ય ડાક્ટરનું મોં જોવાની જરૂર પડતી નથી. કસરતનો સર્વોત્તમ વખત સવાર છે તેને અનુસરીને સ્ત્રીઓ મોટા મળસકામાં ઉઠીને ઘરના ખપ જેટલો લોટ દળી કાઢતી દળવામાં કેડથી માથા સુધીના શરીરના મુખ્ય ભાગને સારી રીતે કસરત મળે છે, વળી દળતા જાય ને ગાતાં જાય તેથી મન પણ આનંદમા રહે છે હાથનો દળેલો તાજો લોટ ખોરાકમાં વાપરવાથી ને શરીરને માફક આવે છે. હવે દળવાની મીલો થઇ છે તેથી ઘેર દળવાનુ બંધ થયુ છે હવે ઘરની ઘટીનો દળેલો શેર લોટ જોઇતો હોય તો તે શેહેર, કસ્બા, ને મોટા ગામમાં મળવો મુશ્કેલ થઇ પડે છે. સચાથી દળેલા લોટ કરતાં ઘરની ઘંટીનો દળેલો લોટ ખોરાકમાં બહુ લાભકારક છે સંચામાં સામટો દળાવવાથી ઘણા દિવસનો વાસી લોટ ખોરાકમાં લેવાય છે ને તાજા લોટનો લાભ ગયો. એ લાભ જવાની સાથે સ્ત્રીઓની સ્વાભાવિક

કસરત નાશ પામી. આથી નિર્બળતા, માંદગી, ને ખરચનો વધારો થયો છે. કુવામાંથી પાણી કાઢવુ અથવા નવાણુમાંથી પાણી ભરીને ઘેર લાવવુ એ પણ સ્ત્રીઓના હસ્તકનું સારી કસરતવાળુ કામ હતું. હાલ ઘરમાં કુવો કે નળ હોય તો પણ શેહેર ને કસ્બામાં ઘણે ઘેર ચાકરની જરૂર પડે છે ને પાણી ભરવાનું કામ હલકુ મનાય છે. આગળ મોટા કૂળના, ધનવાન, ને સુખી ઘરની સ્ત્રીઓ પણ પાણી ભરવામાં નાનમ ગણતી નહોતી. સારા વસ્ત્રાલંકાર કે સોના રૂપાના વાસણોથી તેમનું મોટાપણુ જણાતું હતું, પરંતુ કામ છોડીને બેઠા ખાવામાં મોટાઇ માનતા નહિ આની ખાતરી માટે જુના કવિની કવિતામાંથી થોડા પૂરાવા આપીશુ તો તે બસ થશે.

(૧) સોનાનું બેઢુ ને રૂપલા ઉઢ્ઢણી, સીતાવેલ પાણીલાં સંચર્યાંરે.
(૨) સોના રૂપાનો મારો ઘાટ ઘડુલો, ને ઉઢ્ઢણીએ રત્ન જડાવુરે.
(૩) ચાલી ધારને નીકળ્યુ નીર, ભીંજ્યુ ચંપકવર્ણુ ચીર,
    નગરશેઠની તે દીકરી, મદોન્મત જોબન મદ ભરી.
(૪) લાડી પાણીલાં સંચર્યાં ને, ઘડુલે ઘુઘર માળ;
    રક્ષા કરો જળ દેવતારે, છે લાડી નાનેરૂ બાળ.
(૫) જળ ભરવા જમનાજી ગયાતા, હતી ગાગેર માથે હેમનીરે;
    મને લાગી કટારી પ્રેમની.

ઉપર પ્રમાણે જે મોટા ઘરની સ્ત્રીઓ કામ કરતી હતી, તે હવે પોતાનું મુસ્કેલીથી પોષણ થાય એટલુ દર માસે વીશ પચીશ રૂપિઆ પેદા કરનારાઓની સ્ત્રીઓ પણ કરતી નથી, એટલે અતિ દુર્દશા ને સંકટ ભોગવવુ પડે એમાં આશ્ચર્ય જેવુ નથી. ઘર સાફ કરવુ, વાસણ

માંજવાં ને કપડાં ધોવાં એવાં સાધારણ નિત્યનાં ઘરકામમાં ચાકરની મદદ લેવાથી તે કામ જાતે કરીએ તેનાં જેવાં ચોકસ થતાં નથી. વળી સાધારણ કામકાજ છોડી દેવાથી બેઠા બેઠાં શરીર અશક્તને સુસ્ત થઇ જાય છે. પછી પાચનશક્તિ મંદ પડવાથી તેની દવા કરવાની જરૂર પડે છે. ઉપર પ્રમાણે સ્ત્રી પુરૂષોને સ્વાભાવિક કસરત હતી ત્યારે તેઓ સારી રીતે ખોરાક લઇને પચાવી શકતા અને શરીરે બળવાન હતા. તેમને હાલના જેવી કૃત્રિમ કસરતની બીલકુલ જરૂર પડતી નહોતી, તેમજ પાચન શક્તિ માટે દવા ખાવાની પણ જરૂર પડતી નહોતી

હાલ સ્વાભાવિક કસરત ન હોવાથી જઠરાગ્નિ મંદ ને પૌષ્ટિક ખોરાક પચી શકે નહિ એવી સ્થિતિ થઇ પડી છે ઘરમા ખરચ વધવાથી ધનની ને બેસી રહેવાથી શરીરની શક્તિ ઘટતી જાય છે. માટે થઇ શકે તેવુ ઘરનું કામ કરવાથી શરીર સંપત્તિનો લાભ થશે, ને પૈસા બચવાથી ધનનો પણ લાભ થશે. હાલ શરીર સંપત્તિની કિંમત તથા કાળજી બહુ ઓછી થતી જાય છે. પણ બીજા પાસે કામ કરાવી કૃત્રિમ શેઠાઇ મેળવવાની, નિસ્તેજ શરીરને વસ્ત્રાલંકારની ટાપટીપથી શોભાવવાની, તથા ઘોડા ગાડીમાં ફરીને મોટાઇ દેખાડવાની કાળજી વધતી જાય છે

સઘળા સાધારણ માણસે ખાસ ધ્યાનમાં રાખવુ કે શરીર સંપત્તિ માટે સુઇ રહેવા કરતા બેસવુ એ સારૂ છે. બેસવા કરતા ઉભા રહેવુ વધારે સારૂ છે, ને ઉભા રહેવા કરતાં ચાલવુ એ શ્રેષ્ટ ને લાભકારક છે.

મૈથુનેચ્છાપર અંકુશ.

શરીરની શક્તિને આરોગ્યતાનો આધાર વિર્ય ઉપર રહેલો છે, માટે તેનો વ્યય વિચારપૂર્વક થવો જોઇએ. વીશ વર્ષની વય પહેલાં પુરૂષના વિર્યનું બંધારણ અપક્વ હોય છે. વિર્યની એવી અપક્વ સ્થિતિમા તેનો વ્યય થવાથી શરીરમાં નિર્બળતા વાસ કરે છે, ને તેની સંતતિ પણ નિર્બળ ઉત્પન્ન થાય છે, પરંતુ હાલ તો એટલી વયમા એક બે બાળકનો પાળક ને પિતા બની ગએલો જોવામા આવે છે. આ રીતે સ્ત્રી સંગ યોગ્ય સમય પહેલા કવખતે શરૂ થાય છે એટલુજ નહિ પણ તેનો કોઇપણ જાતના નિયમ કે અંકુશ વિના સ્વચ્છંદે ભોગવટો થાય છે. વળી ઉત્તરાવસ્થામાં પચાશેક વર્ષની વયે પહોચતાં વીર્યવિલાસનો ત્યાગ કરવો જોઇએ. એમ કરવાને બદલે છેક વૃદ્ધાવસ્થાની અશક્તિમાં પણ સ્ત્રીસંગની લાલસા છોડતા નથી. અગીઆરસ, શિવરાત્રી, પૂર્ણિમા, અમાવાસ્યા, વડીલોની મરણ તિથિ તથા મહાપુરૂષોની જયંતિના પવિત્ર દિવસો (રામનવમી, કૃષ્ણજન્માષ્ટમી વગેરે) સ્ત્રી સંગ માટે ત્યજવા યોગ્ય છે હરેક ભોગવિલાસમાં નિયમ કે અંકુશની જરૂર છે, પરંતુ મૈથુનેચ્છાપર અંકુશની વિશેષ જરૂર છે. એ અંકુશ ન રહેવાથી ઉત્તરાવસ્થામાં બહુ પસ્તાવું પડે છે વિર્યના સંગ્રહ ઉપર શરીરશક્તિ તથા આંખના તેજનો સંપુર્ણ આધાર છે. એમ છતાં કેટલાક પુરૂષોને તો સ્ત્રીનો ઋતુસમય, ગર્ભકાળ, પ્રસૂતિ પ્રસંગ કે બીમારીના દિવસો હોય તે પણ સ્ત્રીસંગ વિના ગાળવા મુશ્કેલ લાગે છે. જેમ અપવાસને દિવસે ઘરમાં દાળભાત ન મળે તો મન મારવાને બદલે વીશી કે હોટલમા ફી આપીને દાળભાત જમી આવે છે, તેમ પોતાની ભટકતી વૃતિને ગમે તેમ સંતોષ આપવાને ચૂકતા

નથી. આવા પુરૂષને શ્વાન વૃત્તિના ગણી શકાય; પરંતુ શ્વાન તો અમુક ઋતુમાં મૈથુનની અભિલાષાવાળા રહે છે, અને તે ઋતુ ગયા પછી મૈથુનથી નિવૃત્ત થઇ રહે છે. ફરી એવા મનુષ્યને પશુ વર્ગ-માંના પાડા કે આખલાની ઉપમા આપીએ તો તે પણ અપાય એમ નથી. પાડા ને આખલા પોતાના વર્ગની નારી ગર્ભ ધારણ કરવાની યોગ્યતાવાળી (વેતર આવેલી) હોય તોજ તેની સાથે સંભોગ કરે છે; નહિ તો તેની પાસે ઉભા રહેતા નથી. તેઓ ઇશ્વરી પ્રેરણાને આધિન રહી પોતાના વીર્યની નવીન જીવ ઉત્પન્ન થાય એમ હોય તોજ નારીનો સમાગમ કરવાનો વિવેક પાળે છે. પણ આ મુઢ જે વાસ્તવિક ખરની વૃત્તિથી સંસારમાં નર રૂપે ભ્રમણ કરે છે, તેના કામ વિલાસમા કોઇ પણ રીતના વિવેકવાળો નિયમ કે અંકુશ હોતો નથી. કહેવત છે કે "કમ જોર અને ગુસ્સા બોત" તે પ્રમાણે નિર્બળને લાલસા વધારે રહે છે બળવાન મનુષ્યજ તૃપ્ત થઇને મન ઉપર અંકુશ રાખી શકે છે. સ્ત્રીને ત્રણેક માસના ગર્ભની સ્થિતિ જણાય એટલે સંભોગ ક્રિયાથી નિવૃત થવુ જોઇએ. કેટલાક કુળવાન ને આબરૂદાર જણાવવાને પચાશ કે તેથી વધુ વયે લગ્ન કરે છે પછી તેમના વિષય રૂપી વિષના સેવનનો જીવતાં સુધી અંત આવતો નથી. એવું વૃદ્ધાવસ્થાનું લગ્ન સઘળી રીતે દુ:ખદાયક છે. પોતાની વૃદ્ધાવસ્થાની અશક્તિને લીધે ઘરમાં ગમે તેવો અનાચાર થાય તે જોઇ રહીને છતી આંખે આંધળા બનીને આબરૂદારનુ અભિમાન કરવું એ કેવળ નર્કની પીડા છે કેટલાક વૃદ્ધ તો એવા બેવકૂફ હોય છે કે પોતાથી કંઇપણ નીપજે નહિ, તે છતાં સ્ત્રીસંગ વિષેના વાણીથી હાસ્યવિનોદ કરી મન સંતોષે છે. પણ એવા હાસ્યવિનોદથી ઉગતા જુવાનોની

એવા વિષયમાં પ્રવૃત્તિ વધે છે તેનુ તેમને ભાન હોતું નથી. એવા બેવકૂફને કોઇ ૮૮કો લગાવે કે, કાકા ઘરડા થયા તોપણ ભુલાતું નથી કે ? ત્યારે તે નફ્ફટાઇથી જવાબ આપે છે કે, બચ્ચા, શરીર ઘરડું થયુ પણ જીવ કંઇ ઘરડો થયો છે ? આ રીતે શરીરની અશક્તિ થતાં વાણીની પ્રવૃત્તિ થાય છે, એ મનુષ્ય શાંતિનો લાભ મરતા સુધીમાં પણ ભોગવવા પામતાં નથી.

પોતાના પુત્ર કે પુત્રી રતિ વિલાસમાં પ્રવેશ કરે એટલે તેમનાં માતાપિતાએ એ વિલાસથી નિવૃત થવું જોઇએ. જયા એ નિયમ પળાતો નથી ત્યાં મા ને દીકરીની અથવા સાસુ ને વહુની સુવાવડનો પ્રસંગ કેટલીકવાર સાથે આવી પડે છે ને તે બહુ લજામણું લાગે છે. દીકરી તથા વહુ વડીલોમાં પોતાના જેવી ભોગ વિલાસની વૃત્તિ જુએ છે ત્યારે વડીલો વિષે વડીલ તરીકેનો પૂજ્યભાવ તેમનામા રહેતો નથી. વડીલોમા ત્યાગવૃત્તિ હોય તોજ તેમનુ યોગ્ય માન સચવાય છે. ત્યાગથી પૂજ્યપણું અને રાગથી તુચ્છપણું એ કુદરતનો નિયમ છે.

વૃદ્ધાવસ્થામાં સ્ત્રીસંગથી જે પ્રજા ઉત્પન થાય છે તે યુવાવસ્થામા સંતતિ થાય છે તેના કરતાં શરીર તથા બુદ્ધિમાં બહુજ નિર્બળ થાય છે. સ્ત્રીપુરૂષો ઉત્તરાવસ્થામાં મૈથુનેચ્છાનો ત્યાગ નહિ કરે તેની સજારૂપે તેને શરીર તથા મગજની નબળાઇવાળી વેઠરૂપ પ્રજા કુદરત આપે છે. આથી તેમને જીંદગીના અંત સુધી જંજાળ ને ઉચાટ વેઠવો પડે છે એ કંઇ ઓછી સજા નથી.

કેટલાક એવા પશુ સમાન હોય છે કે ઘરમાં જુવાન વિધવા

હોય તો પણ વૃદ્ધદપતિ રાત્રીએ એકાંત શયન કરી પોની વિધવાના કામાગ્નિના શેકાણુમાં વધારો કરવાને ચૂકતા નથી

છેવટે સાર એ છે કે હાલ મૈથુનેચ્છાપર અકુશ નથી. એટલે યોગ્ય વય થતા પહેલા તેમાં વહેલો પ્રવેશ થાય છે, ને અંતાવસ્થા સુધી તેનો ત્યાગ થતો નથી. માટે વીશ વર્ષની વય પહેલાં આરભ નહિ થવો જોઇએ, ને લગભગ પચાશ વર્ષની વય થતાં તેનો ત્યાગ થવો જોઇએ અને વચલા કાળમા, દર્શાવેલા નિયમવાળો વિવેક કે અકુશ રાખવો જોઇએ

કરકસર.

કરોડ પૌંડની ઉપજવાળુ મોટુ રાજ્ય ચલાવવામા તેમજ દરરોજ ત્રણ ચાર આનાની કમાઇવાળુ નાનું ઘર ચલાવવામા પણ કરકસરની જરૂર છે. એ સદ્‌ગુણ છોકરા છોકરી, સ્ત્રી પુરૂપ, વૃદ્ધ વગેરે સર્વને અગત્યનો છે. એવુ જોવામા આવે છે કે કોઇ દર માસે સો રૂ ની આવકવાળો હોય છે પણ પૈસાની તગી ભોગવે છે; ને કોઇ દર માસે પચીશ કમાતો હોય છે ને શાતિમા કાળ ગુજારે છે પહેલો સોની કમાઇવાળો ઉડાઉપણાથી દર માસે સવાસોનો ખરચ કરે છે તેથી તગીમા રહી સકટ ભોગવે છે, ને બીજો પચીશની પેદાશવાળો કરકસરથી વીશમા ખરચ પતાવી દઇને દર માસે રૂ પાચ પાચ બચાવે છે તેથી આનદમા દિવસ કાઢે છે. આથી જણાશે કે સુખશાતિનો આધાર પેદાશ ઉપર નથી, પરતુ ઉડાઉપણું કે કરકસરના ગુણ ઉપરછે

કરકસર એટલે પોતાની સ્થિતિને શોભે એવો યોગ્ય, ને ખરી જરૂર હોય તે પ્રમાણે ખરચ કરીને ઘર ચલાવવુ તે. આ ગુણ દિન પરદિન બહુ ઓછો થતો જાય છે, ને દરેક માણસનુ મોટામા ગણાવું ને વૈભવ વધારવો એ તરફ વલણ વધતું જાય છે. લોકોનો રોજનો ખરચ વધી ગયો છે ને તેની સાથે પ્રાસગિક ખરચમા પણ બહુ વધારો થતો જાય છે. એ ખરચાળ સ્વભાવની નકલ શેઠેરની આસ-પાસના લોકોમા પણ દાખલ થઈ ગઈ છે. આથી દરેક કુટુબને પોતાનો આશ્રમ ચલાવવો બહુ મુશ્કેલ ને ભારે થઇ પડે છે. લોકો મોઘવા રીતે માથે દોષ મૂકે છે પરતુ મોટાઈને ખાતર પોતે જે નકામો ખરચ રાખવાની ભૂલ કરે છે તે દેખાતી નથી પચાશ વર્ષ ઉપર જે લોકોનું વર્તન હતુ તેમા અને હાલના વર્તનમા બહુ રૂપાતર થઇ ગયુ છે ત્યારે સધન માણસો પોતાની સ્થિતિ છૂપાવીને ગરીબ હાલત દેખાય તેમ કરવાની કાળજી રાખતા હતા, ત્યારે હાલના લોકો પોતાની સ્થિતિ હોય તેથી ચાર ગણી ચડતી મોટો માલમ પડે એવુ વર્તન રાખે છે પહેલા વર્ષે પાચમે પેદા કરનારને ત્યા બમેનો ખરચ રહેતો ને હાલ બમેના પેદા કરનારને ત્યા બસે ઉપર ખરચ થતો જોવામાં આવે છે. આ સઘળોજ દોષ મોઘવારીનો નથી, પણ ખરચાળ સ્વભાવ ને મોટાઈમા ખેચાવાનુ કારણ છે પોશાકમા અને બીજા નિરૂપયોગી મોજશોખમા કે વૈભવમા પોતાની પેદાશ તેમજ સ્થિતિનો સારી રીતે વિચાર થવાની જરૂર છે. લગ્ન પ્રસગમા દેખાદેખી અને એક બીજાથી ચડતા ગણાવાને મુર્ખાઇ ભરેલા ખરચ કરવા તે, પસ્તાવાને અને પડતી હાલતને પોતાને ત્યા પધારવા વિનતિ કરવા જેવુ છે ભવિષ્યમાં તગી કે સકટમા આવશુ તો આપણુ શુ થશે એટલી પણ ફીકર

નહિ રાખનાર માણુસ પોતાના પરિવારને માટે પૈસા સંગ્રહી રાખવાનો વિચાર તો ક્યાંથીજ કરે ?

આવો ખરચાળ સ્વભાવ લોકોનો થઇ ગયો તેના બે કારણ જણાય છે એક યુરોપી પ્રજાનુ અતિ અનુકરણ અને બીજુ ઇંગ્રેજી રાજ્યનીતિ. યુરોપ ને અમેરિકાની પ્રજાનો દેશીઓને સહવાસ વધતો જાય છે, પણ તેમના સારા ગુણોનો લાભ લેવાતો નથી અને મોજશોખ તથા વૈભવમા તેમનું સર્વાશે અનુકરણ કરાય છે એવી પણ વલણ જોવામા આવે છે કે યુરોપનું તે સઘળુંજ સારૂ, ને નવુ નીકળેલુ જોવામા આવે તે વસાવવુ યુરોપીઓના ભારે ખરચાળપણાનો એક દાખલો ત્રીશેક વર્ષ ઉપર ગુજરાતશાળા પત્રમા નોધાયો છે. તેનો સાર એવો છે કે કોઇ અમીરની સ્ત્રી અતિ ખરચાળ સ્વભાવની હોવાથી તેના પોશાક માટે તેના પતિએ દર વર્ષે પાચ હજારની રકમ ઠરાવી આપી આ ઉડાઉ ને મોજીલા સ્વભાવની બાઇ સાહેબને તે રકમ બસ નહિ થવાથી બે હજારનુ કરજ થયુ. અમીર સાહેબે તે કરજની રકમ આપવાની આનાકાની કરી એટલે તે તકરાર કોર્ટે ચઢી કોર્ટ તરફથી અમીર ઉપર હુકમનામુ થયુ ને પૈસા પતાવવા પડયા આ નોધ લેતા અનુભવી એડિટર સાહેબે ટીકા કરી હતી કે "આ ખરચ શ્રીમતના ઘરનો છે એ વાત ખરી, પરંતુ શ્રીમતાઇ તે કેવી ને કેટલી ?" એવો વિચાર બહુ આશ્ચર્ય સાથે બતાવ્યો હતો યુરોપમા સ્ત્રીઓના પોશાકનો ખરચ બહુ ભારે છે ને તેની અસર આ દેશમા થઇ છે.

ઘણી કંપનીઓ, મીલો, ને કારખાના કે ખાતામાં વરસો વરસ ખરચમાં પુષ્કળ વધારો થતો ચાલ્યો જાય છે. ને તેની અસર

લોકોને થાય છે. વળી વ્યવસ્થાપકોના પગાર વધારવાની સાથે તેમના હાથ નીચે મોટા પગારના મદદનીશો આપવાથી ખરચમાં વધારે થાય છે ને નોકરો એશઆરામી સ્વભાવના થઇ જાય છે. પહેલાં બે ત્રણ કામ ઉપર દેખરેખ રાખનાર એક વડો રાખવામાં આવતો ત્યાં હાલ તે કામ જુદાં પાડીને જુદા જુદા દેખરેખ રાખનાર થવાથી ખરચ વધે છે. કંઇ અકસ્માત કામ પ્રસગે નાણાંની તગી જણાય છે ત્યારે ખરચ ઘટાડવાની તજવીજ થાય છે પરતુ એક વખત ખરચ વધી ગયા પછી તે ઘટાડવો બહુ મુસ્કેલ થઇ પડે છે જેમ કોઇ ગૃહસ્થનો ખરચ વરસોવરસ વધતો જાય તો તેનો નિભાવ થવો મુસ્કેલ થઇ પડે છે તે રીતે નાના મોટા સઘળા કારખાના કે ખાતાને માટે સમજવુ.

સ્થિતિની યોગ્યતા ને અગત્ય કરતા વધારે વાપરવુ તે ઉડાઉ-પણું છે, અને યોગ્યતાને અગત્યતા જેટલુ નહિ વાપરવુ તે કજુસાઇ છે કરકસર એ બેઉની વચમાનો સદ્‌ગુણ છે કરકસર એટલે પોતાની યોગ્યતા ને અગત્ય પ્રમાણે ખરચ રાખવો તે. આ સદ્‌ગુણ ગૃહસ્થાશ્રમમા શાતિદાયક છે.

આનદી સ્વભાવ.

આનદી ને હસમુખો સ્વભાવ રાખવો એ ગૃહસ્થનુ મોટુ ભૂષણ છે, તેમજ મનમા બળાપો ને બહારથી ઉદાસ ચહેરો એ મોટુ દૂષણ છે. આનદમા રહીને પોતાના સબધમા આવનારને આનદ પમાડવો એ મનુષ્યનુ અગત્યનુ કર્તવ્ય છે. પોતાના અતરમા મગ્ન રહેવુ તે

આનંદ છે. ને બીજાને રાજી કરવાને આનદ બહાર પાડવો તે હસમુ-ખાપણુ છે. આ ઉચ્ચ સદ્‌ગુણુ કેટલાક મનુષ્ય બે કારણથી મેળવી શકતા નથી પહેલુ પારકાનુ સુખ જોઇને બળવુ, અને બીજુ પોતાનું દુ ખ જેની તેની પાસે રડવું. પહેલા કારણથી મનુષ્ય પોતે સદા દુ ખમા રહે છે, ને બીજા કારણથી સામાને અણગમો ઉત્પન્ન કરે છે આથી સમાગમમા આવનાર માણસ કટાળીને તેનાથી જલદી જુદા પડવાની ઇચ્છા કરે છે. આપણા સમાગમમા બીજા મનુષ્યો બે ઉદ્દે-શથી આવે છે. એક તો સ્વાર્થના હેતુથી ને બીજા માત્ર વિવેક સારૂ આવે છે પહેલા હેતુથી આવનારને સતોપ પમાડવાનુ નહિ બની શકે એમ હોય તોપણ તે ખેદ નહિ પામે તેનો સભાળ રાખવી. વિવેકને ખાતર સમાગમમા આવનારને તો આનદ આપવો એ આપણું કર્તવ્ય છે. સઘળા માણસો આચારમા ને વિચારમા આપણને અનુકૂળ હોય એ બનવુ અશક્ય છે, માટે વિરૂદ્ધ આચાર વિચારવાળાનો દ્વેપ કરવો કે તેનો તિરસ્કાર કરવો એ મૂર્ખાઇ છે. બીજાના દુર્ગુણ જેમ બને તેમ ઓછા જોવાય તો ક્લેશ ઓછો થાય છે ને આનદ અનુભવાય છે સમભાવ રાખનાર મહાન ભક્તનુ નીચેનુ બોધવચન હૃદયમા કોતરી રાખવા યોગ્ય છે

तुलसी इह ससारमें, भातभातके लोग,
सबसे हीलीमीली चालीए, नदी नाव सजोग.

અવલોકન કરતા મનુષ્ય સ્વભાવ ચાર પ્રકારના જણાય છે. (૧) સદા રડતા, (૨) રડતા હસતા, (૩) સદા હસતા, (૪) સમ

ભાવવાળા. પહેલા પ્રકારના સ્વભાવવાળાને આખી દુનિયા તથા કુદરતના સઘળા બનાવ દુ:ખકારક લાગે છે. ગમે તેવો અનુકૂળ પ્રસંગ હોય તે તેને પ્રતિકૂળ ભાસે છે ને તેના જીવને કદી સંતોષ થતો નથી. એવાનો સમાગમ સામા માણસને અણગમો ઉત્પન્ન કરે છે. એવા સદા દુ:ખના રડણા રડનારા માણસ બીજાને કેવો કંટાળો આપે છે ને નાહક દુ:ખનું દુ:ખ માની લે છે તેનું સ્વરૂપ દર્શાવવા માટે એક પુરૂષ તથા સ્ત્રીનું એવા બે ઉદાહરણ જણાવવામાં આવે છે

(૧) એક વિવેકી માણસ જતો હતો. રસ્તામા કોઇ સગો પોતાના ઘરના ઓટલા ઉપર બેઠો હતો. પેલા વિવેકીએ તેને પૂછ્યું કેમ, માણેકભાઇ બેઠા છો, હવે તબીયત કેમ ચાલે છે? આ ઉપરથી માણેકભાઇ બોલ્યા, બેસીએ નહિ તો શું કરીએ? આ મંદવાડમાં શરીર લાસ થઇ ગયું, ટાંટિયા ચાલતા નથી. અધૂરામાં પૂરૂં આ શિયાળાના દહાડામા દમ ઉપડી આવે છે, ત્યારે જરાપણ ચેહેન પડતું નથી ને આખી રાત બેઠાબેઠ કાઢવી પડે છે. આવા નબળા વરસ આવવાથી ધંધારોજગારની મંદી થઇ ગઈ છે ને પૈસે ટકે પણ પાયમાલ થઇ ગયા, તેમાં ગયા ચોમાસાની તો કંઇ વાતજ કરવાની નહિ. આખું ચોમાસું વરસાદનો જુલમ ને તેવામા દોઢ મહિના સુધી મરડાનો રોગ ચાલુ રહ્યો. માણેકભાઇને શાંત કરીને ત્યાંથી જવાના વિચારથી વચમા વિવેકીએ કહ્યું, ઇશ્વરેચ્છાથી જે થાય તે ખરૂં, ઇશ્વર ઉપર વિશ્વાસ રાખીને તેનું સ્મરણ કરો. ત્યારે માણેકભાઇ રીસ કરીને બોલ્યા કે સ્મરણ તો કરીએજ છીએ, એમાં કોઇ શું કહેવાનું હતું. સગા વહાલા સૌ કહેવાના ને ગાંઠે હોય તે ખાવાના, પેટમાં હારા

ને હાથમાં માળા તે કેમ બને ? સમોકાળ છેક બદલાઈ ગયો. કોઇ સગુ વહાલુ લોટી પાણી પણ પૂછતું નથી, તો પછી બીજુ શુ કરવાના હતા, છેવટ માણેકભાઇની ખબર પૂછવાનો વિવેક કર્યો તેને માટે વિવેકીભાઈ પસ્તાઇને ગુપચુપ ચાલતા થયા પોતાના દુઃખનુ લાંબુ વર્ણન કરી બીજાને કંટાળો આપવાથી દુ ખ ઓછુ થતુ નથી, ઉલટા સામા માણુસને અપ્રિય થવાય છે.

(૨) એક દિવસ એક સ્ત્રી પોતાના ધણી પાસે બેસીને તેને કહે કે સાભળોછે કે, આપણા મગનની વહુ તો છેકજ હાથથી ગઇ છે. મને અને મારી મોટી દીકરીને તો જરા લેખવતી નથી, એને ઘરની ફીકરજ કયા છે ! કાલે સાજે એક ઘડી દહાડાનો તો દીવો કરી મૂક્યો હતો. ધણીના પગાર ઉપર કૂદી રહેલી છે પણ એક બે ચીઆઉમીઆઉ થશે એટલે મો માલમ પડશે. આપણો મગન છેક બોદલી ને માવડીઓ છે બૈરીના તેજમા જેમ તેલમા માખી ડૂબે તેમ અંજાઇ જાય છે. હમણાની આપણી મણિને જોઇ નહોતી, તેથી હુ તો આજે તેને ઘેર ગઇ હતી પતિએ કહ્યું મણિની સાસુ તો ભોળી છે. એટલે બાઇ બોલી, ભોળી તો કેવી કે આપી જાય ચડવો ને લઇ જાય ગોળી ભોળી તો ખરી પણ ભાન કંઇ નથી તો. જમાઇનો સ્વભાવ બહુ તામસી ને મીજાજી છે તેથી બિચારી છોકરીને રાતદહાડો શૂળી ઉપર ને શૂળી ઉપર રહેવુ પડે છે. મણિને ઘેર જતા રસ્તામાં ઝીણીની ફોઇજી નીચુ જોઇને ચાલી જતી હતી તેણે મારા સામુ નજર સરખી કરી નહિ તેથી મે પણ તેને બોલાવી નહિ. તે તેના ધનથી મોટી તો હુ મારા મનથી

મોટી, મારે તેની કઇ પરવા નથી પાછા આવતી વખતે આપણા મગનની સાસુ કોઇની સાથે વાતના સપાટા મારતી તોરમા ને તોરમાં ચાલી જતી હતી મે તો તેના તરફ જોઇને તરત મો ફેરવી નાંખ્યું. ગયા કારતકમા પાચ સાત દહાડા સુધી મને કવો તાવ આવતો હતો તો પણ એણે જરા ડોકીઉં કર્યું નથી, વળી એના બીજા જમાઇને જ્યારે હોય ત્યારે અચકે ટચકે સભારીને તેના ઉપર ચારે હાથ રાખે છે, ને આપણા મગનને તો વરસમા બે ચાર વાર સભારે તો તેના બાપનુ ભાયગ આપણે કોઇ સગા સાથે લેહેણા દેણી નથી બીજું તો ઘેર ગયુ પણ તમારા ભાઇજ તમારા કયા થાય છે. તમારે તો ઠીક છે, કોઇને ખારૂ તૂરૂ કહેવુ નહિ. હુ રાડ ધાડને મોઢ આગળ પડુ ને બોલુ એટલે કડવી ને ભુડી ગણાઉ. તમારે ઘેર આવીને હું શુ સુખ પામી કે ઠરીને બેઠી? હવે તો પરમેશ્વર મોત આપે તો સારૂ કે આ ઘરમાથી છૂટકો થાય આ રીતે જેમા દુખનો અશ કે ગધ પણ નથી તેમા પોતાના મનથી મહાભારત દુખ માની લઇ મોત માગનાર માણસને સ્વપ્નામા પણ શાતિનો લાભ મળતો નથી. એવા માણસને સ્વપ્ન પણ ભયકર ને દુખદાયકજ આવે છે સુખ દુ ખ એ ઘણુખરૂ માનસિક છે. જ્ઞાનીનુ વચન છે કે **मन एव मनुष्याणां कारण बंध मोक्षयोः**

બીજા પ્રકારના રડતા હસતા સ્વભાવવાળા પહેલા પ્રકારના સ્વભાવવાળા કરતા ઠીક છે એમને આખી દુનિયા પ્રતિકૂળ જણાતી નથી. કેટલુક અનુકૂળ પડતું લાગે છે ત્યારે હર્ષ દર્શાવે છે ને પ્રતિકૂળ લાગે ત્યારે શોકને વશ થઇ જાય છે ત્રીજા પ્રકારના સદા હસતા

સ્વભાવવાળા પોતાની મનોવૃત્તિને શોકને વશ થવા દેતા નથી તેને દુનિયા સઘળી સુખરૂપ ને અનુકૂળ લાગે છે તેથી સદા હર્ષમાં રહીને આનંદ અનુભવે છે. ગૃહસ્થાશ્રમના વ્યવહારમા ગૃહસ્થની આ સ્થિતિ ઉત્તમ છે. આનંદમા રહી આનંદમય વાણી બોલવી તે શુભ વૃત્તિના સંસ્કાર વિના બનતુ નથી. એક ગામમા એક દુર્ભગા નામે સ્ત્રી હતી. તે પોતાની પાસેના ઘરમા દેવતા લેવા ગઇ. ઘરવાળી બાઇએ બે અંગારા આપી પૂછ્યુ કે બીજો આપુ ? દુર્ભગા બોલી બહુ છે, એટલામા તો આખુ ગામ ફુકી (બાળી) મુકાય. તે પછી વિમળા નામે બીજી સ્ત્રી દેવતા લેવા આવી તેને પણ બે અગારા આપીને તેજ પ્રમાણે પૂછ્યુ વિમળા બોલી, બહુ છે આટલા દેવતામા તો આખુ ગામ જમાડી શકાય પહેલી સ્ત્રીએ ગામ બાળ્યુ નથી, ને બીજીએ કઇ જમાડ્યુ નથી પણ શુભાશુભવાણી ઉપરથી તેમની શુભાશુભ મનોવૃત્તિ બહાર જણાઇ આવે છે

વિનોદ માટે વાણીનો વ્યાપાર કે ક્રિયા થાય તે પણ સામા માણસને આનંદરૂપ થાય તેવી હોવી જોઇએ એક દિવસ મોજીલાલ ને દયાળ નામે તેર ચૌદ વર્ષના બે છોકરા પોતાના ગામની બહાર સાજે ફરવા નિકળ્યા હતા થોડે ગયા પછી મોટા ઝાડ નીચે એક કઠીયારો પોતાના કુટુબના પોષણ માટે મોટો લાકડાનો ભારો તૈયાર કરેલો નાખીને, તેની પાસે પોતાના પગના જોડા મૂકીને સૂતેલો જોવામા આવ્યો થાક લાગવાથી તે ભર ઉંઘમા હતો. તે જોઈ મોજીલાલે કહ્યુ, એના જોડા લઇને આપણે એ દેખે નહિ તેમ છૂપાઇ બેસીએ. એ ઉઠશે ત્યારે શોધાશોધ કરી મુકશે તેથી જરા ગમત પડશે. થોડી

વાર મોજ જોઇને પછી આપી દઇશુ. દયાળે કહ્યુ બીજાના જીવને ગભરાટ કે દુખમા નાખીને ગમતનો આનદ લેવો તે કરતા સામાને આનદ પમાડીને આનન્દની ગમત લેવી તે વધારે સારી છે એમ કહીને દયાળે પોતાના ગજવામાથી બે પૈસા કાઢીને પેલા કઠીયારાના દરેક જોડામા એકેક પૈસો પગના આગળા રહે તે સ્થળમા નાંખ્યો. પછી મોજીલાલને ગમત આવવાને સારૂ તેને તેડીને પાસેના મોટા છોડવાળા ખેતરમા જઇને બેઠા. થોડીવારે ભારાવાળો જાગી ઉઠીને જોડા પહેરી ભારો લઇ ઘેર જવા ઉભો થયો એક જોડો પહેરતા આંગળાની સાથે કઇ લાગવાથી તેની તપાસ કરી તો એક પૈસો દીઠો બીજો જોડો પહેરતા એજ રીતે બીજો પૈસો જોવામા આવ્યો આસપાસ નજર કરતા કોઇ જણાયુ નહિ ત્યારે બહુ સાનદાશ્ચર્ય પામીને ધાર્યું કે કાલે હોળીના તહેવારમા મારા છોકરાંઓને હારડા સારૂ પરમેશ્વરે કૃપા કરી હશે પછી હાથજોડીને ચારે દિશામા તેમજ આકાશ ને પૃથ્વી તરફ સાત સાત વાર હાથ જોડીને કઠીયારો નમવા લાગ્યો તે જોઇને પાસેના ખેતરમા બેઠેલા બેઉ સોબતીને ઘણો આનદ થયો. બેઉ જણ ત્યાથી ઉઠીને તેની પાસે આવ્યા મોજીલાલે પોતાના તરફના બે પૈસા બીજા આપ્યા ને ત્રણે જણ આનદસાથે ઘર તરફ વળ્યા.

ચોથા પ્રકારના સમભાવ વૃત્તિવાળા એટલે હર્ષ શોકરહિત વૃત્તિવાળા મહાત્મા બહુ દુર્લભ છે સાધારણ મનુષ્યને એ સ્થિતિ પ્રાપ્ત થવી કષ્ટસાધ્ય છે. એવી વૃત્તિવાળા મનુષ્ય ઇશ્વરને અતિ પ્રિય છે. શ્રીગીતાજીમા ભગવાન્ પોતે એવા પુરૂષના લક્ષણ નીચે પ્રમાણે દર્શાવે છે.

यस्मान्नो द्विजते लोको, लोकान्नो द्विजते चयः ।
हर्षामर्षभयोद्वेगैर, मुक्तोयः स च मे प्रियः ॥

જેનાથી કોઈ પ્રાણિ ઉદ્વેગ પામતું નથી, તથા જે કોઇપણ પ્રાણિથી ઉદ્વેગ પામતો નથી, અને જે હર્ષ, અદેખાઇ, ભય અને ઉદ્વેગથી મુક્ત છે, તે મારો પ્રિય છે. આવા શાંત સ્વભાવવાળા પુરૂષો જીવનમુક્ત એટલે જીવતા છતા સંસારથી મુક્ત થએલા છે. એમના સબંધમા કઇપણ સૂચવવા જેવુ નથી, માટે પહેલા ત્રણ પ્રકારના સ્વભાવવાળા મનુષ્યોને આનંદ માટે સંક્ષેપમા સૂચના જણાવી આ પ્રકરણ સમાપ્ત કરીશુ.

મનુષ્યનો સર્વ પ્રયત્નનો હેતુ આનંદ માટે હોય છે. આનંદ અંતરથી ને બહારથી બે પ્રકારે પ્રાપ્ત થાય છે. અંતર આનંદ માટે આરોગ્યતા, જ્ઞાન ને ભક્તિ એ ત્રણ સાધન મેળવવાની જરૂર છે. બહારના એટલે બીજા માણુસ તરફથી આનંદ મેળવવા માટે વિશુદ્ધ લાગણી, પ્રેમી સ્વભાવ ને પરોપકારી વૃત્તિ એ ત્રણ સાધનની જરૂર છે અંતરના તેમજ બહારના ઉભય આનંદ માટે નીચે જણાવેલા ૭ સૂત્રો અતિ અગત્યના છે

૧ વાણીમા વિનય
૨ શરીરમા વિર્ય.
૩ હૃદયમા ધૈર્ય
૪ મગજમા જ્ઞાન.
૫ હાથેથી દાન.
૬ અંતરમા ભક્તિ.

વાચનાર બધુઓ આ ૭ સૂત્રો સદા લક્ષમા રાખી આનંદ અનુભવો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

ચિત્ત સમાધાન.

આ સસારમાં પ્રાણિ લેણદેણની પતાવશ કરવાને અને સુખ દુખરૂપી ભોગને માટે જન્મે છે. સસાર એ દુખને સાગર ને સાર રહિત છે. એમાં કઇક સુખ જણાય છે તો તે ઝ'ઝવાના જળ જેવુ ઠગારૂ, ક્ષણભગુર, ને મિથ્યા છે. માટે દુખ પ્રસગે વિવેક, વિચાર, ને જ્ઞાનથી મનનુ સમાધાન કરવુ જોઇએ. સગાવહાલા ને બીજા સહવાસીને મનુષ્ય સુખી ધારે છે, ને પોતે વધારે દુખી છે એમ ભ્રમથી માની લે છે. દરેક માણસનુ દુઃખ તેનુ મન જાણે છે, બીજાથી કળી શકાતુ નથી. રોગાદિ બાહ્ય દુખ બીજાની નજરે પડે છે પણ આતર દુખ બીજાથી સમજાતું નથી. તે છતા માણસો સશયથી એમ માને છે કે બીજાથી હુ બહુ દુખી છુ સસાર એ સશયનોજ સાગર છે એટલે એમા ખરી વાત સમજવાની બહુ મુસ્કેલ છે પ્રાણિ જન્મથીજ સશયમા પડે છે ને અજ્ઞાનીઓના સશયનો દેહાતે પણ પાર આવતો નથી. સુખદુ.ખ એ માનસિક છે તેથીજ ભક્ત કવિ નરસિહ મહેતાએ ગાયુ છે કે "સુખ દુખ મનમા ન આણીએ." સસારમા સઘળુ આપણી ઇચ્છાનુસાર હોય એ કદી નહિ બને તેવુ છે એક સસારના અનુભવી ને લોકપ્રિય સ્વર્ગસ્થ કવિરાજ એ સબંધમા નીચે પ્રમાણે કહે છે—

તતુ કાચા તણો તાણો સંસાર છે, સાધીએ સાત ત્યારે તેર તૂટે.
શરીર આરોગ્ય તો યોગ્ય સ્ત્રી હોય નહિ, યોગ્ય સ્ત્રી હોય ખોરાક ખૂટે.
હોય ખોરાક તો નહિ સતાન ઉર, હોય સતાન રીપુ લાજ લૂટે;
કોઇ જો શત્રુ નહિ હોય દલપત કહે, સમીપ સબધીનુ શરીર છૂટે.

જે દુ ખ કે ન્યૂનતા મનુષ્ય શ્રમથી દૂર કરી શકે એમ હોય તેને માટે પ્રયત્ન કર્તવ્ય છે, પરતુ જ્યા મનુષ્ય નિરૂપાય છે તે વિષયમા ઇશ્વરેચ્છા પ્રબળ માની સતોષ રાખવો દુનિયામા અનેક અજાયબી છે પણ એક સૂક્ષ્મ બુદ્ધિના કવિને સૌથી વિશેષ અજાયબી નીચે પ્રમાણે જણાઇ છે.

સુખના સર્વે કરે પ્રયત્નો, દુ ખ ન ઇચ્છે કોઇ,
દુનિઆમા દુખિયા જન ઝાઝા, અજાયબી મે જોઇ

પ્રભુ સૌને તેમની લાયકાત પ્રમાણે આપે એવો ન્યાયી છે; માટે આપણે જે જે ન્યૂનતા હોય તેને માટે આપણી યોગ્યતા નથી એમ ગણી ચિત્તનુ સમાધાન કરવુ હરેક દુ ખ કે ન્યૂનતા માટે જ્ઞાન અથવા વિવેક દ્રષ્ટિથી ચિત્ત સમાધાન થઇ શકે છે. ભાવનગર કોલેજના પ્રોફેસર મી૦ ઉનવાળા ભાવનગર છોડીને ગયા પછી કેટલેક વર્ષે તેમનુ ભાવનગરમા ફરી આગમન થયુ. ત્યારે તેમના માનાર્થે કરેલા મેળાવડામા થએલા ભાષણોને અતે એ પૂજ્ય મહાત્માએ પોતાના તરફથી આપેલા પ્રતિ ઉત્તરમા જણાવ્યુ હતું કે, સગર રાજાને સાઠ હજાર પુત્રો હતા પરતુ મારે તો તેથી પણ અધિક છે. કેમકે મારા સખ્યાબધ શિષ્યો થઇ ગયા છે, ને તેમને હુ પુત્રરૂપે માનુ છુ.” જ્ઞાની મનુષ્ય પોતાના ચિત્તનુ કેવી રીતે સમાધાન કરી શકે છે તેનુ આ એક સર્વોત્તમ ઉદાહરણ છે. એમજ આ પુસ્તકના લેખકને પુત્ર ન હોવાથી માની લીધુ કે આ પુસ્તકની જેટલી પ્રતો છે તે બધી પુત્રારૂપે જુદા જુદા સ્થળના જુદા જુદા મનુષ્યોને ઉપયોગી થશે ને સસારના ઋણમાથી મુક્ત કરશે.

સારાંશ કે આ અસાર સંસારમાં જે દુખ કે ન્યૂનતા હોય તેને માટે બળાપો નહિ કરતાં ધીરજ ને વિવેકથી હરેક પ્રકારે ચિત્તનુ સમાધાન કરી સમભાવથી રહેવુ આપણી ઇચ્છાનુસાર કુદરતના સર્વ બનાવ બને એ અશક્ય છે, માટે કુદરતના સર્વ બનાવને આપણું મન તથા ઇચ્છા આધિન રહીને અનુસરે એવો શાતિદાયક માર્ગ ગ્રહણ કરવો.

લોકવાસના.

મનુષ્યને દેહવાસના, સ્ત્રીવાસના, પુત્રવાસના, દ્રવ્યવાસના, શાસ્ત્ર વાસના, ને લોકવાસના વગેરે અનેક વાસના મોહથી ભ્રમિત કરનારી ડાકણ રૂપે વળગે છે. તેમા સૌથી વધારે ભમાવનારી, નિષ્ફળ કરનારી ને ઊંડા ખાડામા નાખનારી લોકવાસના છે. સઘળા લોકો આપણને માન આપે, ચાહે ને વખાણે એવો જે અત કરણનો ભાવ તે લોક-વાસના કહેવાય છે લોકવાસનાથી પોતાની વિદ્યાનો પ્રકાશ કરે, દાનાદિમા દ્રવ્ય વાપરે, ભક્તિ વગેરે ધર્માચરણ પાળે કે જ્ઞાતિમા મોટા ખરચવરા કરે એવી મૂર્ખાઈ જોવામા આવે છે પારમાર્થિક કામ લોકવાસનાથી કરવુ એથી તેનુ વાસ્તવિક ફળ જાય છે, ને લોકમા સારૂ કહેવડાવવાનો ઉદ્દેશ કદી પાર નહિ પડે એવો છે એટલે તેમા પણ નિરાશ થવું પડે છે વ્યવહારમા ખરચવરા પોતાની હોસ કે ઉમગથી કરવામા આવે તો તે કઇક ઠીક છે, પરતુ એથી લોક આપણને મોટા ગણીને માન આપે એવી ઇચ્છા તો આકાશ પુષ્પની સુગધ મેળવવા જેવી છે. કેટલાક તો એવી દૃઢ લોકવાસનાવાળા હોય છે કે ગમે તેવુ અગત્યનુ કાર્ય હોય તોપણ લોક તરફથી તેમા વાહવા

કે વખાણ થાય એવું નહોય તો તે તરફ નજર પણ કરતા નથી. અને લોકમાં વખાણ પામવાના હેતુથી કોઇ કામમા ધર્મ કે નીતિને કોરે મૂકવી પડે તો તેમા પણ ચૂકે નહિ

કેટલાક દેશના રાજકર્તાઓ પણ અમુક ખાતાનો વહીવટ સારો ચલાવવાને બદલે લોકવાસનાથી કેળવણી, સુખાકારી, વગેરે ખાતામાં દર વરસે અમુક લાખ રૂ. ખરચાય છે એમ બતાવીને સતોષ માને છે. જયાં વધારે ખરચ થતો હોય તેની વડાઇ મનાય છે, પછી કામ ગમે તેવુ અધેર કે અવ્યવસ્થિત હોય તેની દરકાર નહિ.

લોકવાસનાને આધિન થઇ ઘણા ખરા પોતાની ખરી સ્થિતિ છુપાવીને બહારથી મિથ્યા ડોળ રાખે છે કેટલાક વેપારીઓ અને મોટી પેઢીવાળાઓ પોતાના ધધામા નુકશાન કે ખોટ જણાય તો તે છુપાવવાને અને પોતાની સ્થિતિ ઘણી સગીન કે સધન છે એમ લોકોમાં મનાવવાને સારૂ પોતાનો વૈભવ તથા ખરચ બહુ વધારતા ચાલ્યા જાય છે. પોતાની સ્થિતિ સારી જણાવવાને કેળવણી, નિરાશ્રીત, અશક્તાશ્રમ કે બીજા જાહેર ફડોમા મોટીમોટી રકમો ભરે છે મોટી મોટી જમણવારો ને ઠાઠમાઠવાળા વરઘોડાઓ કાઢે છે, તથા સુન્દર વાહનોમા બેસીને મોજ ભોગવે છે. આવો ઠાઠ જોઇને ભોળા મનુષ્યો ઠગાઇને તેને ત્યા પોતાના પૈસા જમા કરાવે છે કષ્ટ વેઠી કરકસરથી બચાવનાર તથા બિચારી રાડીરાડો તેના ઠાઠથી અજાઇને પોતાનો જીવનગારો તેને ત્યા સલામતી માનીને મૂકે છે પણ અતે તેઓ તેમના નામના છેડા વાળીને રાતદિવસ તેમના ઉપર ઊંડા નિસાસા નાખતા થાય છે જ્યારે પોતાની પોલપોલ ખૂબ દમામથી ચાલે છે

ને બીજા ભોળા લોક ભોળવાય છે, ત્યારે તે ખૂબ ફૂલાય છે. એવાને એક સ્વર્ગસ્થ કવિ નીચે પ્રમાણે ચેતાવે છે.—

ફેરવીરૂપ દગાથી ફસાવી, અરે નર અંતર ફોગટ ફુલે;
ભોળવીએ ભરમાવી ભલે પણ, ભોળપણે ફરીથી નહિ ભૂલે
છાનુ રહે નહિ છેક હમેશ, ખરેખરી વાત કદી પણ ખૂલે,
કાગળ હાડલી કોઇ કરે કદી, એકજવાર ચડે પણ ચૂલે.

અરે, ઓ લુચ્ચા ઠગ, તે લોકવાસનાથી ઇશ્વર, ધર્મ, નીતિ એ સર્વને ઊંચુ મુક્યુ છે તો પછી એવા બોધની તને લાગણી હોયજ ક્યાથી ? હે દુષ્ટ, તારા મનને પૂછ કે તે જે મોટી મોટી રકમો કીર્ત્તને સારૂ જાહેર ફડમા ભરી તે તારી કમાઇની હતી કે બિચારા ગરીબ કસરીયા ને વિધવા સ્ત્રીઓનુ લોહી નીચોવી આપ્યુ ? તારા લોકવાસનાવાળા ઠાઠમાઠના ન્યાતિવરા, વરઘોડા, ને સુદર વાહનોના ભોગને ધિક્કાર છે, અને તને એકવાર નહિ પણ અનેકવાર ધિક્કાર છે તુ સમજ્યો નહિ કે—

બહુવાર ટકશે નહિ, આ ઉપલકીયો ડોળ,
છતી આખે હુ અંધ થઇ, ચલવુ પોલપોલ.

હે દુષ્ટ, તુ તો કદી તારા જેવા ઠગવીર (ઠગવામા બહાદુર) પુરૂષે કેદ ને લોકલાજથી બચવાને આ જમાનાના છેલ્લા દાયકામા કરેલી નવી શોધ પ્રમાણે આત્મઘાત કરશે. પરંતુ તારાથી ફસાયલા ગરીબ જનોના ઉષ્ણ-અશ્રુના ટીપા મરણ પછી તારા સૂક્ષ્મ દેહને ચણુ ચણુ બાળશે

ધન, સત્તા, વિદ્યા, દાન, ધર્મ ને બળ એ જેમ ગુપ્ત રહે તેમ શ્રેયસ્કાર છે. સૂર્ય ઢાંકેલો ઢંકાતો નથી પણ પોતાના તેજથી પ્રગટ થાય છે, તેમ આપણી શક્તિ આપો આપ બહાર પડે તો તે પણ જે હોય તેથી ન્યુન જાહેરમા આવે તો તે ઉત્તમ ને શાતિદાયક છે. હોય તેટલી બહાર પડે તો તે મધ્યમ ને ઉપાધિ વર્ધક છે. પરતુ હોય તેથી પાચ કે દશગણી ફેલાવવાનો પોતાનો પ્રયત્ન તે કનિષ્ટ છે. એથી આ લોકમા અધમાવસ્થા ને પરલોકમા અધોગતિની પ્રાપ્તિ થાય છે

ઇંગ્રેજી ભાષામાં "પ્લેન લીવીગ, એન્ડ હાયથીંગ" એવું સૂત્ર છે તેનો સક્ષેપમા ભાવાર્થ એવો છે કે 'જીવન સાદુ ને વિચાર શ્રેષ્ટ' રાખવા એ ઉત્તમ મનુષ્યનુ ભૂષણ છે.

લોક સ્વભાવ એવો હોય છે કે કોઇ કામ સર્વાનુમતે પસદ થતું નથી. કોઇ પરોપકારનું કામ થતુ હોય છે ત્યારે કોઇ કહે છે કે એ કામની કઇંજ જરૂર નથી. એના કરતાં તો અમુક કામ કર્યું હોત તો તે વધારે ઉપયોગી થઇ પડત. એમ સૌ સૌની મરજી પ્રમાણે વિચાર જણાવે છે અજ્ઞાન માણસને જેમ લોકવાસનાનો મોહ હોય છે તેમ લોકનો એવો સ્વભાવ હોય છે કે દરેક કામમા સ્વાર્થ કે ઇર્ષાથી કાંઇ પણ ખોડ ખામી કે વિરૂદ્ધ વિચાર દર્શાવવો આથીજ અનુભવીની કહેવત છે કે "જગત્ કદી જીતાતુ નથી" મોટા ખરચવરા કરનાર કે બીજા મોટાઇ મેળવવાનાં કામ કરનારને પણ તેની વ્યવસ્થામાં અપૂર્ણતા કે કામમા ખોડ કાઢી લોકોમા તેની ભૂલોનુ વર્ણન થતુ સાંભળવામા આવે છે ત્યારે તેમને યશ મેળ-

વવાની ઇચ્છામાં નિરાશ થવું પડે છે. જે કામ કર્તવ્ય તરીકે હોય તે કરવાની ફરજ સમજીને કરવુ. કર્તવ્ય તેમજ અકર્તવ્યનો નિર્ણય શાસ્ત્ર વચન, વિદ્વાનોના કથન, મહાત્માઓના બોધ, ને અનુભવી. ઓની સલાહથી કરવો. શ્રી ગીતાજીમાં નિષ્કામ ભાવથી કર્તવ્ય કરવાની આજ્ઞા છે. પરલોક સંબધી ફળની પણ ઇચ્છા કરવાની મના છે. તો પછી અત્રેની લોક વાસના જે કેવળ તુચ્છ ને ઠગારી છે તેની ઇચ્છા રાખવી એ મોટી મૂર્ખાઇ છે.

લોકમાં સારૂં કહેવડાવવાની ઇચ્છા મનમાથી કાઢી નાંખવી. એ વિષયમાં મોટા જ્ઞાની કે સમર્થ સત્તાધારી કોઇપણ સફળ થયા નથી. રામચંદ્રજી જેવા ઇશ્વરી અવતારમાં પણ કોઇએ ખોડખામી કાઢવાની બાકી રાખી નથી. તો પછી સાધારણ માણસે લોકવાસના માટે ઉત્સુક રહેવુ એ કેવળ દુઃખદ છે. લોક સમુહ તેજ દુનિઆ એવા નામથી ઓળખાય છે. એ દુનિઆ, ઇશ્વરની રચનામાં કે કુદરતમા પણ બડબડાટ કરવાને તેમજ અપવાદ મુકવાને ચુકતી નથી. કેટલેક પ્રસગે લોક કહે છે કે દૈવને કંઇ દયા છે ? ઇશ્વર મારી-નાંખવા બેઠો છે ત્યાં શુ કરીએ ? ઇશ્વરને ત્યા ક્યાં ન્યાય છે ! ધર્મીને ઘેર ધાડ ને કસાઇને ત્યાં કુશળતા છે, એવા એવા વચનોથી ઇશ્વર ઉપર પણ આક્ષેપો કે અપવાદ મુકવાને ચુકતા નથી, તો પછી આ-પણા જેવા પામર મનુષ્યે દુનીઆમા સારૂ કહેવડાવવાના ઉદ્દેશથીજ કોઇ કામ કરવુ એ કેવળ ભ્રમણા છે. દુનીઆની વિચિત્ર વાણી હોવાથી અનુભવીઓ કહે છે કે જગતને મોઢે ઢાંકણું નથી એક સુજ્ઞ કવિ દુનિયાનો સ્વભાવ ને સ્વરૂપ તથા રગ ને ઢંગ જોઇ તેને નીચે પ્રમાણે સબોધીને નવગજના નમસ્કાર કરી વિરામ પામે છે.

દોરંગી દુનિઆ.

(૫૬)

ગમતી નથી રીત તારીરે, દોરંગી દુનિયાં —(ટેક)
×દોરંગી કે દુરંગી, સાચે ન કોની સંગી,
જોઇ મે છેક કઢંગીરે, દોરંગી દુનિયા. (૧)
ગરજે મીઠી મધ જેવી, મરજે વિકાળ દેવી,
અરજે શિર ક્ષુરકે કેવીરે, દોરંગી દુનિયા. (૨)
નમતાને બહુ નમાવે, દિલગરીબનું દુખાવે,
ફાવે ત્યા જોર જણાવેરે, દોરંગી દુનિયા (૩)
જાતે જૂઠાની જૂઠી, તુ કોના ઉપર તૂઠી ?
લાયકને લેતી લૂટીરે, દોરંગી દુનિયા (૪)
નહિ તારૂં રૂપ કળાએ, નહિ તારૂં માપ થાએ,
બહુ રૂપી તુ સદાએરે, દોરંગી દુનિયા. (૫)
હારી હરિ હાથ જોડુ, હથિયાર કાન છોડું,
તારો સંબંધ તોડુ રે, દોરંગી દુનિયા (૬)

મહાન્ સિકંદરે પોતાના ગુરુ એરીસ્ટોટલને પૂછ્યુ કે દુનિયા કોને કહેવી ? ગુરુએ જવાબ દીધો કે પરિણામે કઇ કામમા ન આવે એવા પ્રતિબિંબને માટે સદા લક્ષમાં રાખવુ કે દુનિયા એ કંઇજ નથી.

× બે રંગવાળી કે નઠારા રંગવાળી.

૭૯

સેવક વર્ગ

હાલ દરેક મનુષ્યની વૃત્તિ વૈભવ અને એશઆરામ તરફ વધતી જાય છે. વૈભવથી શરીર નાજુક ને નિર્બળ થતુ જાય છે, એથી દરેકને પોતાના માથાનુ કામ બીજા પાસે કરાવવાની ઇચ્છા ઉત્પન થાય છે. આના પરિણામમા નોકર ચાકર ને મજુરની વધારે જરૂર પડે છે શારીરિક મેહેનત કરનારા વર્ગમાંથી ઘણા ખરા શરીર બળથી થતુ કામકાજ નીચુ ગણી તેને છોડતા જાય છે. કેટલાક મોજ શોખથી નિર્બળ થવાથી તે કામ કરી શકતા નથી, અને કેટ-લાક મોટાઇને ખાતર શારીરિક મેહેનત છોડીને બીજા કામકાજમા જોડાતા જાય છે, વળી વધારે કમાણી કરવાના હેતુથી કેટલાક દૂર દેશાવર ઉપડી જાય છે. આથી સેવક વર્ગ બહુ સકોચાતો જાા છે. સેવક વર્ગને કામે લગાડનારાઓને સેવ્ય વર્ગની સજ્ઞા આપીશુ. ઉપર કહ્યા પ્રમાણે દરેક માણસની પ્રકૃતિ વૈભવી થઇ જવાથી તે કોમળ ને નિર્બળ થવાથી સેવ્યવર્ગ વૃદ્ધિ પામતો જાય છે. એટલે સાધારણ બોલીમા કહીએ તો નોકર રહેનારા માણસો ઘટતા જાય છે, ને નોકર રાખનારા માણસો બહુ વધતા જાય છે, આથી નોકરોની બહુ તગી આવી પડી છે. હરેક વસ્તુની જાત થોડી હોય ત્યારે તેની મોઘવારી થઇ વધારે કીંમત આપવી પડે છે. સુરતથી ત્રણ ચાર માઇલને અંતરના એક ગામમા આ લેખકને જવાનો પ્રસગ આવ્યો હતો. તે ગામમા આશરે બે હજાર માણસ ની વસ્તી છે ને મુખ્ય ધધો ખેતીનો ચાલે છે. ત્યાંના બે ત્રણ મુખ્ય ખેડૂતોએ વાતચીનમાં નીચે પ્રમાણે હકીકત જણાવી.

અમારા ગામમાં ત્રીશ ચાલીશ વર્ષ ઉપર માત્ર ચારપાંચ ઘર વાળા ખેતીના કામ માટે ચાકર રાખતા હતા, ને બીજા બધા જાતે ખેતીનું કામ કરતા હતા. હાલ આશરે પોણોસો ઘેર ચાકર રાખવામાં આવેલા છે. પહેલાં ચાકરને માત્ર પંદર કે વીશ રૂપીઆ પ્રથમ ધીરવા પડતા હતા, અને હાલ સવાસોથી દોઢસો પ્રથમ આપવા પડે છે, ને તે છતાં તે વારવાર નાશભાગ કરીને ત્રાસ આપે છે. વળી ખેતીના કામ માટે મજુર મળતાં નવી, અને તેમને પહેલા કરતાં બમણા કે અઢીગણા રોજ આપવા પડે છે, તે છતાં તેઓ મન દઇને શરીર વાળીને કામ કરતાં નથી. તેઓ કામ ઉપર બહુ મોડા આવે છે ને કયારે વખત થાય કે ઘેર ચાલ્યા જઇએ એવી દાનત રાખે છે. એક રોજના છ આના લીધા તેમાં મે કેટલુ કામ કર્યું તે વિષે ઇશ્વરને ઓળખીને પણ વિચાર કરતા નથી. આથી ખેતીના ધધામાં કંઇ પરવડતું નથી ને જમીન ખેડવાની છોડી દેવાનો વખત આવ્યો છે.

આરભમાં જે સેવ્ય વર્ગ વધતો જાય છે ને સેવક વર્ગ ઘટતો જાય છે એવી હકીકત લખવામા આવી છે તેને આ ગામના ખેડૂતોએ જણાવેલી હકીગતથી પૂર્ણ સાબીતી મળે છે. આનો ઉપાય એટલોજ છે કે ખેડૂતોએ હાલનો મોજીલો સ્વભાવ છોડીને પોતાના બાપદાદાની પેઠે ખેતીનુ કામકાજ જાતેજ કરી લેવુ જોઇએ.

સેવકવર્ગમાં પહેલાંના જેવી નીમકહલાલી બીલકુલ જોવામા આવતી નથી. અગાઉ એક માણસ શેઠને ત્યા નોકર રહે તો તે પોતાની આખી જીદગી તેને ત્યાં પૂરી કરતો એવું બહુ જોવામાં આવતું હતું. અને હાલ એક આખું વરસ પૂરૂ કરે તો તે બહુ

ગણાય છે. શેઠના ઘરની વફાદારીથી કાળજી રાખવી તથા ધણીના કુટુંબના માણસોથી જુદા નહિ પડવુ એવો સ્નેહ તો હાલ જોવામાં આવતોજ નથી. જ્યાં ત્યાંથી વધારે પૈસા મેળવવાની ફીકરમાં રહે છે ને વખતે લાગ ફાવે તો શેઠના ઘરમાથી કોઇ નોકર હાથ પણ મારી જાય છે.

બુદ્ધિબળથી કામ કરનાર માણસો સહેજ મળી આવે છે પરંતુ હાલ પટાવાળા, ઘરકામના નોકર ચાકર, ગાડીવાનો, રસોઇયા ને મજુર વર્ગના માણસો મેળવવામાં બહુ મુશ્કેલી પડે છે. તેઓ મોં માગ્યા પૈસા લે છે તે છતાં આપણું મન તેમનાથી અસંતોષિત રહે છે. કેમકે ઇશ્વરને ઓળખીને લીધેલા પૈસાના પ્રમાણમા નિમકહલાલીથી કામ કરતા નથી. એમ છતા તેમને રાજી રાખવાની આપણને મોટી ફીકર રાખવી પડે છે. એટલે ચાકર રાખવો તે સ્વતંત્રતા ખોઇને પરતંત્રતા વહોરી લવા જેવુ છે.

અમીર ઉમરાવ ને જાગીરદાર તથા શેઠ શાહુકાર ને અમલદાર વર્ગ તો નોકરોનાં લાડ પૂરાં પાડીને તેમને મોં માગ્યા પગાર કે રોજ આપી શકે, પરંતુ ત્રણસેં ચારસેની વાર્ષિક પેદાશવાળા સાધારણ માણસ મોટાઇને ખાતર ચાકરનો વૈભવ દાખલ કરે છે તેનુ પરિણામ બહુ દુઃખદ થઇ પડે છે. ચાકર તથા મજુર વર્ગ પોતાના ભાવ બહુ ઊંચા ચડાવી બેઠા છે, ત્યારે સાધારણ સ્થિતિના માણસોએ તેમનો નાદ ઉતારવાને એવો દૃઢ નિશ્ચય રાખવો કે બનતા સુધી ઘરકામ માટે ચાકર વિના ચલાવી લેવું. ઉપલા વર્ગના લોક સારી પેદાશને લીધે મોજ ભોગવે છે. ને તેમના આશ્રયથી નોકર ચાકર વર્ગ પણ સારી પેદાશ કરી સુખી રહે છે; પરંતુ વચલા વર્ગના

સાધારણ માણસો જેમની માસિક પેદાશ ચાલીશ પચાશ રૂ. કે તેથી પણ ઓછી છે તેનો બહુ આવળ ફેટો છે. માટે તે વર્ગના માણસોએ ચેતીને સમજવાની જરૂર છે. માંદગી કે ખાસ અશક્તિના કારણ સિવાય મોટાઇને ખાતર ઘરકામને સારૂ ચાકર રાખવા નહિ. ઘર કામમાં ચાકર રાખવાથી નીચે પ્રમાણે ગેરફાયદા થાયછે.

૧ સ્વતંત્રતા ઘટીને પરતંત્રતા વધે છે.

૨ સ્વાશ્રયથી રહેવાનો સ્વભાવ બદલાઇને પરાશ્રયથી રહેવાની ટેવ પડે છે.

૩ શરીરની શક્તિ ઘટીને નિર્બળતા આવે છે

૪ શરીરને શ્રમ નહિ પડવાથી આરોગ્યતા ખોઇને રોગીપણુ વહોરવું પડે છે.

૫ વૈદ્ય કે ડાકટરનો આશ્રય લેવાની વિશેષ જરૂર પડે છે તેથી ખરચ વધે છે.

૬ ચાકર તરફનો વિશેષ ખરચ થવાથી ધનની શક્તિ ઘટે છે.

૭ ઘરકામની સ્વાભાવિક કસરત છોડવાથી કૃત્રિમ ને ખરચાળ કસરત માટે ફાંફા મારવા પડે છે

૮ જાતના જેવુ ચોકસ ને અનુકૂળ કામ થતુ નથી

૯ ચાકર બેકાળજીથી માથાઉતાર ગમે તેવુ પ્રતિકૂળ કામ કરે તેને ચલાવી લેવુ પડે છે

સેવકવર્ગમા પણ કોમળતા કે મોજીલાપણુ વધતુ જાય છે તેથી શરીરવાળીને મેહેનત કરવા ઉપર અભાવ થતો જાય છે ને એશ-આરામ ભોગવવા તરફ તેમનું વલણ રહે છે, વળી હાલના નોકરો એવા આપસ્વાર્થી હોય છે કે શેઠ હમેશાં તેની સગવડ સાચવે એવું

ઇચ્છે છે, ને પોતે શેઠની સગવડ સાચવવાની બેદરકારી રાખે છે. મારૂ શરીર સારૂ નથી, છોકરાને તાવ આવે છે, વહુ પીએર ગઇ છે ને સગામાં મરણુ થયુ છે એવાં એવા કારણો લાવીને મહિનામા દશ દહાડા વટાવના કાઢે છે ને તે સિવાય દરરોજ મોડુ વહેલુ આવવુ તે તો જુદું. આવા પ્રસંગમા શેઠને ઘેર કામની કેવી અડચણ પડતી હશે તેનો ખ્યાલ તે કરતા નથી વળી હમેશા છુટ કે આરામનો લાભ મળતો હોય ને કોઇ દહાડો કામનો બોજો કે દબાણુ વધારે આવી પડે તો તે સહન કરતા નથી ને મનમા કચવાય એવા નિમકહરામ હોય છે,

સેવકવર્ગનો એવો સ્વભાવ જોવામા આવે છે કે પોતાના વતનથી દૂર હોય ત્યા પાધરાદોર રહીને કામ કરે છે, ને વતનમા હોય ત્યારે સહેજ કે નજીવા કામમા રોકાઇને વારવાર રજા ભોગવે છે; તથા ઘણુ ખરૂ કામ ઉપર પણુ મોડા આવે છે વળી ઘરને બારણે હોય ત્યારે કામે આવે તો પણુ મન પોતાના ઘરના કામમાં ગુથાએલુ રાખે છે, એટલુજ નહિ પણુ સગામા લગ્ન, કુટુંબમાં મરણુ, કે સૂતક એવા એવા પ્રસગ જે વતનથી દૂર હોય તેને રોકાણુ કરતા નથી પણુ વતનમા રોકાણ કરે છે વતનથી દૂર હોય ત્યા ગમે તેવુ કષ્ટ હોય તે સહન કરે છે ને વતનમાં કામની બેદરકારી રાખે છે, બે દરકારી માટે ઠપકો દેતાં રીસાઇને ચાલવા માડે છે. એક ગૃહસ્થને ધધાર્થે કાઠિઆવાડમા રહેવાનુ થતું હતું. તેમણે ચાકર સબધી વાતચીતનો પ્રસગ નીકળતાં જણાવ્યુ કે "મારે ચાકરની જરૂર પડે છે ત્યારે વધારે પગાર

આપીને મારા વતનમાંથી કાઠિઆવાડ લઇ જાઉં છું. અને છોકરા ઓ ચાર છ મહિના વતનમાં રહેવાનાં હોય ત્યારે તેમની પાસે કાઠિઆવાડના નોકર લાવીને મૂકી જાઉં છું. આથી તેઓ ઠરીને રહે છે ને મન દઇને કામ કરે છે તથા પોતાના ઘર તરફ આવવાના ભાડાના ખરચને લીધે રીસાઇ જવાની ધાસ્તી રહેતી નથી."

નોકરના મોજીલા તથા એશઆરામી સ્વભાવને ઉત્તેજન આપવું નહિ. તેમને વતનમાં નોકરી હોય છે ત્યારે નોકરી ઉપર ઘણું ખરૂ મોડા આવે છે વળી નોકરી ઉપર આવ્યા પછી પણ ઘર સંબધી કામની ફીકરમા તેમનુ મન ગુથાએલુ રહે છે. જ્યારે તેઓ પોતાના ઘર, ન્યાતીલા ને સગા વહાલાથી દૂર હોય છે ત્યારે ઘણી ઉપાધિથી મુક્ત રહીને શાંતપણે પોતાનુ કામ કરી શકે છે. હલકા નોકરને પોષણ થાય એથી ઓછો પગાર આપવો નહિ એ વાસ્તવિક છે. પરંતુ કંપનીઓમા, મીલમા કારખાનામા કે બીજા ખાતામાં દેખરેખ રાખનાર, મેનેજર, સેક્રેટરી કે વ્યવસ્થાપકને બહુ ભારે પગાર આપવાથી તેઓ મોજીલાને વૈભવી થઇ જાય છે, કામ ઉપર બહુ થોડુ ધ્યાન આપે છે ને પોતાના માથાનુ કામ બીજા હાથ નીચેના માણસો પાસે કરાવી લે છે વળી સઘળા કારખાના કે ખાતામા માણસોની સખ્યા ત્રમણી કે ચારગણી વધેની જોવામાં આવે છે તેથી પણ નોકરોને જોઇએ તે કરતા વધારે આરામ ભોગવવાની ટેવ પડતી જાય છે.

સભા તથા મેળાવડા.

હાલ કામ કરવા કરતાં તેને માટે હોહા કરી મૂકવાનું વધતું જાય છે, અને સહેજસાજ કે નજીવા પ્રસંગોમા વારવાર મેળાવડા ને સભા ભરવાનો પ્રચાર દાખલ થયો છે, માટે જે તે સભામા જવુ અને ત્યાં ઓળખાવાના કે વખણાવાના હેતુથી, બીન જરૂરી લાંબા ભાષણ કરવાનો સ્વભાવ રાખવો નહિ જ્યાં જવાથી કંઇ પણ જ્ઞાનનો લાભ મળવાનો સંભવ હોય અથવા બીજો લાભ થાય એમ હોય તે સભામા જવુ. જ્યા જ્ઞાન મેળવવાના હેતુથી જવાનું થાય ત્યાં માત્ર ધ્યાનથી સાંભળવાનુ કે જોવાનું હોય છે જ્યારે આપણા જ્ઞાન કે અનુભવની માહીતી સભાને ખાસ જણાવવાની હોય, ત્યારે અતિ લબાણથી નહિ બોલતા ભાવાર્થ સમજાય તેમ સંક્ષેપમાં બોલવુ. સભામાં જે હાજર હોય તે પૈકી કોઇને માટે તેની સન્મુખમા તેની સ્તુતિનાં વચન બનતા સુધી બોલવાં નહિ. કેટલેક સ્થળે **सन्मुखे स्तुतिः ने विमुखे निंदा** નો આચાર જોવામાં આવે છે તે યોગ્ય નથી.

સભા, મેળાવડા, વ્યાખ્યાન, ને ભાષણ એમણે હાલ નાચ, તમાસા, નાટક, ને ફારસ જેવાં રૂપ ધારણ કર્યા છે લોકો માત્ર ગમતને ખાતર ત્યા ભેગા થાય છે. વ્યાખ્યાન કે ભાષણમાથી કંઇ ચિત્તમાં ગ્રહણ કરી લેવુ અને બીજે દિવસથી તે પ્રમાણે આચારમા મૂકવુ એવી જરા પણ કલ્પના જણાતી નથી. નાટકશાળા છોડયા પછી રસ્તે માત્ર એકટરોની પ્રશંસા કરતા ઘેર આવીને સૂઇ જાય છે ને તેમાંના બોધની દરકાર રાખતા નથી, તેમ વ્યાખ્યાન કે ભાષણનુ સ્થાન છોડીને ઘેર આવતા "મગનભાઈ બહુ બાહોશ

વક્તા છે પણ મણિભાઇની સ્પીચને ન વળગે. એમના ભાષણમાં સ્પષ્ટતાની સાથે જેમ ધાણી ફૂટે તેમ સપાટા બધ વાણી કાઢતા ચાલ્યા જાય છે ને સાંભળનારનુ દિલ રજન થઇ જાય છે" એવી એવી ભાષણની તુલનાને પ્રશસા કરતા આવીને વ્યાખ્યાનના ઉદ્દેશને આઘો મૂકી તેને એક તમાસાનુ રૂપ અપાતુ જોવામા આવે છે.

માન પાનના સમેલનમા ને વિદાયગીરીના મેળાવડામા અમુક માણસની સ્તુતિ સભામાના ઘણા ખરા માણસો વારાફરતી કરે છે, અને સભા વિસર્જન થઇને ઘેર જતા રસ્તે તેમના તરફથી વખતે તેનેજ માટે ટીકા ને હાસીના વચન ઉચરાતા જોવામા આવે છે. પ્રાચીન નીતિ એવી છે કે આત્મસ્તુતિ સાભળવી અને કોઇની સન્મુખમા તેની સ્તુતિ કરવી એ બહુ દોષરૂપ મનાય છે. હાલ એવી રીતિનો પ્રચાર છે કે સભામાના માણસો એક પછી એક અમુક માણસના ખરા કે ખોટા વખાણ કરે, ને તે પોતે ધ્યાન દઇને સાભળે, તે પછી પોતાનો સંતોષ બતાવીને સ્તુતિપાઠકોનો પોતાની સ્તુતિ કરવા માટે ઉપકાર દર્શાવે છે આ કાર્ય પ્રાચીન નીતિ અને વિવેકથી વિરુદ્ધ છે.

યોગ્ય કે અયોગ્યનો ભેદ રાખ્યા સિવાય દરેક અમલદારને જાહેર રીતે વિદાયગીરીનુ માન આપવાનો હડકવા દાખલ થયો છે. પોતાની ફરજમા ગભીર કસુર કરવાથી કે ભારે અપ્રમાણિકપણું ચલાવવાથી તેને બીજે સ્થળે બદલવાની જરૂર પડી હોય, એવા અમલદારને પણ ત્યાથી વિદાય થતી વખતે મોટા સમારભને ઠાઠથી માન અપાતું જોવામા આવ્યુ છે. પાછળથી નવી જગ્યાએથી

તે ડીસમિસ-અથવા ડીગ્રેડ થાય છે ત્યારેજ માન આપનારા ને માન સ્વીકારનારનુ ભોપાળુ પ્રગટ થાય છે સારા માઠા સૌને માટે મેળાવડાને માનપાન ચાલે છે, ત્યારે વાસ્તવિક રીતે માનપાત્ર કોને ગણવા એ મોટો સવાલ થઇ પડે છે. હાલનો જમાનો જોતાં એનો ખુલાસો એવો થઇ શકે છે કે જે પ્રમાણિકપણે નિસ્પૃહતા, ને સરળતાથી એક સીધે માર્ગે કામ કરનાર છે તેને માટે કોઇ મેળાવડા કરી તેને માન આપે તો તે પસદ કરતો નથી, માટે જે અમલદા-રને વાસ્તે માનપાનના મેળાવડા થતા નથી તેનેજ વધારે લાયક સમજવો.

જે સભાએ અમુક કાર્ય બજાવ્યું નથી પણ માત્ર ભાષણના ઝડાકાને તડાકાની ગર્જના ચલાવી જાણે મોટો મોરચો સર કર્યો હોય તેવો ખ્યાલ આપે છે તે માત્ર હબગ છે. સસાર સુધારા, દેશી કારીગરીને ઉત્તેજન, બોયકોટ, વફાદારી, દીલાસપત્ર, મહિલા પરિષદ્ વગેરે અનેક સભાઓ માત્ર મિથ્યાચારનુ દર્શનજ છે કેટ-લીક મંડળીઓમાં વાસ્તવિક કાર્ય કશુ થએલુ હોતું નથી, તે છતા વાર્ષિક રીપોર્ટમાં મોટા મોટા આકડાઓ નોંધીને જાહેરમા બાકા ફુકે છે તે એક જાતનો ફારસ છે

સુવર્ણને શોભાવવા માટે જેમ રસાયનની જરૂર પડતી નથી, તેમ લાયક માણુસની યોગ્યતા જાહેર થવા માટે સભા ભરીને તેની સ્તુતિ કરવાની જરૂર પડતી નથી, કોઇ માણુસની તેની સન્મુખમાં બહુ સ્તુતી કરવી તે હલકી ધાતુના પૂતળાને સુવર્ણના રસથી રસીને શોભાવવા જેવુ છે. એવી રીતે રમેલું અલ્પ સમય ઝગકીને ઝાંખ મારી જાય છે. શુદ્ધ સુવર્ણનું પૂતળું હોય તેને દીપાવવાને રસાયનની

જરૂર પડતી નથી, ને તે ચિરકાળ આપોઆપ દીપે છે. મહર્ષિમનુ, વસિષ્ટ, વ્યાસ, વાલ્મીકિ, અને મહારાજા હરિશ્ચંદ્ર, યુધિષ્ટિર, રામચંદ્રજી વગેરેને માટે મોટા મેળાવડા ભરીને તેમની સન્મુખમાં ભાગ્યેજ સ્તુતિ ગાવામા આવી હશે, તોપણ લાંબા સમયથી પૂજ્ય ભાવે તેઓની સ્તુતિ થાય છે ને હજુ ભવિષ્યમાં અધિક થશે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જેને માટે તેની સન્મુખમા ઘણી હોહા થાય છે તે હોહા અલ્પ સમયમાંજ સમી જાય છે

ધર્મસાર.

દરેક મનુષ્યમા ન્યૂન કે અધિક અંશે ધર્મની લાગણી સ્વાભાવિક રીતે રહે છે. ગૃહસ્થને પોતાનો ગૃહસ્થાશ્રમ ધર્માનુમાર ચલાવવાનો છે તેથી તેને ધર્મનુ આવશ્યક જ્ઞાન હોવાની જરૂર છે માટે સ્વાભાવિક ધર્મને અનુસરીને ધર્મના સાદા ને શાતિદાયક મૂળતત્વો અત્રે દર્શાવવામા આવે છે.

કોઇ પણ દેશમા સઘળા લોકો એકજ ધર્મ કોઇ પણ પ્રકારના મતમતાતર વિના પાળે એવુ કુદરતી રીતે બનવુ અશક્ય છે. માટે કોઇ પણ ધર્મ, પથ, કે મત ઉપર રાગદ્વેષની દૃષ્ટિ કરવી નહિ. પોતાની રૂચિને અનુકુળ પડતો ધર્મ સ્વીકારી તેને શ્રદ્ધા પૂર્વક પાળવો એજ કર્તવ્ય છે. બીજા ધર્મના દોષો જોવા ને તેને નિંદવો અને પોતાના ધર્મનાં વખાણ કરી બીજાને તેમાં લાવવા એ ભાંજગડમાં પડવુ દુખદાયક છે. મહારાજા અશોકે ગિરનારના પહાડની તળેટીમાં શકુઆકારના મોટા પત્થર ઉપર તેની ચારે તરફ મહાત્મા બુદ્ધની આજ્ઞાઓ પ્રાચીન લિપિમાં કોતરાવેલી છે તેમાંની

ધર્મ સંબંધી નીચેની આજ્ઞા બહુ લક્ષમાં રાખવા યોગ્ય છે. (૧) જુદા જુદા ધર્મ પાળનારે હળી મળીને રહેવું. (૨) પોતાનો મત બીજા પાસે પળાવવાનો આગ્રહ કરવો નહિ. (૩) જુદો ધર્મ પાળનાર પાસે કોઇએ પોતાના ધર્મનાં વખાણ કરવાં નહિ. (૪) પારકા ધર્મને વખોડવો નહિ.

જેને જ્યાં ગમે ત્યા તે રમે, એ સૂત્રને અનુસરતા કોઇ જુદા ધર્મવાળાનો દ્વેષ કરવો એ અજ્ઞાન છે ભગવાન વ્યાસજીનુ વચન છે કેઃ-

आकाशात्पतितं तोयं यथागच्छति सागरम् ।
सर्व देव नमस्कारः केशवं प्रतिगच्छति ॥

શિવ મહિમન્ સ્તોત્રમા પુષ્પદતે પણ એમજ કથેલુ છે .—

रुचीनां वैचित्र्यादृजु कुटिल नाना पथ जुषां ।
नृणामेकोगम्यस्त्वमसि पयसामर्णव इव ॥

વિવિધ રૂચિને લીધે માણસો સરળ કે કુટિલ ધર્મમાર્ગને સેવે છે, પણ નદીઓ જેમ સીધે કે વાંકે માર્ગે સમુદ્રમજ ભળે છે તેમ મનુષ્યોનો હેતુ નિશ્ચય તમને પામવાનો હોય છે.

સઘળા ધર્મના સ્થાપકોએ મનુષ્યની સદ્‌ગતિ થવાના ઉદ્દેશથી તે સ્થાપેલા છે. મનુષ્યની અધોગતિ ઇચ્છીને કોઇપણ ધર્મસ્થાપક ધર્મસ્થાપે નહિ એ તો સ્પષ્ટ છે. દેશની સ્થિતિ ને મનુષ્યની પ્રકૃતિનો વિચાર લેતાં તેમા ભિન્નતા આવે એ સ્વાભાવિક છે જુદાજુદા સ્થળની હવા, પાક તથા આસપાસના સંજોગોને અનુસરીને મનુષ્યના પોશાક, આહાર, ને રહેવાના ઘરની બાંધણીમાં ભિન્નતા આવે છે તેવીજ રીતે તેમના ધર્માચરણમા પણ ભિન્નતા

હોય છે. ગગા જમના જેવી નદીના રસાળ પ્રદેશમાં રહેનારા ઋષિ-ઓએ ત્રિકાળ સ્નાન તથા વનસ્પતિના ખોરાક ઉપર રહેવાનુ અનુકૂળ દર્શાવ્યુ છે, ત્યારે અરબસ્તાન જેવા રેતાળ ને સૂકા દેશમાં ધર્મસ્થાપકે માત્ર વજુ કરીને (હાથ પગ ધોઇને) નિમાજ પઢવાનું ને માંસાહારની છૂટ ઠરાવી છે. કોઇપણ ધર્મ કેવળ દોષયુક્ત હોયજ નહિ, તેમજ તેમા કઇપણ દોષનો અંશ નહિ હોય એમ પણ બને નહિ. શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતે પણ સ્વીકારેલુ છે કે **सर्वारंभाहिदोषेण धूमेनाग्निरिवा वृता**

આપણે કોઇ ધર્મના દોષ કાઢીશુ તો તે ધર્મના અનુયાયીઓ આપણા ધર્મના દોષો બહાર પાડશે, એટલે પરિણામે આપણે પોતેજ પોતાના ધર્મની બીજા પાસે નિંદા કરાવનારા થઇશુ. ધર્મના વાદવિ-વાદ વિષેનો તથા ટીલાંટપકા ને પોશાક વગેરે બાહ્ય ચિહ્નો વિષે અખા જ્ઞાનીનો નીચેનો બોધ બહુ કીમતી છે.

એકનુ થાપ્યુ બીજો હણે, અન્યથી આપને અધિકો ગણે.
અખાએ અધારો કુવો, ઝગડો ભાગી કોઇ ન મુવો.
સૂતર આવે તેમ તુ રહે, જયમ ત્યમ કરીને હરિને લહે.
વેશ ટેક છે આડી ગલી, માંહિ પેઠો ન શકે નીકળી.
આતમ સમજ્યો તે નર જતિ, શુ થયુ ધોળા–ભગવા વતિ.
ખોડે તોડે જોડે વાળ, એ તો સૌ ઉપલો જજાળ

ધર્મ કે પથના બાહ્ય ચિહ્નો એ ઉપલો આડબર છે તે વિષે તથા તેના ખરા ખોટાપણામા વિવેકીએ કાળક્ષેપ કરવો નહિ. સઘળા શાસ્ત્રોનો સાધારણ બોધ એવો છે કે નીચેના શ્રેયસ માર્ગને અનુસરવું

प्राणघातान्नि वृत्तिः पर धन हरणे सयंमः सत्य वाक्यम्
कालेशकत्या प्रदानं युवति जन कथा मूक भावः परेषाम्
तृष्णा स्रोतो विभंगो गुरुषुच विनयः सर्व भूतानुकम्पा
सामान्य सर्व शास्त्रेष्वनु पहत विधिः श्रेय सामेषा पन्था॰

ભાવાર્થ—પ્રાણિઓની હિંસાથી નિવૃત્તિ, પરધન હરણનો દૃઢ ત્યાગ, સત્ય ભાષણ, નિત્ય પ્રતિ યથાશક્તિ દાન, અન્ય જનોની સ્ત્રીઓની વાતોમા મૂગાપણું, તૃષ્ણાના ઝરણનો સારી રીતે નાશ, ગરૂજનોમા વિનય, અને સર્વ પ્રાણીઓપર દયા. આ સર્વ શાસ્ત્રોનો સામાન્ય અખડ વિધિ અને શ્રેયસનો માર્ગ છે

વૃષ્ટિના જળની પેઠે સીધે કે વાકે માર્ગે સમુદ્રમા ભળવુ તેવો સત્ શાસ્ત્રોનો ઉદ્દેશ મનુષ્યને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવવાનો છે. વેદોક્ત ધર્મમા જ્ઞાનવડે મોક્ષ કહ્યો છે જ્ઞાનની પ્રાપ્તિ માટે ચિત્ત શુદ્ધિ થવી જોઇએ અને ચિત્તશુદ્ધિનુ સાધન નિષ્કામકર્મ છે.

उभाभ्यामेव पक्षाभ्या यथा खे पक्षिणा गतिः ।
तथैव ज्ञानकर्मभ्या प्राप्यते शाश्वती गति॰ ॥

જેમ પક્ષીને આકાશમા ઉડવા માટે બે પાખોની જરૂર છે, તેમજ નિત્ય સુખની ઇચ્છાવાળા ગૃહસ્થને જ્ઞાન અને કર્મ (પરમાત્મા સબધી વિચાર ને સસાર વિચાર) એ બનેની આવસ્યક્તા છે. ગૃહ-સ્થને કર્મનો ત્યાગ કરવાનો નથી પણ તેના ફળનો ત્યાગ કરીને નિષ્કામ ભાવે કર્મ કરવાની જરૂર છે. શ્રીગીતાજીમાં કૃષ્ણપરમાત્મા સ્વમુખે જણાવે છે કે—

कर्मण्येवा धिकारस्ते, माफलेषु कदाचन ।

माकर्म फलहेतुर्भूर, माते संगोऽस्त्वकर्मणि ॥

તારો કર્મમાંજ અધિકાર હો, કર્મનાં ફળોમાં કદી પણ ન હો; તું કર્મનાં ફળોને ઉત્પન્ન કરનારો ન થા, તેમ કર્મ ન કરવામા પણ તારી પ્રીતિ ન થાઓ એવા નિષ્કામ કર્મોથી ચિત્તની શુદ્ધિ થાય છે ને તે બધનકારક થનાં નથી.

ब्रह्मण्याधाय कर्माणि, संगंत्यकृत्वा करोतियः ।

लिप्यतेन सपापेन, पद्मपत्र मिवांभसा ॥

જે પુરૂષ બ્રહ્મમાં અર્પણ કરીને તથા ફળની ઇચ્છાને તજીને કર્મો કરે છે તે, જળવડે કમળપત્રની પેઠે પાપથી લેપાતો નથી વળી એવા ઇશ્વરાર્પણ બુદ્ધિથી કરેલાં કર્મોરૂપી સેવાથી ઇશ્વર પ્રસન્ન થાય છે

यत्करोषि यदश्नासि, यज्जुहोषि ददासियत् ।

यत पस्यसि कौंतेय, तत्कुरुष्व मदर्पणम् ॥

હે કુતી પુત્ર જે કરે છે, જે ખાય છે, જે હોમ કરે છે, જે દાન કરે છે, ને જે તપ કરે છે તે મને અર્પણ કર. સારાશ કે સર્વ કર્મ ઇશ્વરાર્પણ બુદ્ધિથી કરવા.

સ્નાન, સધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, દેવતાઅર્ચન, અતિથિનો સત્કાર, દાન, તપ એ કર્મના મુખ્ય અગો છે. પ્રાતઃકાળે સૂર્યોદયથી ચાર ઘડી વહેલાં નિત્ય ઉઠવુ જોઇએ. સૂર્યોદય પછી સૂઇ રહેવાથી તન મન ને ધનની હાની થાય છે, માટે શરીર આરોગ્ય હોય ત્યારે વહેલુ ઉઠવાની ટેવ રખવી સધ્યાદિ કર્મ પોતાના અધિકારને અનુ

કુશતા પ્રમાણે પોતાના આચાર્ય, વડીલ, બીજા એ વિષયમા આગળ વધેલા અનુભવી માણસથી કે એ સંબંધી પુસ્તકોમાંથી જ્ઞાન મેળવી તે પ્રમાણે કરવાં.

પોતાના ઇષ્ટ દેવના મત્રનો જપ કરવો તે સ્થિર વૃત્તિથી અને તેના સ્વરૂપના ધ્યાન સહિત કરવો. વિવિધ વિચારના ભટકતા મનથી કરેલો જપ યોગ્ય ફળ દાયક થતો નથી. સ્વરૂપના ધ્યાન સાથે અન્યને કાને ન પડે એમ ગુપ્ત રીતે શાત ચિત્તે કરેલો જપ બહુ લાભકારક થાય છે. સ્વાધ્યાયમા શ્રીમદ્ભગવદ્ ગીતા, શિવ મહિમન્, વિષ્ણુ સહસ્ત્ર નામ, કે બીજા પોતાના ઇષ્ટ દેવના સ્તોત્રમાથી નિત્ય પાઠ કરવો થોડા ભાગનો પાઠ થાય તો હરકત નહિ, પરંતુ તેનો ભાવ હૃદયમાં રહે એમ થવું જોઇએ દેવતાર્ચનમા શિવ, વિષ્ણુ, સૂર્ય, અગ્નિ, ગણપતિ, દેવી, ગુરૂ કે મહાત્માનું ઇશ્વરભાવે પૂજન કરવું. પૂજામાં શ્રદ્ધાની વિશેષ જરૂર છે. બહુ ઉપચારને ભારે ઠાઠના આડંબરથી વિશેષ ફળ નથી. ગીતાજીમા પ્રભુ પોતાના પૂજનનું સુગમપણું નીચે પ્રમાણે જણાવે છે.—

पत्रं पुष्पं फलं तोयं, योमे भक्त्त्या प्रयच्छति ।

तदहं भक्त्यु पहृत, मश्नामि प्रयतात्मन ॥

જે મને ભક્તિવડે પત્ર, પુષ્પ, ફળ, કે જળ આપે છે તે શુદ્ધ બુદ્ધિવાળાના તે ભક્તિવડે અર્પણ કરેલાને હુ અગીકાર કરૂ છુ.

વળી પત્ર, પુષ્પ, ને જળ જેવી સહજ મળનારી વસ્તુઓ વિના પણ માનસિક પૂજન શ્રદ્ધાથી કરવામા આવે તો તે પણ સ્વીકારવામાં આવે છે.

સત્પાત્રને શ્રદ્ધાપૂર્વક યથાશક્તિ અન્ન વસ્ત્રનું સમર્પણ તેમજ દીન અશક્તને અન્નવસ્ત્રાદિ આપવાં તે દાનરૂપી શ્રેષ્ઠ કર્મ છે.

તપ રૂપી કર્મ શરીર, વાણી, ને મન વડે ત્રણ પ્રકારનું થાય છે. મહાત્માને વડીલનું પૂજન, શરીરની પવિત્રતા, સરલતા, સ્વસ્ત્રીમાં સંતોષ, અહિંસા, અસ્તેય (ચોરી ન કરવી), અપવાસાદિ વ્રત એ શરીર સંબંધી તપ છે.

સત્ય, સાંભળનારને ઉદ્વેગ નહિ કરનારૂ, પ્રિય લાગે એવુ ને હિતકારક વાકય બોલવુ, તથા ઇષ્ટ મંત્રનો જપ, ઇષ્ટ દેવતાના સ્તોત્રનો પાઠ, એ વાણીનુ તપ છે.

મનની પ્રસન્નતા, સર્વ પ્રાણિઓના હિતની ઇચ્છા, મનોનિગ્રહ, હૃદયની શુદ્ધિ એટલે કોઇ સાથે છળ કપટ ન કરવુ એ માનસિક એટલે મન વડે થનારૂ તપ છે.

આ સર્વ ક્રિયા શ્રદ્ધા પૂર્વક કરવી તે ભક્તિ અને એ કર્મ કરનાર ભક્ત કહેવાય છે. કર્મની ઉપાધિ ન્યૂન કરીને ભક્તિ કરવાની શ્રદ્ધાવાળા ઇશ્વરના ગુણ ગાવા, તેમના નામનુ સ્મરણ કરવુ, તેના ચરણમાં મન રાખવુ, તેના સ્વરૂપનુ ધ્યાન ધરવુ, તેને વંદન કરવુ, તેના પ્રત્યે દાસ ભાવ રાખવો, મિત્ર ભાવ રાખવો, અને મન સહિત શરીરાદિનુ સમર્પણ કરવુ એવા ભિન્ન ભિન્ન પ્રકારે ભક્તિ કરી શકે છે. નીચે પ્રમાણે દૈવી સંપત્તિ પ્રાપ્ત થાય ત્યારેજ તે વાસ્તવિક ભક્ત ગણાય છે. અભય, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાન, દાન, ઇન્દ્રિયનિગ્રહ, સ્વાધ્યાય, તપ, સરલતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ,

શાંતિ, નિદ્રારહિત, દયા, લઘુતા રહિત, ક્રૂરપણા રહિત, અસત્ કાર્યમા લોકલજ્જા. અચપળ પણું, તેજ, ક્ષમા, ધીરજ, પવિત્રતા, અદ્રોહ, પોતામાં પૂજ્યપણાની ભાવનાથી રહિત એ ભકતના મુખ્ય લક્ષણો છે

કર્મના અનુષ્ઠાનમા એક વાત ખાસ લક્ષમા રાખવાની છે કે ગમે તેવા ભટકતા મનથી અમુક ક્રિયા કરી જવી, અથવા અમુક પાઠ બબડી જઈને જયા ત્યાંથી માથેથી ભાર ઉતારવો એ તો નાટક કે પ્રારમ જેવુ છે. તદ્રુપ ભાવથી કર્મ કરવાથીજ તે વાસ્તવિક ફળ-દાતા થાય છે. ભગવાન્ શકરાચાર્યે સક્ષેપમા માત્ર એકજ શ્લોકમા આવશ્યક કર્મ નીચે પ્રમાણે દર્શાવ્યુ છે

गेयंगीता नाम सहस्त्र, ध्येयं श्रीपति रूप मजस्त्रम् ।

नेय सज्जन संगे चित्त, देय दीनजनाय च वित्तम् ॥

ગીતા ને ઇશ્વરના સહસ્ત્ર નામનો પાઠ ગાવા યોગ્ય છે, લક્ષ્મપતિ ભગવાનના સ્વરૂપનુ નિરતર ધ્યાન ધરવા યોગ્ય છે, સજ્જનના સમિપમા ચિત્ત લઇ જવા યોગ્ય છે, અને દીન જનને અન્નવસ્ત્રાદિ ઉપયોગી પદાર્થો આપવા યોગ્ય છે.

સઘળા શાસ્ત્રોનો સાર અતિ સક્ષેપમાં નીચેના બે વાકયોમાં આવી જાય છે. સત્ય બોલવાનુ મહાવ્રત પાળવુ ને બીજાનું ભલુ કરવુ એ મહા પુણ્યનું કર્મ છે, તથા અસત્ય બોલવુ ને બીજાને પીડા કરવી એના જેવુ મહા પાતક કઇ નથી. રૂચે તે પ્રમાણે કર્મનુ અનુષ્ઠાન વિસ્તાર કે સક્ષેપથી કરી શકાય, પરતુ કર્મના અનુષ્ઠાનથી ભક્તની મનોવૃત્તિ નીચે પ્રમાણે થાય તોજ તે કર્મ કરેલુ સાર્થક થાય.

ક્રોધનો દ્વેષ નહી કરનાર, સંતોષ–ક્ષમા કરુણા–મૈત્રીવાળો, ઇચ્છા–શોક સંગ–અહંકાર–મમતા રહીત,પોતાની નીંદા ને સ્તુતી–શત્રુને મિત્ર-માન તેમજ અપમાન–ટાઢ ને તાપ–સુખ તથા દુઃખ એમાં સમાનભાવ રાખનાર તેજ ખરો ભક્ત છે. પરમાત્માએ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં નીચેનાં લક્ષણવાળો ભક્ત પોતાને પ્રિય જણાવેલો છે.

यस्मान्नोद्वि–जंते लोको, लोकान्नोद्विज तेयः ।

हर्षामर्ष भयो द्वेगैर, मुक्तोयः सचमे प्रियः ॥

જેનાથી કોઇ પણ પ્રાણી ઉદ્વેગ પામતુ નથી, તથા જે કોઇ પણ પ્રાણીથી ઉદ્વેગ પામતો નથી અને જે હર્ષ, અદેખાઇ, ભય ને ઉદ્વેગથી મુક્ત છે તે મારો પ્રિય છે. એવા પ્રિય ભક્તને નીચેના વિધિથી આત્માનો સાક્ષાત્કાર થાય છે.

मत्कर्म कृन्मत्परमो, मद्भक्त' संग वर्जीतः ।

निर्वैरः सर्व भूतेषु, यःसमामेति पाडव ॥

મારે અર્થે કર્મ કરનારો, હુંજ જેને મુખ્ય છું એટલે મારૂંજ ધ્યાન ધરનારો, મારો ભક્ત એટલે મારીજ ઉપસના કરનારો, સગનો ત્યાગ કર્યો છે એવો, તથા સર્વ ભૂતોમાં વેર રહીત એટલે સર્વાત્મભા-વવાળો મને પામે છે. સગ ત્યાગ એટલે વ્યવહાર પક્ષે જરૂર જેટલો સંગ રહે, પરતુ મનથી સદા અસગ વૃત્તિ રહેવી જોઇએ. ભક્તની આવી સ્થિતિ થાય ત્યારે તે જીવન મુક્ત દશા પામીને નિરતર આ-નંદનો અનુભવ કરે છે.

જ્ઞાન માર્ગ.

કર્મ માર્ગ એ પ્રવૃત્તિ વાળો ધર્મ છે અને જ્ઞાનમાર્ગ નિવૃત્તિ વાળો ધર્મ છે. જ્ઞાનની પવિત્રતા વિષે શ્રીકૃષ્ણે પોતે શ્રીગીતાજીમા જણાવ્યુ છે કે—

नहि ज्ञानेन सदृशं, पवित्र मिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः, कालेनात्मनि विंदति ॥

ભાવાર્થ; નિશ્ચય, આ જગતમાં જ્ઞાન સમાન પવિત્ર બીજું કાંઇ વિદ્યમાન નથી. તે જ્ઞાનને લાંબેકાળે કરીને કર્મયોગવડે શુદ્ધ ચિત્ત વાળો થએલો પુરૂષ પોતે પોતામાં (અંત કરણમાં) પામે છે.

तेषांज्ञानी नित्य युक्त, एक भक्ति विंशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थ महंसच मम प्रियः ॥

તેઓમા નિત્ય સમાહિત ચિત્તવાળો તથા એક ભક્તિવાળો જ્ઞાની ઉત્કૃષ્ટ છે, કેમકે હુ જ્ઞાનીને બહુ વહાલો છુ અને તે મને બહુ વાહલો છે.

જ્ઞાનનો અધિકાર પ્રાપ્ત થવાને અંત કરણના મલ ને વિક્ષેપ એ બે દોષો દુર થવા જોઇએ. કરેલા કર્મ ઇશ્વરાર્પણ થવાથી અને નિષ્કામ ભાવે કર્મ કરવાથી મલ દોષ દુર થઇ ચિત્તની શુદ્ધિ થાય છે. ઉપાસનાથી વિક્ષેપ દોષ દુર થાય છે.

આવરણ એટલે સ્વસ્વરુપનુ અજ્ઞાન તે અંત કરણનો ત્રીજો દોષ છે, તેને દૂર કરવાને સ્વસ્વરૂપના જ્ઞાનની પ્રાપ્તિ થવી જોઇએ. મલ ને વિક્ષેપ એ બે દોષો દૂર થયા પછી જ્ઞાનની પ્રાપ્તિની યોગ્યતા અથવા અધિકાર પ્રાપ્ત થાય છે જ્ઞાનનો અધિકાર પ્રાપ્ત થયા પછી જ્ઞાન મેળવવાના અંતરંગ આઠ સાધનોથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ (શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરતિ ને તિતિક્ષા.) મુમુક્ષુતા, શ્રવણ, મનન, નિદિધ્યાસન, ને તત્ત્વપદાર્થ શોધન એ આઠ જ્ઞાન પ્રાપ્ત કરવાના અંતરંગ સાધન છે. એ દરેકનુ સ્વરૂપ સંક્ષેપમા નીચે જણાવવામા આવ્યુ છે.

૧. આત્મા અવિનાશી ને ક્રિયારહિત છે તથા જગત આત્માથી પ્રતિકૂળ એટલે વિપરીત સ્વભાવવાળું, વિનાશી, ને વિકારી છે એવી સમજ તે વિવેક છે. એ વિવેક સર્વ સાધનોનુ મૂળ છે. એથી નિત્ય અને અનિત્યનુ જ્ઞાન થાય છે.

૨ આ લોકના તેમજ બ્રહ્મલોક સુધીના સુખ ભોગોને કાકવિષ્ટા સમાન ગણીને તેમા ઉદાસીનતા રાખવી તે વૈરાગ્ય કહેવાય છે. વૈરાગ્યની પ્રાપ્તિ માટે વિષયોમાં દોષોનુ દર્શન કરવાનુ શ્રીગીતાજીમાં આ પ્રમાણે કહ્યુ છે—

येहि सस्पर्शजा भोगा, दुःख योनय एव ते ।
आद्यतवतः कौंतये, न तेषु रमते बुधः ॥

વિષય અને ઇંદ્રિયોના સબંધથી ઉપજનારા જેટલા ભોગો (સુખો) છે તેઓ નક્કી દુખના મૂળજ છે, તે આવે ને જાય એવા સ્વભાવવાળા છે. હે અર્જુન, વિવેકી પુરૂષ તેમા રમતો નથી

૩. જ્ઞાન પ્રાપ્તિનુ ત્રીજુ સાધન ષટ્ સપત્તિ છે. તેમા શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરતિ ને તિતિક્ષા એ છ અંગો હોવાથી દરેક અંગનુ સ્વરૂપ ભિન્નભિન્ન દર્શાવવામા આવે છે.

શમ—મનોનિગ્રહ એટલે વિષયોથી મનને રોકવુ તે.

દમ-ઇંદ્રિયનિગ્રહ એટલે વિષયોથી ઇંદ્રિયોના સમુહને રોકવો તે.

શ્રદ્ધા-શ્રીગુરુના તથા વેદાંતના વચનો સત્ય છે એવો વિશ્વાસ.

સમાધાન-મનની ચંચળતા દૂર કરીને ચિત્તવૃત્તિઓને બ્રહ્મને વિષે જોડવી તે.

ઉપરતિ-વિષયોનો ત્યાગ કર્યા પછી પ્રાપ્ત થએલા વિષયોના ભોગની ઇચ્છાનો અભાવ તથા વિષયને વિષ સમાન માની તેને જોઇ ગ્લાની પામવી તે.

તિતિક્ષા-ટાઢ ને તાપ, ભૂખ ને તરસ તથા સુખ દુઃખ વગેરે સહન કરવા તે

૪. જ્ઞાન પ્રાપ્તિનું ચોથું સાધન મુમુક્ષુતા એટલે મોક્ષની તીવ્ર ઇચ્છા થવી તે બંધની નિવૃત્તિ ને બ્રહ્મની પ્રાપ્તિ તે મોક્ષ કહેવાય છે.

૫ મું સાધન શ્રવણ એટલે વેદાંતવાક્યના તાત્પર્યનો યુક્તિથી નિશ્ચય કરવો તે

૬ ઠું મનન એ જીવ બ્રહ્મના અભેદની સાધક અને ભેદની બાધક યુક્તિઓથી અદ્વિતીય બ્રહ્મનું ચિંતન કરવું તે

૭ મું નિદિધ્યાસન એટલે અનાત્માકાર વૃત્તિના આવરણથી રહિત બ્રહ્માકાર વૃત્તિની સ્થિતિ થવી તે

૮ મું તત્વ પદાર્થ શોધન એટલે ઇશ્વરના ને જીવના નિરુપાધિક સ્વરૂપનો અભેદ વિચારવો તે.

આ જ્ઞાનનાં સાધન સંપન્ન થયા પછી સાધકને નીચેનાં જ્ઞાનનાં શ્રુતિ વચનોનો સાક્ષાત્કાર થાય છે.

ऋते ज्ञानान्न मुक्तिः (જ્ઞાન વિના મુક્તિ નથી)
सत्यं ज्ञानमन्तं ब्रह्म (સત્ય, જ્ઞાન, ને અનતરૂપ બ્રહ્મ છે.)
प्रज्ञानं ब्रह्म. (જીવ બ્રહ્મ છે.)
सर्वंखल्विदं ब्रह्म (નિશ્ચય આ સર્વ બ્રહ્મ છે)
ब्रह्म सत्य जगन्मिथ्या जीवो ब्रह्मैव केवलम्
(બ્રહ્મ સત્ય ને જગત્ મિથ્યા છે, જીવ કેવળ બ્રહ્મજ છે.
अत्र ब्रह्म समुश्नुते (જ્ઞાની અહીંજ બ્રહ્મને પ્રાપ્ત થાય છે
आनंद ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन.
(બ્રહ્મ સ્વરૂપ આનંદને જાણનાર કોઇથી ભય પામતો નથી.)
ईशावास्य मिद सर्वं (આ સર્વ કલ્પિત જગત્ ઇશ્વર વડે આચ્છાદન કરવા યોગ્ય છે.)
अयमात्मा ब्रह्म (આ જીવ બ્રહ્મ છે.)
द्वितीयाद्वै भयं भवति (બીજાથી નિશ્ચય ભય છે)
तमेव विदित्वाऽति मृत्युमेति नान्य' पथा विद्यतेऽयनाय
(તે પરમાત્માને જાણીને પુરૂષ મુક્તિને પામે છે, મોક્ષને માટે અન્ય ઉપાય નથી)
ब्रह्मवेद ब्रह्मैव भवति (જે બ્રહ્મને અનુભવે છે તે બ્રહ્મજ થાય છે)
तरतिशोकं आत्मवित् (આત્માને અનુભવનાર શોકને તરે છે.)
तत्त्वमसि (તે બ્રહ્મ તુ છે.)
अहं ब्रह्मास्मि (હુ બ્રહ્મ છુ)

જ્ઞાનની પ્રાપ્તિ થવાથી દિવ્ય દૃષ્ટિ, મનોનાશ ને વાસના ક્ષય થાય છે. ક્લેશનુ કારણુ અજ્ઞાન નાશ પામે છે ને સંસારસુખ વંધ્યાના પુત્રવત્ તથા જગત્ નાટકરૂપ ભાસે છે. તેને પરમાત્મા સચ્ચિદાનંદ રૂપે, એક, આદિ અંતરહિત, પૂર્ણ, નામ તથા રૂપાદિ ભેદરહિત, ઉત્પત્તિ આદિ ષડ્વિકાર રહિત અનુભવાય છે. પીંડ ને બ્રહ્માંડની એકતા ભાસે છે. રામ રાવણુના તથા પાંડવ–કૌરવના યુદ્ધને પોતાના પિંડમાં સદ્‌વૃત્તિ ને અસદ્‌વૃત્તિના યુદ્ધરૂપે ઘટાવે છે. મુક્તિની પ્રાપ્તિ સારૂ અમુક સ્થળે જવાની તેને જરૂર લાગતી નથી.

तनुं त्यजतु वा तीर्थेश्वपच स्वगृहेऽथवा ।
ज्ञान संप्राप्ति समये मुक्त एवा मलाशयः॥
नमोक्षो नभसः पृष्टे न पाताले, न भूतले ।
सर्वाशा संक्षये चेतः क्षयो मोक्ष इहेष्यते ॥

જ્ઞાની તીર્થમા શરીર તજે, વા ચાંડાલના ઘરમા તજે, તે નિર્મળ હૃદયવાળો જ્ઞાનની પ્રાપ્તિના સમયથી મુક્તજ છે આકાશના પૃષ્ટમા મોક્ષ નથી, પાતાળમા મોક્ષ નથી, પૃથ્વી ઉપર અમુક સ્થળે મોક્ષ નથી, પણુ સર્વ આશાઓનો સારી રાતે ક્ષય થયે સને જે ચિત્તનો નાશ થાય છે, તેજ મોક્ષ છે એમ અહીં અંગીકાર કરાય છે.

એવા જ્ઞાની તીર્થયાત્રા કરે છે તો તે વિવિધ સ્થળના પર્વત, નદી, વનસ્પતિ, વગેરે કુદરતી અનેક રચના નીહાળીને આસ્તિકતા તથા શ્રદ્ધાની દૃઢતાર્થે કરે છે તેમજ એકાંત રમણિય સ્થળમાં વાસ કરનાર જ્ઞાની મહાત્માના સમાગમાર્થે પ્રવાસ કરે છે. પ્રસંગે ભક્તિ-

ભાવથી કર્મને ઉપાસનામા દ્વૈતભાવની પ્રવૃત્તિ થાય છે તોપણ તેની બુદ્ધિનો નિશ્ચય નીચે પ્રમાણે રહે છે

देह दृष्ट्या तु दासोऽहम् जीव दृष्ट्यात्वदंशकः ।
वस्तुतस्तुत्वमेवाहम् इति मे निश्चिता मतिः ॥

દેહની દૃષ્ટિથી હુ પ્રભુનો દાસ છુ, જીવ દૃષ્ટિથી હુ તારો અંશ છુ, વાસ્તવિક રીતે તુજ હુ છુ એવા નિશ્ચયવાળી મારી બુદ્ધિ છે.

પરમભક્ત નરસિહ મ્હેતાએ પણ "જ્યા લગી આત્માતત્વ ચિન્હેો નહિ, ત્યાં લગી સાધના સર્વ જુઠી." એમ ગાઇને જ્ઞાનની શ્રેષ્ટતા દર્શાવી છે.

વળી જ્ઞાની તેમજ અનુભવી અખો સસારીનુ જ્ઞાન માર્ગ તરફ વલણ થવાને નીચે પ્રમાણે જ્ઞાન કથે છે —

આગળ સગુણ નિપજતુ જાય, પાછળ નિર્ગુણ થઇ ભૂસાય,
ત્યા લગી પૂજા ધૂપ પખાળ, જ્યા લગી ન જડી હરિની ભાળ
ગોળે મરે કા શોધે વખ, તપી ભમી કા પામે દખ,
પીંડ ન જોઇશ જોજે વસ્ત, અખા હરિ મળે હસ્તે હસ્ત
અખિલ જગત મુરતિ રામની, તેમા જ્ઞાની મુરતિ કામની,
જડથી ચૈતન મૂરતિ ભલી, પણ જ્ઞાનીની સૌ ઉપલી
કારણ તેમાં એક વિશેષ, અખા હુ ન મળે જ્યા લેશ.
બ્રહ્મજ્ઞાન એવુ છે અખા, જ્યા નહિ સ્વામી સેવક સખા
ત્યમ જીવ શિવ વસ્તુગત એક, અહતા કેરી લાગી ટેક.
અખા પરમેશ્વર જોતા અસો, કહ્યો ન જાય કોણે કશો.

કોણુ કળે ને કોને કળે, એક વડે સઘળા ચળવળે.
જેમ મેઘ બહુ બુદે કરી, ઘનને બુદ જુએ કયમ ફરી.
જો તું જીવતો કર્તા હરિ, જો તુ શિવ તો વસ્તુ ખરી
ઓળખ આપ× હવડાં હરિ મળે, જો બાહ્યથી અતરગત વળે.

આત્મજ્ઞાનથી બુદ્ધિ સ્થિર થાય છે. દુખમાં ઉદ્વેગરહિત, સુખમા ઇચ્છારહિત, રાગ, ભય, તથા ક્રોધ જેના નાશ પામ્યા છે, સવ પદાર્થોમા સ્નેહરાહત, તથા પ્રિયાપ્રિય વિષયને પામીને તેને વખાણુતો નથી તેમ દ્વેષ કરતો નથી તેની બુદ્ધિ સ્થિર છે એમ જાણુવુ. સ્થિર બુદ્ધિવાળાને શાંત મળે છે.

विहाय कामान्य सर्वान्, पुमांश्चरति निस्पृहः ।
निर्ममो निरहंकारः, सशाति मधि गच्छाति ॥

જે પુરૂષ સર્વ કામનાઓને તજીને નિસ્પૃહ, નિર્મળ ને નિરહ-કાર થઇ વિચરે છે, તે શાતિને પામે છે. શાતિની પ્રાપ્તિથી સર્વત્ર આત્મભાવ થવાથી પરમાત્મા પ્રત્યક્ષ અનુભવાય છે

योमा पश्यति सर्वत्र, सर्वं च मयि पश्यति ।
तस्याह न प्रणश्यामि, सचमे न प्रणश्यति ॥

જે સર્વત્ર મને દેખે છે, અને સર્વને મારા વિષે દેખે છે, તેને હુ દૂર નથી અને તે મને પણુ દૂર નથી આ રીતે પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

तद्बुद्धय स्तदात्मान, स्तान्निष्टा स्तत्परायणाः ।
गच्छंत्य पुनरावृत्तिं, ज्ञान निर्धूतकल्मषाः ॥

× પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણુ.

તે પરબ્રહ્મમાંજ જેને બુદ્ધિ છે, તેજ જેનો આત્મા છે, તેમાજ જેની નિષ્ટા છે, તેનોજ જેને આશ્રય છે, અને જ્ઞાન વડે જેનાં પુણ્ય પાપરૂપ કર્મ નાશ પામ્યા છે, એવા પુરૂષો મોક્ષને પામે છે

ગૃહસ્થને મોક્ષની યોગ્યતાર્થે નીચેનો શુભ આશીર્વાદ આપીને ગૃહસ્થાશ્રમનું આ પ્રકરણ સમાપ્ત કરાય છે.

सर्वेऽत्र सुखिनः सतु सर्वे संतु निरामयाः ।

सर्वे भद्राणिपश्यंतु माकाश्चिद्‌दुःख माप्नुयात् ॥

આ સસારમાં સર્વે રોગરહિત થાઓ, સર્વે કલ્યાણને અનુભવા ને કોઇ દુખને ન પામો (તથાસ્તુ.)



વાનપ્રસ્થાશ્રમ.

આ તથા એની પછીના પ્રકરણમાં અનુક્રમે વાનપ્રસ્થ તથા સન્યાસીના ધર્મ સંક્ષેપમાં બતાવવામાં આવશે, તે વાંચીને વાનપ્રસ્થ તથા સન્યાસીઓ એ પ્રમાણે આચરે એવા હેતુથી લખ્યું નથી; પરંતુ ગૃહસ્થને ઉત્તર વયે એ આશ્રમમાં પ્રવેશ કરવાની ઇચ્છા થાય તો તેને માટે એ આશ્રમનાં લક્ષણ દર્શાવ્યાં છે, તેમજ કેવાં લક્ષણ વાળા વાનપ્રસ્થ તથા સંન્યાસી પ્રત્યે પૂજ્યભાવ રાખવો તેનું ગૃહસ્થને જ્ઞાન થવા માટે આ બેઉ આશ્રમનું દિગ્દર્શન કરાવ્યુ છે.

ગૃહસ્થાશ્રમથી શ્રેષ્ઠ ને સંન્યાસાશ્રમથી ઉતરતો વાનપ્રસ્થાશ્રમ છે. કલિયુગમાં એનો નિષેધ મનાય છે તથાપિ સમયને અનુસરતા ધર્મથી એ આશ્રમમા રહેવાય તો તે શાંતિદાયક છે. આખુ આયુષ્ય ગૃહસ્થાશ્રમના કુસકા ને છાલાં ખાંડવામાં વ્યતિત કરવું, તે કરતાં તેના ઉત્તર ભાગમા મનુષ્ય જેવા ઉત્તમ દેહને સફળ કરવાની ઇચ્છા કરવી તે આવશ્યક છે.

કોઇ પ્રવાસી તૃષાતુર હોય તે શ્રમ કરીને કૂવાની શોધ કરે પછી દોરી લોટાનું સાધન મેળવી તે વડે જળ મેળવવાનો યત્ન કરી તેને કૂવામાં મૂકે છે, પણ સઘળા શ્રમનું ફળ જે જળ પ્રાપ્તિ તે તો દોરીના અંતભાગની રક્ષા ઉપર છે. જો દોરીનો અંતભાગ પ્રમાદથી સચવાય નહિ તો તે ઝટ કૂવામા ચાલ્યો જાય છે, આથી પોતાનું સાધન ગુમાવાય છે ને શ્રમ વ્યર્થ જાય છે તથા તૃષાની પીડા નિરાશાથી વધે છે. આ દૃષ્ટાંતના સિદ્ધાંતમા સંસારરૂપી અરણ્યમાં મનુષ્ય પ્રવાસી છે, ને જળરૂપ જ્ઞાનામૃતની તૃષા છે. કૂવાને સ્થળે જ્ઞાનના

નિધિ રૂપ મહાત્મા છે. જળના પાત્રને સ્થળે શુદ્ધચિત્ત દોરી તે આયુષ્ય છે. એ આયુષ્યના (પાછલા સમય) અતભાગને પ્રમાદથી વહી જવા દેવાથી પેલા તૃષાતુર પ્રવાસીના જેવી મનુષ્યની અવસ્થા થાય છે.

વાનપ્રસ્થ વનમા કે વસ્તીથી થોડે દૂર અથવા પોતાના ઘરના એકાત ભાગમા રહી શકે. સ્થૂળ શરીરને બહારનુ એકાંતપણું થોડોજ લાભ કરે છે અતરથી મનની નિર્લેપતારૂપ એકાંતથી વાસ્તવિક લાભ થાય છે. મન વડે એકાંતનુ અનેકાત થાય છે ને અનેકાતનુ એકાત થાય છે. ઘરની જજાળથી કટાળીને ત્યાગી થએલો માણસ વનમાં ઝુપડી બાધીને રહ્યો, ત્યા તેની પોથીને ઉંદરે કાતરવા માંડી ત્યારે પોથીના રક્ષણ સારૂ બિલાડી રાખી, બિલાડીને માટે દૂધની જરૂર પડી તેથી એક ગાય પાળી, ગાયના પોષણના ઘાસચારા માટે જમીન લીધી આ રીતે એકાતમા આવનાર વધારે જજાળી થયો. માટે ઘરમા નિર્લેપ ભાવથી રહેવાય એવુ મન કેળવાય તો તે વિશેષ લાભકારક છે મન વશ થયુ ન હોય તો તે એકાતમાં પણ માયાને વશ થઇ એકાત કરી નાંખે છે.

વાનપ્રસ્થાશ્રમમા પ્રવેશ કરવાનો સમય પચાશ વર્ષની વય પછી ને સાઠ વર્ષની વય થતા પહેલાનો છે આ સમય સસારથી નિવૃત્ત થવાનો છે પણ કેટલાક અવિચારી પુરૂષો એ પ્રસગમા લગ્ન કરી સસારમા પ્રવૃત્ત થવાનો આરભ કરે છે. પુત્રૈષણા, લોકૈષણા, વિત્તૈષણાદિ જે ધુમાડાના બાચકા સમાન વ્યર્થ છે તેનો વિશેષ ત્યાગ કરવો જોઇએ. સસારમાં સુખ ભોગ ને શાતિ મેળવવામા આયુષ્યનો ઘણો ભાગ ગાળી નાખ્યો તો પણ તેમા સુખ કે શાતિ મળી નહિ;

અને હવે અંત ભાગમાં તે મેળવવાની મિથ્યા આશામાં રૂધાઇ રહેવું તે અજ્ઞાનતા છે. સંસાર સુખની વ્યર્થ લાલસા તજીને શાંતિથી ઇશ્વર ભક્તિ કે તત્વચિંતન કરી આનંદનો અનુભવ કરવાનો લાહવો લેવો જોઇએ. સંસારની જંજાળ એવી છે કે છૂટવું હોય તો આજે છૂટી શકાય, ને અનુકૂળતા શોધે તો સો વર્ષે પણ છૂટવાનો પ્રસંગ આવે નહિ, કેમકે સંસારમાં એક ઉપાધિનો અંત આવતાં પહેલાં બીજી ઉપાધિ આવીને ઉભી રહે છે. પોતાની પ્રજા કે પુત્રની પ્રજા સંબંધી અનેક ચિંતાનો અંત આવે એમ નથી, પરંતુ આપણી હયાતી ન હોય ત્યારે ઇશ્વરેચ્છાથી જેમ વ્યવસ્થા થવાની હશે તેવીજ હાલ પણ થશે એવી શ્રદ્ધા રાખવી જોઇએ. સંસારના શુભાશુભ પ્રસંગથી તથા દ્રવ્ય પ્રાપ્તિ કે હાનિ સંબંધી ફીકરથી તેણે અવશ્ય મુક્ત થવું જોઇએ. જરૂર તેમજ ઇચ્છા હોય તો માત્ર પોષણ જેટલી અલ્પ પ્રવૃત્તિ રાખી શકાય.

સદાર અને અદાર એમ બે પ્રકારના વાનપ્રસ્થ થઇ શકે છે. સ્ત્રી હયાત હોય ને તેની ઇચ્છાથી તે વિરક્તભાવે સાથે રહે તે સદાર, અને સ્ત્રીરહિત તે અદારવાનપ્રસ્થ કહેવાય છે, વાનપ્રસ્થે વિવિધ રંગનાં કે કીમતી વસ્ત્રો વાપરવાં નહિ. સાદાં વસ્ત્રો ને સુક્ષ્મ આહારથી શેષ આયુષ્ય નીભાવવું. લસણ, ડુંગરી, ગાજર, તમાકુ, ભાંગ, ગાંજો, ને અફીણાદિ કેફી વસ્તુનો કદી ઉપયોગ કરવો નહિ. તેમજ મરચું, આમલી, તેલ, છાશ, કઢી ને સોપારી એ પદાર્થોનો જેમ બને તેમ ન્યૂન ઉપયોગ કરવો એક ભુક્તા રહી અથવા વ્રત ઉપવાસાદિથી શરીરનું શોષણ કરી ઇંદ્રિયોનો નિગ્રહ કરવો. શ્રદ્ધા પ્રમાણે નિત્ય કર્મ કરવું ને આત્મજ્ઞાન સંબંધી પુસ્તકોનું વાચન કે

શ્રવણ કરવું. ઇચ્છાને અનુકૂળતા હોય તો લોકહિતના કાર્યમાં પ્રવૃત્ત થવુ, પરંતુ કોઇ કાર્યમાં મમતાપૂર્વક મચેલા રહેવુ નહિ. માનરહિત, દંભરહિત, અહિંસા, ક્ષમા, સરલતા, પવિત્રતા, સ્થિરતા, ઇંદ્રિયોના વિષયોમાં વૈરાગ્ય એ સદ્‌ગુણોનું પાલન કરવું. સંસારમાં જન્મ, વ્યાધિ, વૃદ્ધાવસ્થા, મૃત્યુ ને વ્યવહારના અનેક ક્લેશોનું વારવાર સ્મરણ કરી મનોનિગ્રહ કરવો, વળી એકાંત સ્થળનુ સેવન, વિષયી જનોના સમાગમમા અપ્રિતિ તથા અધ્યાત્મજ્ઞાનમાં નિષ્ઠા રાખવી એ વાનપ્રસ્થોનું મુખ્ય લક્ષણુ છે

યોગ્ય વયે સંસારના વ્યવહારમાંથી મન કાઢી નાંખવું તથા ધધારોજગારથી નિવૃત્ત થવુ અથવા નોકરીમાંથી છૂટા થવુ કે પેન્શન લેવુ એ વાનપ્રસ્થનુંજ અગ છે. એથી કુદરતી રીતે આરામ, શાતિ ને જીંદગીનુ સાર્થક કરવાનો પ્રસગ મળે છે, એ લાભ નહિ લેતાં કેટલાક પેન્શનરો બીજા ધધા કે નોકરીમા જોડાય છે એ પસંદ કરવા જેવુ નથી. જેને અહોનિશ સસાર તથા કુટુમજાળનુ ચિતવન રહેતું હોય તથા સસારની અસારતા તથા મિથ્યાપણુ સમજાયુ નહિ હોય તેઓએ ધધામા જોડાયલા રહેવુ એ ઠીક છે. સસારમા રચી પચી રહેલા મનુષ્યને "નવરો બેઠો નખાદ વાળે" એ કહેવત મુજબ ધધામાં જોડાયલા રહેવુ એ સારૂ છે

વાનપ્રસ્થ સ્થિતિવાળાએ એકાંતને અસગમાંજ આનદ અનુભવવો જોઇએ. આમત્રણુ થાય અથવા ખાસ કારણુ હોય ત્યારેજ ધધાની પ્રવૃત્તિવાળા ગૃહસ્થને ત્યા જવુ, અને એવે પ્રસગે પણુ ત્યાં જરૂર પ્રમાણે થોડો સમય બેસવું. પ્રવૃત્તિવાળાને નિવૃત્તિવાળાનો અધિક સમાગમ રૂચતો નથી તેથી ખાસ કારણુ વિના તેમની પાસે

જવાથી નિવૃત્તિમાર્ગનો અનાદર થાય છે માટે એવો પ્રસગ આવવા દેવો નહિ.

બ્રહ્મરૂપ વનમાં મનની સ્થિતિ કરાવવી શરીર તથા ઇંદ્રિયો તેમજ મનના સંસાર ભણીના વેગો શમાવી દઇને તેમના બ્રહ્મ ભણીના વેગો વધારવા સદા પ્રયત્ન કરવો એથી વાનપ્રસ્થ અવ- સ્થાનું સાર્થક થાય છે



સન્યાસાશ્રમ.

વૈદિક ધર્મને અનુસરી જ્ઞાનમાર્ગે વિચાર કરતાં ચારે આશ્રમમાં ચતુર્થાશ્રમ એટલે સંન્યાસાશ્રમ શ્રેષ્ટ છે, તેમ એ આશ્રમના ધર્મનું પાલન બહુ કઠણ છે. હાલના વૈભવીકાળ ને મોહકસગમા એનુ પાલન થવુ અતિ મુસ્કેલ છે. વળી લોકોની વૃત્તિને સ્થિતિમાં પણ રૂપાંતર થઇ ગયુ છે, માટે સપૂર્ણાશે વૈરાગ્ય વૃત્તિ થાય તોજ એ આશ્રમ સ્વીકારવો. એમાં અભય ને શાન્તિનો વાસ્તવિક અનુભવ થાય છે. રાગ તથા ત્યાગ બેઉનો પૂર્ણ અનુભવ લેનાર મહારાજા ભર્તૃહરિ પણ કહે છે કે **सर्वे वस्तु भयान्वितं भुविनृणां वैराग्य मेवाभयम** સઘળી વસ્તુ ભયવાળી છે, માત્ર વૈરાગ્યમાં અભય છે. રાગમાં ભય ને ત્યાગમાં શાંત અનુભવાય છે. અખો જ્ઞાની પણ એવુજ કથે છે:—

જો ઉપજે તો ભલો વૈરાગ્ય, બીજાં કૃત્યનો ન છબે પાગ.
જો વૈરાગ્ય દેખાડે કરી, એ તો મન કરી મશ્કરી
જતિ કહાવે તો મનને જીત, બાકી જે કરશે તે રીત.
પડે નહિ જે પૃથ્વી સૂએ, કને નહિ તો કહો શું ખૂએ.

તીવ્રતમ વૈરાગ્ય ઉપજેથી ચતુર્થાશ્રમ એટલે સન્યાસાશ્રમમાં પ્રવેશ કરી શકાય છે. બ્રહ્મચર્યાશ્રમ કે ગૃહસ્થાશ્રમમાંથી પણ સંન્યાસ લઇ શકાય છે, પરંતુ સામાન્ય મનુષ્યને ગૃહસ્થાશ્રમનો અનુભવ કરવાથીજ વૈરાગ્યની દૃઢતા થાય છે માત્ર ભગવા વસ્ત્રથીજ સન્યાસ ગણાતો નથી.

ज्ञेय:स नित्य संन्यासी, यो न द्वेष्टि न कांक्षति ।
निर्द्वंद्वो हि महाबाहो, सुखं बंधात् प्रमुच्यते ॥

જે દ્વેષ કરતો નથી, ઇચ્છા કરતો નથી, તે નિત્ય સંન્યાસી જાણવો. કેમકે હે મહા બાહો, રાગ દ્વેષ રહિત સહજે બંધથી છૂટે છે

न कर्मणा न प्रजया न धनेन, त्यागेनैके मृतत्वमानशुरिति

કર્મવડે, પ્રજાવડે, કે ધનવડે મોક્ષની પ્રાપ્તિ થતી નથી, એક ત્યાગ વડેજ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આત્મજ્ઞાન સપાદન કરવા માટે જે સંન્યાસ ગ્રહણ કરવામાં આવે છે તે વિવિદિષા સન્યાસ કહેવાય છે ત્રણ ઋણ આપીને સંબધી જનોનો સગ છોડીને મમતા ને અહંકાર રહિત થઇ ઘરનો ત્યાગ કરી સંન્યાસ ગ્રહણ કરાય છે. ઘરનો ત્યાગ કરીને સ્વચ્છંદે ભટકવાનું નથી પરંતુ સન્યાસનુ મુખ્ય સ્વરૂપ તથા ધર્મ નીચે પ્રમાણે છે તેને દૃઢતાથી અનુસરવુ.

લોકૈષણા, પુત્રૈષણા, ને વિત્તૈષણાનો નિઃશેષ ત્યાગ કરવો.
મન, વાણી, ને શરીરને નિરંતર નિયમમાં રાખવાં.
પ્રણવનો જપ કિંવા બ્રહ્મ ધ્યાનમાં તત્પર રહેવુ
અભેદજ્ઞાન રૂપી દંડ ધારણ કરવો
કીમતી ધાતુનાં પાત્ર કે પદાર્થો ઉપયોગમાં લેવા નહિ.
દેહના રક્ષણ જેટલા સાદાં વસ્ત્ર રાખવાં.
ચાતુર માસમાં એક સ્થળે નિવાસ કરવો
ગૃહસ્થને ઘેર ભિક્ષાર્થે જવુ તો નીચી દૃષ્ટિથી અલ્પ સમય
ઉભા રહેવુ. કોઇની સાથે વાદ કરવો નહિ
સર્વે પ્રાણિઓને અભય આપવું; કોઇનો તિરસ્કાર કરવો નહિ.
અહંતા તથા મમતાને ઉત્તરોત્તર શિથિલ કરતા રહેવુ.
રાત્રે બહાર નીકળવુ નહિ.
ગૃહસ્થને ત્યાં રાત્રી ગાળવી નહિ.
બળદ કે ઘોડા વગેરે જોડેલા હોય તેવા વાહનમા બેસવુ નહિ.
નીચી દૃષ્ટિ રાખીને ચાલવું.
રાત્રે ભોજન કે જળપાન કરવુ નહિ.
દ્રવ્યનો સંગ્રહ રાખવો નહિ.
સંસારીઓથી નિઃસ્પૃહ રહેવુ.
સ્ત્રીને અગ્નિની ઝાળ ગણી તેનાથી અતિ દૂર રહેવુ.
સાત્વિકને સૂક્ષ્મ આહાર એક વખત લેવો.
સંસારીનો વિશેષ સમાગમ રાખવો નહિ.
દર્શનાર્થે આવનારને તેમનાં કર્તવ્યનો બોધ આપવો.
આત્મનિષ્ઠાની દૃઢતા રાખવી.

શૂન્યાગાર, દેવગ્રહ, પર્ણકુટી, વૃક્ષમૂળ, કોતર, (ભૂમિની માંહે) નદીતીરે, કંદરા (પર્વતની ગુફા), પર્વતની ખીણ, કોટર (વૃક્ષના બખોલ), ઉઘાડી જગ્યા, અથવા એકાંત સ્થળમા વાસ કરવો.

સંસારીનો વિશેષ સમાગમ ત્યાગીને પતનરૂપ છે ગૃહસ્થો સંન્યાસીને પોતાને ઘેર પધરામણી કરાવી વિવિધ મિષ્ટાન્ન આરોગાવે છે. ઘોડાગાડીમા બેસાડીને વાડી બગલાની મોજ કરાવે છે ને કીમતી વસ્ત્રો ભગવા રંગી તે અર્પણ કરીને વૈભવમાં ફસાવે છે. આથી સંન્યાસીના સમાગમથી ગૃહસ્થો પોતાનું શ્રેય કરવાને બદલે સંન્યાસીને તેમના ધર્મથી ભ્રષ્ટ કરે છે ગૃહસ્થે સંન્યાસીને ભિક્ષાર્થે આમંત્રણ કરવુ તો ભિક્ષા કરાવીને વિશેષ રોકાણ કરવુ નહિ. પોતાના કર્તવ્યને અનુસરી જરૂર જેટલો સમાગમ કરવો. તેમની પાસેથી જ્ઞાન કે બોધનો લાભ મેળવવો હોય તો તેમની અનુકૂળતા પ્રમાણે તેમના આશ્રમે જઇ મેળવવો એજ હિતકર છે

માત્ર કાષ્ટ દંડ ને કાષાય વસ્ત્ર રૂપી બાહારના ચિન્હોમા સંન્યાસનુ સાર્થકપણું રહેલુ નથી. પરંતુ આ લોકના ભોગથી સ્વર્ગલોકને બ્રહ્મલોક સુધીના ભોગોની ઇચ્છાનો સુદઢ વૈરાગ્ય રૂપી ત્યાગ સેવવામાં તથા બ્રહ્માનુભવ કરવાને અત્યંત પ્રયત્નશીલ રહેવામાંજ સંન્યાસાશ્રમની સાર્થકતા રહી છે તે સદા લક્ષમાં રહેવુ જોઇએ.

इत्येषा वाङ्मयीपूजा श्रीमच्छंकरपादयोः ।
आर्पितातेनमेदेवः प्रीयतांचसदाशिवः ॥

સમાપ્ત.

ॐ

આ પુસ્તક મળવાનું ઠેકાણું.

કર્તા પાસેથી..................સુરત ગુર્જર ફળીયુ.

બુકસેલર કસનદાસ નારણદાસ...સુરત [illegible]

[illegible] પોસ્ટેજ મોકલવાથી બુક [illegible] ઘેર મળશે.